વર્ષ: 6 અંક: 18

16-31 માર્ચ, 2026 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર





ઈન્ડિયા એઆઈ - ઈમ્પેક્ટ સમિટ

## એઆઈ વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ભારતની નવી ઓળખ

AI IMPACT SUMMIT भारत 2026 INDIA

વિચારકોનો મહાસંગમ ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026 બન્યું એઆઈ ક્ષેત્રમાં ભારતના નેતૃત્વના ઉદ્ઘોષનો અવસર, જ્યાં દુનિયાને મળ્યું એઆઈનું 'માનવ' વિઝન...

ई-कॉपी के लिए QR स्कैन करें



# માતૃભૂમિથી જોડાયેલા, કર્મભૂમિમાં યોગદાન આપતા ભારતીયો



*'મન કી બાત' દેશ અને દેશવાસીઓની સિદ્ધિઓને આગળ લાવવાનું એક મજબૂત મંચ છે. દર મહિને 'મન કી બાત' માટે અનેક સૂચનો મળે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મોકલાયેલા વિવિધ સંદેશા દેશના ખૂણેખૂણે છુપાયેલી અદભૂત પ્રતિભાની જાણકારી આપે છે. વ્યક્તિગત સ્વાર્થથી ઉપર ઊઠીને સમાજ માટે કરાયેલા અનેક પ્રેરણાદાયી કાર્યોની ગાથાઓ 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા દેશભરમાં પહોંચે છે. 22 ફેબ્રુઆરીના કાર્યક્રમમાં એઆઈની સિદ્ધિઓથી લઈને ટી-20 વર્લ્ડ કપ સુધીના અનેક મહત્વના વિષયો પર ચર્ચા થઈ. અહીં રજૂ કરીએ છીએ મુખ્ય અંશ...*

- **ટર્નિંગ પોઈન્ટ:** ઘણા દેશોના નેતાઓ, ઉદ્યોગ જગતના લીડર, ઈનોવેટર અને સ્ટાર્ટઅપ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો એઆઈ ઈમ્પેક્ટ સમિટ માટે ભારત મંડપમમાં એકત્ર થયા. આગામી સમયમાં એઆઈની શક્તિનો ઉપયોગ દુનિયા કેવી રીતે કરશે, તે દિશામાં આ સમિટ એક ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો.

- **અદભૂત ક્ષમતા:** આ સમિટમાં દુનિયાએ એઆઈ ક્ષેત્રમાં ભારતની અદભૂત ક્ષમતા જોઈ. આ દરમિયાન ભારતે ત્રણ Made in India AI Models પણ લૉન્ચ કર્યા. આ અત્યાર સુધીની સૌથી મોટી એઆઈ સમિટ રહી, જેમાં યુવાઓનો ઉત્સાહ અને જોશ જોવા જેવો હતો.

- **ભારતીયોની વિશેષતા:** ભારતીયો જ્યાં પણ જાય છે, ત્યાં તેઓ પોતાની માતૃભૂમિના મૂળ સાથે જોડાયેલા રહે છે અને પોતાની કર્મભૂમિ, એટલે કે જે દેશમાં રહે છે, તેના વિકાસમાં યોગદાન આપે છે.

- **અંગદાન:** ભારતમાં અંગદાન અંગે જાગૃતિ સતત વધી રહી છે. આથી જરૂરિયાત ધરાવતા લોકોને મદદ મળી રહી છે અને સાથે જ દેશની મેડિકલ રિસર્ચને પણ બળ મળી રહ્યું છે. આ દિશામાં અનેક સંસ્થાઓ અને લોકો ઘણું સારું કામ કરી રહ્યા છે.

- **અમૃત મહોત્સવ:** આઝાદીના અમૃત મહોત્સવમાં મેં 'પંચ-પ્રણ'ની વાત કરી હતી, જેમાંની એક છે, ગુલામીની માનસિકતામાંથી મુક્તિ. આજે દેશ ગુલામીના પ્રતીકોને પાછળ મૂકી ભારતની સંસ્કૃતિ સાથે જોડાયેલી વસ્તુઓને મહત્વ આપવા લાગ્યો છે. આ દિશામાં રાષ્ટ્રપતિ ભવને પણ મહત્વનું પગલું ભર્યું અને 23 ફેબ્રુઆરીએ 'રાજાજી ઉત્સવ' મનાવ્યો.

- **સતર્ક રહેવાનું છે:** આપણે સતર્ક રહેવાનું છે અને ઠગોની જાળમાં ફસાવાનું નથી. KYC કે Re-KYC માત્ર બેંકની શાખા, અધિકૃત એપ અથવા ઓથોરાઈઝ્ડ માધ્યમથી જ કરવું. OTP, આધાર નંબર અથવા બેંક ખાતાની માહિતી કોઈને ન આપવી. પાસવર્ડ સમયાંતરે બદલતા રહેવા જોઈએ.

- **પરંપરા અને ટેકનોલોજી:** ખેડૂત માત્ર અન્નદાતા નથી. તેઓ ધરતીના સાચા સાધક છે. માટીને સોનામાં બદલવું શું હોય, તે આપણા ખેડૂતો પાસેથી શીખો. આજનો ખેડૂત પરંપરા અને ટેકનોલોજી, બંનેને સાથે લઈને આગળ વધી રહ્યો છે.

- **આસ્થાની ધારા:** મહાકુંભ હોય કે કેરળ કુંભ, તે માત્ર સ્નાનનું પર્વ નથી. તે સ્મૃતિનું જાગરણ છે, સંસ્કૃતિનું પુનઃસ્મરણ છે. ઉત્તરથી દક્ષિણ સુધી નદીઓ અલગ હોઈ શકે, કિનારા અલગ હોઈ શકે, પરંતુ આસ્થાની ધારા એક જ છે – એ જ ભારત છે.

- **લોકપ્રિય નેતા:** આપણા દેશમાં એવા લોકો હંમેશા પ્રજાના હૃદયમાં વસે છે, જેમણે સમાજના કલ્યાણ માટે કામ કર્યું હોય. જેમણે પોતાના સારા કાર્યોમાં લોકોને પ્રાથમિકતા આપી હોય. અમ્મા જયલલિતાજી એવાં જ એક લોકપ્રિય નેતા હતાં.

'મન કી બાત'ની સંપૂર્ણ આવૃત્તિ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

વર્ષ: 6 | અંક: 18 | 16-31 માર્ચ, 2026

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ




**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરો: @NISPIBIndia

# અંદરના પાનાં પર...





## કવર સ્ટોરી

ભારત-એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026માં, ભારતે તેના "માનવ" વિઝન દ્વારા માનવતાના લાભ માટે નવી ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે દર્શાવ્યું. આ વૈશ્વિક સમિટે સાબિત કર્યું કે ભારતમાં વૈશ્વિક એઆઈ ક્રાંતિનું નેતૃત્વ કરવાની ક્ષમતા અને સામર્થ્ય બંને છે... |10-27

**સેમિકન્ડક્ટર યૂનિટ**

## ચિપ નિર્માણમાં ભારત બનશે આત્મનિર્ભર



પીએમ મોદીએ ગુજરાતના સાણંદમાં માઈક્રોન ટેકનોલોજીના સેમિકન્ડક્ટર એસેમ્બલી, ટેસ્ટ અને પેકેજિંગ કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું |30-31

## નમો ભારતનો વિસ્તાર

**સુગમ યાત્રા, સમૃદ્ધિ અપાર**

પીએમ મોદીએ એક જ મંચ પરથી નમો ભારત રેપિડ રેલ અને મેટ્રો સેવાઓનું ઉદ્ઘાટન કર્યું |34-35




સમાચાર સાર |4-5

વ્યક્તિત્વ : સૂર્ય સેન
ચટગાંવ વિપ્લવના હીરો |6

સામર્થ્યને સશક્ત બનાવવાનો સતત પ્રયત્ન
ન્યૂઝ 18 રાઈઝિંગ ભારત શિખર સંમેલનમાં સંબોધન કરતા પીએમ મોદી |7

રાષ્ટ્રીય રસીકરણ દિવસ : સ્વસ્થ ભારતનો મજબૂત પાયો
રાજસ્થાનથી રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ અભિયાનની શરૂઆત |8-9

કેન્દ્રીય મંત્રીમંડળનો નિર્ણય : 'કરણ' બનશે હવે 'કરળમ'
સેવા તીર્થમાં કેન્દ્રીય મંત્રીમંડળની પ્રથમ બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય |28-29

મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર... જીવન થશે વધુ સરળ
તમિલનાડુ-પુડુચેરીને મળી 7,100 કરોડ રૂપિયાની ભેટો |32-33

બજેટ વેબિનાર... મોટા લક્ષ્ય તરફ આગળ વધવાનો એક તબક્કો
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બજેટ વેબિનારને સંબોધિત કર્યું |36-37

ભારતની શક્તિશાળી સમુદ્રી ક્રાંતિ
સાગરમાલા કાર્યક્રમથી બંદર વિકાસ અને કનેક્ટિવિટીને મળી મજબૂતી |38-39

રાષ્ટ્રપતિ ભવનમાં રાજાજી ઉત્સવ
રાષ્ટ્રપતિએ ચક્રવર્તી રાજગોપાલાચારીની પ્રતિમાનું અનાવરણ કર્યું |40-41

રાજસ્થાન વિકાસના નવા માર્ગ પર અગ્રેસર
રાજસ્થાનને પીએમ મોદીએ આપી 17,000 કરોડ રૂપિયાની વિકાસ ભેટો |42

પૂંજી અને સામર્થ્યની સંયુક્ત આર્થિક શક્તિ
કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નીની ચાર દિવસીય ભારત યાત્રા |43

રણનીતિક વિશ્વાસથી વૈશ્વિક નેતૃત્વ સુધી
ભારત-ફ્રાન્સ સહયોગમાં એક નવો અધ્યાય |44-45

વ્યૂહનીતિથી ઈનોવેશન સુધી ભારત-ઈઝરાયલ સંબંધ બન્યા વધુ મજબૂત
પીએમ નરેન્દ્ર મોદીની બે દિવસીય ઈઝરાયેલ યાત્રા |46-48



પ્રકાશક અને મુદ્રક: કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામું: રૂમ નંબર- 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

# સંપાદકની કલમે...

## માનવતા માટે એઆઈ

## વૈશ્વિક સહકારમાં ભારતની અગ્રણી ભૂમિકા

નમસ્કાર

નવી દિલ્હીના ભારત મંડપમમાં 16 થી 21 ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલી 'એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026' એ ભારતને વૈશ્વિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ચર્ચાના કેન્દ્રમાં સ્થાપિત કરી દીધું. 'સર્વજન હિતાય, સર્વજન સુખાય'ની ભાવનાથી પ્રેરિત આ ઐતિહાસિક આયોજનમાં 118 દેશોની ભાગીદારી અને 20થી વધુ રાષ્ટ્ર પ્રમુખોની હાજરીએ તેને વિશ્વસ્તરીય સફળ મંચ બનાવી દીધું. પાંચ લાખથી વધુ પ્રતિભાગી, 550થી વધુ પ્રિ-સમિટ કાર્યક્રમો, 100થી વધુ વૈશ્વિક એઆઈ લીડર્સ, 500થી વધુ નિષ્ણાતો અને 2.5 લાખ વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીએ તેને વિશ્વના સૌથી મોટા એઆઈ સમિટમાં સ્થાન અપાવ્યું. જવાબદાર અને નૈતિક એઆઈ પર વિદ્યાર્થીઓની ચર્ચાએ તો ગિનિઝ વર્લ્ડ રેકોર્ડ પણ સ્થાપિત કર્યો.

આ સમિટમાં ભારતે વિશ્વ સમક્ષ એઆઈને માનવતા માટે ઉપયોગી બનાવવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. 'ઈન્ડિયા એઆઈ મિશન' સામાન્ય જનહિત માટે જવાબદાર એઆઈને સુલભ બનાવી રહ્યું છે.


આ સમિટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણના વાયદા 250 અબજ ડોલરથી વધુ રહ્યા, જ્યારે ડીપ-ટેક વેન્ચર માટે આશરે 20 અબજ ડોલર ખર્ચવાની પ્રતિબદ્ધતા પણ જોવા મળી. આ ભારતના એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈકો સિસ્ટમમાં વધતા વૈશ્વિક વિશ્વાસનું પ્રમાણ છે.

એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026નું સમાપન 'નવી દિલ્હી ઘોષણા' સાથે થયું, જેમાં 91 દેશો અને સંસ્થાઓએ સાત સ્તંભો પર આધારિત સંયુક્ત વૈશ્વિક દ્રષ્ટિનું સમર્થન કર્યું. આ વિચારને આગળ વધારતા પ્રધાનમંત્રી મોદીએ એઆઈ માટે 'માનવ' વિઝન તથા વિકાસના મહત્વના પરિબળ તરીકે ટેકનોલોજીની ભૂમિકા પર ભાર મૂક્યો.

વિકસિત ભારતની યાત્રામાં એઆઈનું મહત્વ અને એ દિશામાં ભારતની રાષ્ટ્રીય પહેલ – આ વખતના અંકની અમારી કવર સ્ટોરી બની છે.

આ ઉપરાંત વ્યક્તિત્વની કડીમાં ચટગાંવ વિદ્રોહના નાયક સૂર્યસેન, ફ્લેગશિપમાં સાગરમાલા કાર્યક્રમ, રાષ્ટ્રીય રસીકરણ દિવસ નિમિત્તે વિશેષ સામગ્રી, કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણય, રાષ્ટ્રપતિ ભવનમાં ચક્રવર્તી રાજગોપાલાચારીની પ્રતિમાનું અનાવરણ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઈઝરાયલ પ્રવાસ સહિત તેમના પંદરેક દિવસના કાર્યક્રમોને પણ તેમાં ખાસ સામેલ કરાયા છે.

આ ઉપરાંત પત્રિકાના ઈનસાઈડ પેજ પર મન કી બાત અને બેક કવર પર 23 માર્ચના રોજ આવનારા શહીદ દિવસ અંગે વિશેષ સામગ્રી સમાવવામાં આવી છે.



(ધીરેન્દ્ર ઓઝા)

**હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

# આપની વાત...




## રાષ્ટ્રીય વિકાસ અને સરકારી પહેલ અંગે અપડેટ રહેવા માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ

ન્યૂ ઈન્ડિયા સમાચાર ખૂબ જ માહિતીપ્રદ સામયિક છે. અમારા કર્મચારીઓને લેટેસ્ટ રાષ્ટ્રીય વિકાસ અને સરકારી પહેલ અંગે અપડેટ રાખવામાં ખૂબ ઉપયોગી છે. તે સરકારના વિવિધ નિર્ણયો સમજવા જ્ઞાનવર્ધક સામયિક છે. હું ઈચ્છું છું કે આ સામયિક મને નિયમિત રીતે મળે, જેથી હું દેશમાં થઈ રહેલા વિકાસ કાર્યો અને યોજનાઓથી માહિતગાર રહી શકું.

meghalayashikshasamiti02@gmail.com

## યોજનાઓ અને વિકાસ કાર્યો વિશે જાણવાનું મંચ

ન્યૂ ઈન્ડિયા સમાચાર સામયિક દેશમાં ચાલતી કેન્દ્ર સરકારની યોજનાઓ, કાર્યક્રમો અને વિકાસ પ્રવૃત્તિ વિશે માહિતી મેળવવાનું ઉત્તમ માધ્યમ છે. આ સામયિક દ્વારા હું દેશમાં થઈ રહેલી વિકાસ પ્રવૃત્તિ વિશે જાણી શકું છું. આ એક ઉત્તમ સામયિક છે.

mhqchoutuppal@gmail.com

## વિદ્યાર્થીઓના સુવર્ણ ભવિષ્યમાં અમૂલ્ય યોગદાન

વિદ્યાર્થીઓના સુવર્ણ ભવિષ્યમાં ન્યૂ ઈન્ડિયા સમાચાર સામયિકનું યોગદાન અમૂલ્ય છે. અત્યાર સુધી રાજસ્થાન લોક સેવા આયોગની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ સાંપ્રત પ્રવાહોને જાણવા-સમજવા માટે બિનજરૂરી પુસ્તકોનો અભ્યાસ કરતા હતા. હાલ પ્રશ્નપત્રોમાં ફેરફાર કરાયો છે. આવા સમયમાં સાંપ્રત પ્રવાહોના વિષય માટે ન્યૂ ઈન્ડિયા સમાચારમાં પ્રકાશિત સમાચાર ખૂબ ઉપયોગી સાબિત થઈ રહ્યા છે. તેથી સંપાદક મહોદયને વિનંતી છે કે ખૂબ જ સાર-ગર્ભિત સામગ્રી આપીને લાખો બાળકોનું ભવિષ્ય સુવર્ણ બનાવતા રહો.

akshubishnoiraj@gmail.com

## યોજનાઓની માહિતી આપવામાં ખૂબ મદદરૂપ

મારું નામ તથાગત ભટ્ટાચાર્ય છે. હું પશ્ચિમ બંગાળના હાવડામાં રહું છું. મને ન્યૂ ઈન્ડિયા સમાચાર ખૂબ પસંદ છે. આ એક સારું સામયિક છે. આ મારા માટે દેશમાં ચાલી રહેલી વિકાસાત્મક પ્રવૃત્તિ અને યોજનાઓ વિશે જાણવામાં ખૂબ મદદરૂપ છે.

bhattacharyyatathagata6@gmail.com

## પરીક્ષાની તૈયારીમાં માહિતીનો વિશ્વસનીય સાથી

મારું નામ સૌરવ શર્મા છે. મને ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનના દરેક અંકની આતુરતાથી રાહ રહે છે. દરેક નવો અંક એવા વિષયો આવરી લે છે, જે આપણા દેશ અને લોકોના રોજિંદા જીવન સાથે જોડાયેલા હોય છે. આ મેગેઝિન પરીક્ષાની તૈયારી માટે પણ વિશ્વસનીય માહિતીનો ઉત્તમ સ્ત્રોત છે.

sharmasourav1261@gmail.com

પત્રવ્યવહાર અને ઈમેઈલ માટેનું એડ્રેસઃ રૂમ નં - 1077, સુચના ભવન, સીજીઓ કોમ્પ્લેક્ષ, નવી દિલ્હી- 110003
ઈમેઈલ - response-nis@pib.gov.in

ન્યૂ ઈન્ડિયા સમાચારને આકાશવાણીના એફએમ ગોલ્ડ પર દર શનિવાર-રવિવાર બપોરે 3.10થી 3.25 સુધી સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

## રાષ્ટ્રપતિએ સ્વદેશી લાઈટ વેઈટ ફાઈટર ચોપર 'પ્રચંડ'માં ભરી ઉડાન



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ 21 ફેબ્રુઆરીએ રાજસ્થાનના જેસલમેર વાયુસેના સ્ટેશન પર સ્વદેશી લાઈટ વેઈટ ફાઈટર હેલિકોપ્ટર પ્રચંડમાં ઉડાન ભરી. એ પહેલા રાષ્ટ્રપતિએ વર્ષ 2023 અને 2025માં સુખોઈ-30 એમકેઆઈ અને રાફેલમાં પણ ઉડાન ભરી હતી. આ વખતે તેમણે ગ્રૂપ કેપ્ટન નયન શાંતિલાલ બહુઆ સાથે લગભગ 25 મિનિટનું મિશન પૂરું કર્યું, જેમાં ગડીસર સરોવર અને જેસલમેર કિલ્લા પરથી ઉડાન ભરાઈ અને એક ટેન્ક પર હુમલો પણ કરાયો. આ ઉડાન બાદ રાષ્ટ્રપતિએ જણાવ્યું કે,'સ્વદેશી લાઈટ વેઈટ ફાઈટર હેલિકોપ્ટર પ્રચંડમાં ઉડાન ભરવી મારા માટે અનોખો અનુભવ રહ્યો. હું ભારતીય વાયુસેનાને સફળ આયોજન માટે અભિનંદન પાઠવું છું. આ ઉડાને મને દેશની સુરક્ષા ક્ષમતા પર ફરી એકવાર ગર્વનો અનુભવ કરાવ્યો. હું ભારતીય વાયુસેના સ્ટેશન જેસલમેરની સમગ્ર ટીમનો, આ ઉડાનના સફળ આયોજન બદલ, અભિનંદન પાઠવું છું.'

## તમિલનાડુના ખેડૂતોને મળ્યું વૈશ્વિક મંચ



કૃષિ નિકાસ ક્ષેત્રમાં ભારતે ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. તમિલનાડુમાંથી કેનેડા માટે જી.આઈ. ટેગ ધરાવતા પ્રથમ સલેમ સાબુદાણાની ખેપ મોકલાઈ છે. આ નિકાસથી ટેપિઓકા સાબુદાણા ઉગાડતા આદિવાસી સમાજ સહિત ઘણા બધા ખેડૂતોની આવકમાં વધારો થશે. આ સાથે દેશની કૃષિ નિકાસને મજબૂતી મળશે અને આંતરરાષ્ટ્રીય બજારમાં નવી તકો સર્જાશે. તમિલનાડુ દેશનું સૌથી મોટું ટેપિઓકા ઉત્પાદક છે. સલેમનો સાબુદાણા ઉદ્યોગ ટેપિઓકાની ખેતીમાં જોડાયેલા જનજાતિ સમુદાયો અને હજારો ખેડૂતોની આજીવિકાનો મુખ્ય આધાર છે. સલેમને સાબુદાણા અને સ્ટાર્ચના મહત્વના કેન્દ્રની માન્યતા મળી છે, જે હજારો ખેડૂત પરિવારોની આજીવિકાનો મુખ્ય આધાર પણ છે.

## 'અંજદીપ'
### ભારતનું નવું યોદ્ધા

ભારતની દરિયાઈ સુરક્ષા અને વ્યૂહાત્મક ક્ષમતાને મજબૂત બનાવવા માટે ભારતીય નૌસેનાએ નવા યોદ્ધા આઈ.એન.એસ. અંજદીપને 27 ફેબ્રુઆરીએ ચેન્નાઈ પોર્ટ પર નૌસેનાના પ્રમુખ એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીની હાજરીમાં કમિશન કર્યું. આ જહાજને 'ડોલ્ફિન હન્ટર' તરીકે કાર્ય કરવા માટે ડિઝાઈન કરાયું છે, જેનો મુખ્ય હેતુ દરિયા કિનારાના વિસ્તારોમાં દુશ્મન સબમરીનોને શોધવાનો, તેનો પીછો કરવાનો તેમજ તેને નિષ્ક્રિય કરવાનો છે. આ જહાજથી ભારતીય નૌસેનાની સબમરીન વિરોધી યુદ્ધ ક્ષમતા વધશે તેમજ તટીય પ્રવૃત્તિ પર દેખરેખ રાખવી વધુ સરળ બનશે. અંજદીપને સ્વદેશી, અદ્યતન સબમરીન વિરોધી શસ્ત્રો તેમજ સેન્સરથી સજ્જ કરાયું છે, જેમાં હલ-માઉન્ટેડ સોનાર 'અભય' પણ સામેલ છે. તે નાના ટોર્પિડો અને સબમરીન વિરોધી રોકેટથી પણ સજ્જ છે.



## માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને કેશલેસ સારવારની પહેલ



કોઈ પણ માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તો 'ગોલ્ડન અવર'માં સારવારથી વંચિત ન રહી જાય તે માટે કેન્દ્ર સરકારે મોટી પહેલ કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ રાહત યોજના (માર્ગ અકસ્માત હોસ્પિટલમાં દાખલ અને સુનિશ્ચિત સારવાર) શરૂ કરવાની મંજૂરી આપી છે. આ યોજના અંતર્ગત કોઈ પણ શ્રેણીના માર્ગ અકસ્માતમાં પીડિતને અકસ્માતની તારીખથી સાત દિવસ સુધી રૂ. 1.50 લાખ સુધીની કેશલેસ સારવાર મળશે. માર્ગ, પરિવહન અને હાઈવે મંત્રાલયે જણાવ્યું છે કે હોસ્પિટલોને મોટર વાહન અકસ્માત કોષ મારફતે વળતર અપાશે. એક અભ્યાસ પ્રમાણે, અકસ્માત પીડિતોને પહેલા એક કલાકમાં હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર અપાય, તો આશરે 50 ટકા લોકોને બચાવી શકાય છે.

## નેશનલ હાઈવેની બાજુમાં વિકસાવાશે મધમાખી કોરિડોર



નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ રાષ્ટ્રીય ધોરી માર્ગોની બાજુમાં મધમાખી કોરિડોર વિકસાવવાની અનોખી પહેલની જાહેરાત કરી છે. આ કોરિડોરમાં મધમાખી અનુકૂળ વૃક્ષો અને છોડ વાવવામાં આવશે. આ પહેલ મધમાખીઓ ઉપરાંત પરાગરજને એક ફૂલથી બીજા ફૂલ સુધી પહોંચાડતા જીવજંતુઓ માટે પણ ઉપયોગી થશે. છોડની જાતો એવી પસંદ કરાશે કે, આખું વર્ષ ફૂલ સતત ખીલતા રહે. હાઈવેની બાજુમાં લીમડો, કરંજ, મહુડો, કેસુડો, જાંબુ, આમળા અને શિરીષ વગેરે જેવા દેશી વૃક્ષો વાવવામાં આવશે. હાઈવે ઓથોરિટીનું લક્ષ્ય વર્ષ 2026-27 દરમિયાન નેશનલ હાઈવેની બાજુમાં આશરે 40 લાખ વૃક્ષો વાવવાનું છે, જેમાંથી લગભગ 60 ટકા વૃક્ષો મધમાખી કોરિડોર પહેલ હેઠળ વાવવામાં આવશે.

# યોગમાં છે યોગદાન

## તો કરો 'પ્રધાનમંત્રી યોગ પુરસ્કાર 2026' માટે અરજી



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રયાસથી સંયુક્ત રાષ્ટ્રે રેકોર્ડ સંખ્યામાં દેશોના સમર્થન સાથે દર વર્ષે 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો હતો. એ જ યોગને પ્રોત્સાહન આપવા શરૂ કરાયેલા પ્રધાનમંત્રી યોગ પુરસ્કાર માટે દેશભરના લોકો અને સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવાઈ છે. જેમના સતત પ્રયત્નોથી યોગનો પ્રભાવ વધ્યો છે, તેઓ વર્ષ 2026માં અપાનારા આ પુરસ્કાર માટે રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ www.awards.gov.in પર જઈને અરજી કરી શકે છે. આ અરજી કરવાની છેલ્લી તારીખ 21 માર્ચ 2026 છે. આયુષ મંત્રાલયે જણાવ્યું છે કે જરૂર પડે તો નોંધણીની તારીખ 15 દિવસ સુધી વધારી શકાય છે. દરેક પુરસ્કાર વિજેતાને એક ટ્રોફી, પ્રમાણપત્ર અને રૂ. 25 લાખનું રોકડ પુરસ્કાર અપાશે. પ્રધાનમંત્રી યોગ પુરસ્કાર 2026 હેઠળ વ્યક્તિગત અને સંસ્થા એમ બંને શ્રેણીમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય સ્તરે બે-બે પુરસ્કાર અપાશે.



જન્મ: 22 માર્ચ 1894 ▪ મૃત્યુ: 12 જાન્યુઆરી 1934

# ચટગાંવ વિપ્લવા ના હીરો

*ભારતની સ્વતંત્રતા માટે લોહી વહાવનાર સૂર્ય સેને અંતિમ શ્વાસ સુધી બ્રિટિશ રાજ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો. તેમણે અનેકવાર અંગ્રેજોને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. ભારત માતાના બહાદુર પુત્ર, ચટગાંવ બળવાના હીરો અને 'માસ્ટર દા' તરીકે જાણીતા આ મહાન ક્રાંતિકારી સૂર્ય સેને અંગ્રેજો સામે લડવા માટે એક અનોખી શૈલી અપનાવી હતી. ક્રૂર અંગ્રેજ અધિકારીઓએ ફાંસી આપતા પહેલા સૂર્ય સેન સાથે ભયાનક ક્રૂરતા આચરી હતી. આમ છતાં, તેઓ સૂર્ય સેનની હિંમત તોડી શક્યા ન હતા.*

કોલોનિયલ કાળમાં અવિભાજિત બંગાળનો હિસ્સો એવા ચટગાંવ (હાલમાં બાંગ્લાદેશ) ના નોઆપાડામાં શિક્ષક રામનિરંજન સેનના પરિવારમાં 22 માર્ચ 1894ના રોજ સૂર્ય સેનનો જન્મ થયો. 1916માં રાષ્ટ્રવાદની ભાવનાથી ઉત્સાહિત અને કોલેજમાં શિક્ષકોથી પ્રેરિત થઈને તેઓ અનુશીલન સમિતિમાં જોડાયા હતા. જેનો એકમાત્ર ધ્યેય અંગ્રેજોને દેશમાંથી બહાર કાઢવાનો હતો. તેમણે અસહકાર આંદોલનમાં પણ સક્રિયપણે ભાગ લીધો હતો. બ્રિટિશ વિરોધી પ્રવૃત્તિ માટે તેમની ધરપકડ પણ કરાઈ હતી. જેલમાંથી મુક્ત થયા પછી સૂર્ય સેને ધ ઈન્ડિયન રિવોલ્યુશનરી આર્મી નામના કાર્યકર્તાઓના એક જૂથનું નેતૃત્વ કર્યું હતું. આ સંગઠનનો હેતુ અંગ્રેજો વિરુદ્ધ એક સંગઠિત સંઘર્ષનું નેતૃત્વ કરવાનો અને તેમની સત્તાને પડકારવાનો હતો.

અંગ્રેજોના વિવિધ ઠેકાણે હુમલા કરવા માટે સૂર્ય સેને સ્થાનિક યુવાનોને એકત્ર કરવા અને તાલીમ આપવાનું શરૂ કર્યું હતું. તેઓ બોમ્બ બનાવવામાં નિષ્ણાત હતા અને ક્રાંતિકારીઓ માટે વિસ્ફોટકો તૈયાર કરવાની જવાબદારી સંભાળતા હતા. 18 એપ્રિલ 1930ના રોજ સૂર્ય સેન, ગણેશ ઘોષ, પ્રીતિલતા વાડેદાર અને અન્ય ઘણા લોકોના નેતૃત્વમાં વહેંચાયેલા 60થી વધુ વિદ્યાર્થીએ ચટગાંવમાં વસાહતી વહીવટ અને તેના સમગ્ર તંત્ર પર એક સુનિયોજિત હુમલો કર્યો. તેમનો ઉદ્દેશ્ય હતો ચટગાંવમાં સરકારી સંદેશાવ્યવહાર વ્યવસ્થાને ખોરવી નાંખવાનો, પોલીસ અને સહાયક દળોના શસ્ત્રાગાર લૂંટવાનો તેમજ હથિયારો ભેગા કરવાનો હતો. અંગ્રેજો વિરુદ્ધ એક સશસ્ત્ર યુદ્ધ શરૂ કરવા માટે જપ્ત કરાયેલા શસ્ત્રોને ક્રાંતિકારી કાર્યકરોમાં વહેંચવાના હતા.

તેઓ ત્યાં ટેલિગ્રામ અને રેલવે લાઈનોમાં અડચણ ઊભી કરવાની સાથે શસ્ત્રાગાર પર હુમલો કરવામાં પણ સફળ રહ્યા હતા. જો કે, તેઓ દારૂગોળો શોધવામાં નિષ્ફળ ગયા. આમ છતાં તેમણે ચટગાંવને સ્વતંત્ર જાહેર કર્યું અને ત્યાં એક કામચલાઉ સરકાર બનાવવાનો દાવો કર્યો. યુવાનોને આંદોલનમાં જોડાઈ જવા માટે અપીલ કરી. અચાનક બનેલી આ ઘટનાઓથી અંગ્રેજ સરકાર હચમચી ગઈ અને પીછેહઠ કરી. જોકે, અંગ્રેજો ટૂંક સમયમાં વધુ તાકાત સાથે પાછા ફર્યા અને આવા અનેક ક્રાંતિકારીઓનું ભયાનક દમન કર્યું. સૂર્ય સેન અને તેમના મોટા ભાગના સાથીઓ જલાલાબાદની ટેકરીઓમાં છુપાઈ ગયા. ત્યાંના ગામમાં સૂર્ય સેનને સમર્થન મળ્યું હતું. ત્યાં જ છુપાયેલા રહીને તેમણે અંગ્રેજ સરકારની માલિકીની સંપત્તિ અને અધિકારીઓ પર અસંખ્ય ગેરિલા હુમલા કર્યા. સૂર્ય સેન 16 ફેબ્રુઆરી, 1933ના રોજ પકડાયા તે પહેલાં લગભગ ત્રણ વર્ષ સુધી અંગ્રેજોથી બચવામાં સફળ રહ્યા હતા.

12 જાન્યુઆરી, 1934ના રોજ સેન અને તેમના સાથીદાર તારકેશ્વર દસ્તીદારને અંગ્રેજોએ ફાંસી આપી હતી. તેમના સાથીઓને લખેલા છેલ્લા પત્રમાં તેમની કેટલીક પંક્તિ આ પ્રકારે હતીઃ 'મોત મેરે દરવાજે પર દસ્તક દે રહી હૈ. મેરા મન અનંત કાલ કી ઓર ઉડાન ભર રહા હૈ. એસે સુખદ, એસે ગહન, એસે ગંભીર ક્ષણ મેં, મેં તુમ્હારા પીછા ક્યોં છોડું? બસ એક હી ચીજ હૈ, વો હૈ મેરા સપના, એક સુનહરા સપના- આઝાદ ભારત કા સપના...'

> *માસ્ટર સૂર્ય સેનને 1934માં ફાંસી અપાઈ, ત્યારે તેમણે પોતાના સાથીઓને એક પત્ર લખ્યો હતો અને પત્રમાં એક જ શબ્દની ગુંજ હતી અને તે શબ્દ હતો વંદે માતરમ.* **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**





# સામર્થ્યને સશક્ત બનાવવાનો સતત પ્રયત્ન

**શાસ્ત્રોમાં કહેવાયું છે - "તત્ ત્વમ અસિ", એટલે કે, જે બ્રહ્મની આપણે શોધ કરીએ છીએ, તે આપણે જ છીએ, તે આપણામાં જ વસે છે. આપણી અંદર રહેલા સામર્થ્યની શક્તિને ઓળખવી જરૂરી છે. છેલ્લા 11 વર્ષમાં ભારતે પોતાનું આ સામર્થ્ય ઓળખ્યું અને તેને વધુ મજબૂત બનાવવા માટે દેશ સતત પ્રયત્ન કરી રહ્યો છે. 27 ફેબ્રુઆરીએ ન્યૂઝ 18 રાઈઝિંગ ભારત શિખર સંમેલનમાં સંબોધન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, છેલ્લા 11 વર્ષમાં દેશની ચેતનામાં નવી ઉર્જાનો પ્રવાહ જોવા મળ્યો છે.**

કોઈ પણ દેશ અચાનક સામર્થ્યવાન નથી બની જતો. તેની પાછળ પેઢી દર પેઢીની મહેનત રહેલી હોય છે. જ્ઞાન, પરંપરા, મહેનત અને અનુભવથી તે વિકાસ પામે છે. ન્યૂઝ 18 રાઈઝિંગ ભારત સંમેલનમાં સંબોધન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, જ્યારે કોઈ રાષ્ટ્રની અંદર છુપાયેલી શક્તિ બહાર આવે છે, ત્યારે તે નવી સિદ્ધિઓ હાંસલ કરે છે. ભારતનું ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ડિજિટલ જાહેર આંતરમાળખું) આજે સમગ્ર વિશ્વ માટે ચર્ચાનો વિષય બન્યું છે.

એક સમય હતો જ્યારે ભારતમાં નવી ટેક્નોલોજીનો માત્ર ઉપયોગ થતો હતો. આજે ભારત નવી ટેક્નોલોજીનો જન્મદાતા છે અને નવા ધોરણો પણ સ્થાપિત કરી રહયો છે. ભારતે પોતાની અંદર રહેલા સામર્થ્યને ઓળખ્યા બાદ આ શક્ય બન્યું છે. કાર્યક્રમમા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, જ્યારે આપણે ગર્વ સાથે આગળ વધીએ છીએ, ત્યારે દુનિયાની આપણને જોવાની નજર પણ બદલાય છે. થોડાં વર્ષો પહેલાં ભારતમાં યોજાતા કાર્યક્રમોની વૈશ્વિક સ્તરે ખૂબ ઓછી નોંધ લેવાતી હતી, ખાસ પ્રાધાન્ય પણ અપાતું ન હતું. પરંતુ આજે ભારતમાં જે કંઈ એકશન લેવાય તેનું વૈશ્વિક વિશ્લેષણ થાય છે. એઆઈ સમિટ તેનું એક ઉદાહરણ છે. ■

## મજબૂત શિપિંગ અને પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર

ભારત દર વર્ષે વિદેશી માલવાહક જહાજોમાં માલ મોકલવા માટે ભાડા પેટે લગભગ 6 લાખ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરે છે. ફર્ટિલાઈઝર (ખાતર) ની આયાત પાછળ દર વર્ષે લગભગ સવા બે લાખ કરોડ રૂપિયા ખર્ચ થાય છે અને પેટ્રોલિયમ પેદાશોની આયાત માટે દર વર્ષે લગભગ 11 લાખ કરોડ રૂપિયા ખર્ચ થાય છે. એટલે કે દર વર્ષે લાખો કરોડ રૂપિયા દેશમાંથી બહાર જાય છે. કેન્દ્ર સરકાર વિદેશી જહાજોને 6 લાખ કરોડ રૂપિયા ન આપી દેવા પડે તે માટે ભારતીય વહાણવટા અને બંદરીય આંતરમાળખાને મજબૂત બનાવી રહી છે. ખાતરની આયાત ઘટાડવા માટે દેશમાં નવા પ્લાન્ટ લગાવવામાં આવી રહ્યા છે, નેનો-યુરિયાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. પેટ્રોલિયમ પરની નિર્ભરતા ઘટાડવા માટે ઈથેનોલ બ્લેન્ડિંગ, ગ્રીન હાઈડ્રોજન મિશન, સોલાર એનર્જી અને ઈલેક્ટ્રિક મોબિલિટીને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

> **"અમે મેન્યુફેક્ચરિંગ પર કામ કર્યું, મેક ઈન ઈન્ડિયાને મજબૂત બનાવ્યું, આપણી બેંકિંગ સિસ્ટમને સશક્ત બનાવી, મોંઘવારીને નિયંત્રિત કરી અને ભારતને દુનિયાનું ગ્રોથ એન્જિન બનાવ્યું. ભારતનું આ જ સામર્થ્ય છે કે વિશ્વના વિકસિત દેશો પણ ભારત સાથે વેપાર કરાર કરવા માટે પોતે આગળ આવી રહ્યા છે."**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

# સ્વસ્થ ભારતનો મજબૂત પાયો

**કેન્દ્ર સરકારે ઐતિહાસિક નિર્ણય લીધો છે. સરકારે રાજસ્થાનના અજમેરથી રાષ્ટ્રીય સ્તરે હ્યુમન પેપિલોમાવાયરસ (HPV) રસીકરણ અભિયાનની શરૂઆત કરી છે, જેથી મહિલાઓને ગર્ભાશયના મુખના કેન્સરથી બચાવી શકાય. હાલમાં સરકાર 12 પ્રકારની વિવિધ બીમારીઓ સામે રક્ષણ માટે રસીકરણ અભિયાન ચલાવી રહી છે. પરિણામ સ્વરૂપ રસીકરણ અભિયાન 99% સુધી પહોંચ્યું છે. આવો જાણીએ રાષ્ટ્રીય રસીકરણ દિવસ (16 માર્ચ) વિષે, તે બાળકો અને માતાઓની સુરક્ષા સુનિશ્ચિત કરીને જન આરોગ્યને કેવી રીતે મજબૂત આધાર આપે છે.**




ભારત સરકારે 28 ફેબ્રુઆરી 2026 ના રોજ ત્રણ મહિના માટેનો રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ કાર્યક્રમ શરૂ કર્યો છે. જે અંતર્ગત કેન્દ્ર, રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારના સહયોગથી દેશભરના સરકારી પ્રાથમિક અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા અને તાલુકા હોસ્પિટલો તેમજ સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલોમાં 14 વર્ષની કિશોરીઓને આ રસી મફતમાં આપવામાં આવશે. આ રસીકરણ અભિયાન શરૂ થયાની તારીખથી 90 દિવસની અંદર 15 વર્ષ પૂર્ણ કરનારી છોકરીઓ પણ આ ખાસ HPV રસીકરણ અભિયાન દરમિયાન રસી લેવા માટે પાત્ર રહેશે.

હાલમાં 1 કરોડ 15 લાખ જેટલી કિશોરીઓ આ રસી લેવા માટે પાત્ર છે. એક પણ કિશોરી આ રસીથી વંચિત ન રહી જાય તે માટે 90 દિવસ સુધી દરરોજ રસીકરણ અભિયાન ચલાવવામાં આવશે ત્યારબાદ નિયમિત રસીકરણ દિવસોમાં પણ તે અપાશે. આ રાષ્ટ્રીય HPV રસીકરણ અભિયાન ભારતની મહિલાઓને સશક્ત બનાવવા અને દેશભરની માતાઓ અને દીકરીઓના આરોગ્યના રક્ષણ માટે

**દર વર્ષે યુઆઈપી હેઠળ 2.6 કરોડ નવજાત શિશુ અને 2.9 કરોડ સગર્ભા મહિલાઓને રસી આપવામાં આવે છે. પ્રત્યેક બાળકને તેના જન્મના પ્રથમ વર્ષે જ રસીકરણથી સુરક્ષિત કરવાનો તેનો હેતુ છે.**

મહત્વપૂર્ણ પગલું છે. ભારતે આ ઐતિહાસિક અભિયાન સાથે HPV રસીકરણ કાર્યક્રમ ચલાવનારા 160થી વધુ દેશોમાં સ્થાન મેળવ્યું છે.

રાષ્ટ્રીય રસીકરણ અભિયાનથી માત્ર બાળકો અને માતાઓ જ સુરક્ષિત નથી બનતાં, પરંતુ તે સ્વસ્થ ભારતનો મજબૂત પાયો પણ છે. આ પાયાને મજબૂત બનાવવામાં વર્ષ 2014માં શરૂ કરાયેલ મિશન ઈન્દ્રધનુષે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. રસીકરણમાં લગભગ 99% જેટલું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં એઆઈ ટેકનોલોજી ખુબ જ મદદરૂપ પુરવાર થઈ છે તેનો અંદાજ આ આંકડાઓ પરથી કાઢી શકાય છે - 8 ફેબ્રુઆરી 2026 સુધી 11.12 કરોડથી વધુ બાળકો અને 3.78 કરોડ સગર્ભા



**વિશ્વભરમાં સર્વાઈકલ કેન્સરથી થતા કુલ મૃત્યુમાં લગભગ 25 મૃત્યુ ભારતમાં થાય છે. ભારતમાં સર્વાઈકલ કેન્સર મહિલાઓમાં જોવા મળતું બીજું સૌથી સામાન્ય કેન્સર છે. દર વર્ષે લગભગ 80 હજાર નવા કેસ જોવા મળે છે અને 42 હજારથી વધુ મહિલાઓનું મૃત્યુ થાય છે.**

***"નારી શક્તિને સશક્ત બનાવીને માતાઓ તથા દીકરીઓના આરોગ્યને વધુ સારું બનાવવું એ દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે. આપણે બધા જાણીએ છીએ કે જ્યારે એક પરિવારમાં માતા બીમાર પડે છે ત્યારે આખો પરિવાર વેર વિખેર થઈ જાય છે. પરંતુ જો માતા સ્વસ્થ હોય તો પરિવાર દરેક સંકટનો સામનો કરવાની શક્તિ ધરાવે છે. આ જ ભાવનાથી સરકારે મહિલાઓને સહાયતા આપવા માટે ઘણી યોજનાઓ શરૂ કરી છે. "***

***– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

## દેશભરમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રસીકરણ અભિયાન અને આરોગ્ય જાગૃતિ અંગેના કાર્યક્રમોને વધુ અસરકારક બનાવવા માટે સરકાર દ્વારા કરાયેલા પ્રયત્નો:

- રાજ્ય, જિલ્લા અને બ્લોક સ્તરે રસીકરણ ટીમ દ્વારા નિયમિત રીતે ચલાવવામાં આવતા રસીકરણ અભિયાનના અસરકારક અમલીકરણની ખાતરી કરવામાં આવે છે.
- રસીકરણ કાર્યક્રમોને વધારવા માટે જાગૃતિ, સામાજિક ભાગીદારી, પારિવારિક સ્તરે સંવાદ અને મીડિયા સહભાગિતાના વિવિધ પ્રયત્નો કરવામાં આવે છે.
- વ્યાપક રસીકરણ કાર્યક્રમ હેઠળ વિશેષ કૅચ-અપ રસીકરણ અભિયાન, સઘન મિશન ઈન્દ્રધનુષ જેવા કાર્યક્રમો ઓછા રસીકરણ ધરાવતા વિસ્તારોમાં રહી ગયેલા બાળકો અને સગર્ભા મહિલાઓને રસી આપવા માટે ચલાવવામાં આવે છે.
- પલ્સ પોલિયો કાર્યક્રમના ભાગરૂપે રાષ્ટ્રીય રસીકરણ દિવસ (NID) જેવા વિશેષ અભિયાન દર વર્ષે યોજવામાં આવે છે.
- રસીકરણની પ્રવૃત્તિઓ માટે નિર્ધારિત દિવસોમાં ગ્રામ આરોગ્ય અને પોષણ દિવસ (VHND)નું આયોજન કરવામાં આવે છે.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે બાળકો અને સગર્ભા મહિલાઓના તમામ રસીકરણ કાર્યક્રમો માટે ડિજિટલ નોંધણી અને રેકોર્ડ માટે 'યુ-વિન' (U-WIN) પોર્ટલ શરૂ કર્યું છે.

મહિલાઓની નોંધણી કરવામાં આવી છે.

હાલમાં દેશમાં 13 પ્રકારની બીમારીઓ સામે રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે. રાષ્ટ્રીય સ્તરે 12 બીમારીઓ સામે રસી આપવામાં આવે છે, જેમાં સર્વાઈકલ કેન્સર, ડિફ્થેરિયા, પર્ટુસિસ, ટિટેનસ, પોલિયો, ખસરા, રૂબેલા, બાલ્યાવસ્થામાં થતો ગંભીર ક્ષય (TB), રોટાવાયરસ ડાયરીયા, હેપેટાઈટિસ B, મેનિન્જાઈટિસ, હિમોફિલસ ઈન્ફ્લુએન્ઝા ટાઈપ B અને ન્યૂમોકોકલથી થતાં ન્યૂમોનિયાનો સમાવેશ થાય છે. ઉપરાંત જે જિલ્લાઓમાં જાપાની એનસેફેલાઈટિસ (JE) બિમારીનું પ્રમાણ વધુ છે તે જિલ્લાઓમાં પણ રસીકરણ અભિયાન ચલાવવામાં આવે છે. ■




# આર્ટિફિશિયલ ઈન્ટિલિજન્સનું

# ગ્લોબલ હબ બનતું

# ભારત



**ભારત આગળ વધે છે, ત્યારે દુનિયા પણ આગળ વધે છે. આ વિચાર સાથે ભારતે વિશ્વ સમક્ષ ‘સર્વજન હિતાય, સર્વજન સુખાય’નો મંત્રને અપનાવીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના ક્ષેત્રમાં માનવીય અને સર્વસમાવેશક નેતૃત્વનો પરિચય આપ્યો. ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026માં 'માનવ' વિઝન દ્વારા ભારતે બતાવ્યું કે નવી ટેક્નોલોજીનો ઉપયોગ માનવતાના કલ્યાણ માટે કેવી રીતે કરી શકાય. આ વૈશ્વિક સંમેલન એ વાતનું પ્રમાણ બન્યું કે ભારત પાસે AI ક્રાંતિનું નેતૃત્વ કરવાની ક્ષમતા પણ છે અને સામર્થ્ય પણ.**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં પોતાનું સંબોધન આપી રહ્યા હતા, ત્યારે રિયલ-ટાઈમ પર AI નું ટૂલ મૂક-બધિરો માટે જનરેટેડ વીડિયો દ્વારા સાંકેતિક ભાષામાં (Sign Language) તેમનું આ ભાષણ શબ્દશઃ પહોંચાડી રહ્યું હતું.**

**ન્યાયતંત્ર માટે જનરેટિવ એઆઈ આધારિત Legal Research Analytics Tool વિકસાવવામાં આવ્યું છે. પાયલટ મોડ પર રહેલા આ ટૂલમાં સામેલ AI બોટ સુપ્રીમ કોર્ટના 1950 થી અત્યાર સુધીના નિર્ણયો અથવા પ્રશ્નોના ઉત્તર આપે છે.**

**'એઆઈ વિહંગમ દૃષ્ટિ' એક જિયોસ્પેશિયલ ઈમેજ એનાલિટિક્સ (Geospatial Image Analytics) સર્વિસ છે, જે વિસ્તારનું અનુમાન લગાવીને યોજના ઘડી શકે છે. આ સર્વિસનો ઉપયોગ 30 હજાર ગામડા માટે કોંક્રિટની છત ઓળખવા અને સોલર પેનલ માટેના વિસ્તારનું અનુમાન લગાવવા માટે કરાયો છે.**

**ગ્રામ સભા અને ગ્રામ પંચાયતની બેઠક થતી હોય, ત્યાં જે કંઈ પણ બોલો કે વીડિયો બનાવાયા હોય, તેના ઈનપુટથી મિનિટ્સ સહિતની પૂરી જાણકારી એક સારાંશ રૂપે AI થી જોડાયેલી એપ ‘સભાસાર’માં 14 ભાષામાં રજૂ થાય છે.**

**દેશમાં ક્યાંય કુદરતી આફત આવે તો IIT મુંબઈ દ્વારા વિકસિત સ્પેશિયલી અવેર ડોમેન એડેપ્શન નેટવર્ક (Spatially Aware Domain Adaptation Network) મોડલ એરિયલ તસવીરો દ્વારા નુકસાનનો સચોટ અંદાજ લગાવી લે છે. ઓછા ડેટાની સ્થિતિમાં પણ તે સાચા પરિણામ આપી શકે છે, જેનાથી દુર્ઘટના વખતે ઝડપથી અને વિશ્વસનીય રીતે મદદ પહોંચાડી શકાય છે.**



પ્રધાનમંત્રીનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

ભારતમાં AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) થકી કરાઈ રહેલા આ ઉકેલો દર્શાવે છે કે આજે ન્યાયતંત્રથી લઈને ભાષાની સુવિધા સુધી, આપત્તિ વ્યવસ્થાપનથી લઈને લખવા-વાંચવા સુધી અને ખેડૂતથી લઈને ડૉક્ટર સુધી, વિદ્યાર્થીથી લઈને સ્ટાર્ટઅપ સુધી તથા મહિલાઓથી લઈને યુવાઓ સુધી તમામ સેક્ટરમાં AI પહોંચી રહ્યું છે. ભારત AI સુપર પાવર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. દુનિયાની સૌથી મોટી ટેકનિકલ ક્રાંતિ 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' હવે ભારત દ્વારા નિર્દેશિત થવાની છે, જે માત્ર એક ટેકનિક જ નહીં પરંતુ ભારતની આર્થિક તાકાતનું નવું એન્જિન બની ચૂક્યું છે. ભારતમાં AI નો પ્રયોગ દુનિયાના અન્ય દેશો કરતા તદ્દન અલગ છે. દુનિયા જ્યાં પોતાની તાકાત વધારવાના ઉદ્દેશ્યથી AI ટેકનોલોજીમાં રોકાણ કરે છે, ત્યાં ભારત 'સબકા સાથ-સબકા વિકાસ' ના વિઝન પર કામ કરતા સમાજના અંતિમ છેડે ઊભેલી વ્યક્તિ અને સંપૂર્ણ માનવતાને લાભાન્વિત કરવાના ઉદ્દેશ્યથી ટેકનોલોજીના વિકાસમાં જોડાયેલું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું વિઝન સ્પષ્ટ છે કે ટેકનોલોજી માત્ર વિશેષ વર્ગ માટે નહીં, પરંતુ દરેક યુવા, દરેક ખેડૂત, દરેક ઉદ્યોગસાહસિક અને દરેક વિદ્યાર્થી માટે હોય. એટલે જ ભારતીય AI છે-AI for All (એઆઈ ફોર ઓલ), એટલે કે AI જેવી ટેકનોલોજી દરેક માટે.

ભારત પોતાની વિકાસ યાત્રાના એક મહત્વપૂર્ણ તબક્કામાં છે. AI આ વિકાસના એક મહત્વના સહાયક તરીકે ઊભરી રહ્યું છે. ભારતમાં આ સમયે 60 લાખથી વધુ ટેક અને AI પ્રોફેશનલ્સ કામ કરી રહ્યા છે. 1,800 થી વધુ ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ માંથી 500 થી વધુ સેન્ટર્સ માત્ર AI પર ફોકસ કરી રહ્યા છે. આથી ભારત હવે દુનિયાનું સૌથી મોટું AI ટેલેન્ટ હબ બની રહ્યું છે. આનું સૌથી મોટું ઉદાહરણ એ છે કે લગભગ 2 લાખ સ્ટાર્ટ અપ્સમાંથી 89 ટકા પોતાના સોલ્યુશન્સમાં AI નો ઉપયોગ કરી રહ્યા છે. નેસકોમ અનુસાર 87 ટકા ભારતીય એન્ટરપ્રાઈઝ કંપનીઓ AI ને અપનાવી ચૂકી છે. દેશના કુલ AI મૂલ્યનો 60 ટકા હિસ્સો ઓટોમોબાઈલ, રિટેલ, બીએફએસઆઈ તેમજ હેલ્થકેરના ચાર ક્ષેત્રમાં છે. પરંતુ અસલી 'ગેમ ચેન્જર' ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. AI ડેટા સેન્ટર્સમાં લગભગ 70 બિલિયન ડોલરનું રોકાણ ચાલુ છે અને 90 બિલિયન ડોલરના વધારાના રોકાણની જાહેરાત કરવામાં આવી છે. આ તો માત્ર શરૂઆત છે. આમ બજેટ 2026-27 માં AI અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મોટું પ્રોત્સાહન મળ્યું છે. આ બજેટમાં ક્લાઉડ કંપનીઓ માટે વર્ષ 2047 સુધી, એટલે કે

> ***આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માનવ ઈતિહાસનું એક એવું ટ્રાન્સફોર્મેશન છે, જેમાં આજે આપણે જે જોઈ રહ્યા છીએ કે જે પ્રિડિક્ટ (અનુમાન) કરી રહ્યા છીએ, તે તેના ઈમ્પેક્ટના માત્ર પ્રારંભિક સંકેત છે. AI મશીનોને ઈન્ટેલિજન્ટ બનાવી રહ્યું છે, પરંતુ તેનાથી પણ વધુ તે માનવ સામર્થ્યને અનેકગણું વધારી રહી છે. ફર્ક આટલો જ છે, આ વખતે સ્પીડ પણ અભૂતપૂર્વ છે અને સ્કેલ (વ્યાપ) પણ ખૂબ જ વધારે છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

જ્યાં સુધી ભારત વિકસિત રાષ્ટ્ર બને ત્યાં સુધી ટેક્સમાં છૂટ પ્રસ્તાવિત છે. ડેટા સેન્ટર પ્રોવાઈડર્સ માટે 15 ટકા 'સેફ હાર્બર' એટલે કે કાનૂની સુરક્ષાની વ્યવસ્થા કરવામાં આવી છે, જેની મર્યાદા 300 કરોડ રૂપિયાથી વધારીને 2,000 કરોડ કરવામાં આવી છે. એટલે કે, કેન્દ્ર સરકાર AI માટે દેશમાં ઈકો સિસ્ટમ તૈયાર કરી રહી છે. આ દિશામાં સૌથી મહત્વપૂર્ણ પહેલ છે- ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ. ભારતે 16-20




## આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) શું છે?

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) એવી ટેકનોલોજી છે, જેની મદદથી મશીનો એવા કામ કરી શકે છે જે સામાન્ય રીતે માનવીય સમજ અને વિચાર શક્તિની જરૂર ધરાવે છે. આ મશીનોને અનુભવ પરથી શીખવા, નવી પરિસ્થિતિ મુજબ પોતાની જાતને ઢાળવા અને સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે સક્ષમ બનાવે છે. AI ડેટા અને ખાસ કમ્પ્યુટર પ્રોગ્રામની મદદથી માહિતીનું વિશ્લેષણ કરે છે, પેટર્ન ઓળખે છે અને તે જ આધારે જવાબ કે નિર્ણય આપે છે. સમયની સાથે તે પોતાના કામમાં સુધારો પણ કરતી જાય છે, જેથી તે માણસોની જેમ તર્ક કરવા, નિર્ણય લેવા અને વાતચીત કરવામાં વધુ સક્ષમ બને છે.

**એઆઈ સમિટનો ઉદ્દેશ્ય અને થીમ:** 'ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026' ની થીમ 'સર્વજન હિતાય, સર્વજન સુખાય' એટલે કે સૌનું કલ્યાણ, સૌનું સુખ છે. તેનો હેતુ ભારતને AI ના ક્ષેત્રમાં અગ્રણી દેશ તરીકે સ્થાપિત કરવાનો અને એક એવા ભવિષ્યની કલ્પના કરવાનો છે જ્યાં AI માનવતાને આગળ વધારે, સમાવેશક વિકાસને પ્રોત્સાહન આપે અને આપણી સહિયારી ધરતીની રક્ષા કરે.



> ***આ સમિટમાં સીઈઓ રાઉન્ડ ટેબલમાં AI, ટેકનોલોજી અને ઈનોવેશન જગતના વિવિધ હિતધારકો એકસાથે આવ્યા. જેમનું ધ્યાન AI ની જવાબદારીને વિસ્તૃત કરવા, વૈશ્વિક સહયોગને મજબૂત કરવા અને વિકાસની તકો ખોલવા પર કેન્દ્રિત હતું. માનવ પ્રગતિ અને સતત વિકાસ માટે AI નો ઉપયોગ કરવાની સહિયારી પ્રતિબદ્ધતા જોઈને ઉત્સાહ અનુભવાયો.***
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

ફેબ્રુઆરી 2026 દરમિયાન દુનિયાના સૌથી મોટા એઆઈ સમિટની સફળ અને ઐતિહાસિક યજમાની કરી. આ AI ક્ષેત્રમાં ભારતના નેતૃત્વની ઘોષણા છે.

એઆઈ ગ્લોબલ પરિદ્રશ્યમાં ભારતની નવી ઓળખ

"शुश्रूषा श्रवणं चैव ग्रहणं धारणां तथा।
ऊहापोहौऽर्थविज्ञानं तत्त्वज्ञानं च धीगुणाः॥"

## નવી દિલ્હી AI ઘોષણા-પત્રને વિશ્વએ અપનાવ્યું

નવી દિલ્હીમાં આયોજિત 'એઆઈ ઈમ્પેક્ટ ઘોષણાપત્ર'ને વિશ્વએ અપનાવવાનો નિર્ણય કર્યો છે. ભારતે સમાનતા, પહોંચ અને વૈશ્વિક સહયોગ પર આધારિત 'સૌના માટે એઆઈની માંગણીને આગળ વધારી છે. નવી દિલ્હી ઘોષણાપત્રમાં 91 દેશો અને આંતરરાષ્ટ્રીય સંગઠનોએ સાથે મળીને કામ કરનારા, વિશ્વાસપાત્ર, મજબૂત અને પ્રભાવી એઆઈ માટેના સંયુક્ત ગ્લોબલ વિઝનને સમર્થન આપ્યું છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર વૈશ્વિક સહયોગના ક્ષેત્રમાં આ એક સીમાચિહ્નરૂપ ઘટના છે.

## એઆઈ માટે સંયુક્ત ગ્લોબલ વિઝન

“સર્વજન હિતાય, સર્વજન સુખાય” (બધાનું કલ્યાણ, બધાનું સુખ) ના સિદ્ધાંતથી પ્રેરિત, ઘોષણાપત્ર એ વાત પર ભાર મૂકે છે કે, એઆઈના ફાયદા સમગ્ર માનવતા સાથે સમાન રીતે વહેંચવા જોઈએ. આ 3 મુદ્દા પર વધુ ભાર મૂકાયો.

- આંતરરાષ્ટ્રીય સહયોગ અને બહુપક્ષીય હિતધારકો સાથેના જોડાણને મજબૂત બનાવવા.
- રાષ્ટ્રીય સંપ્રભુતાનું સન્માન કરવું.
- સુલભ અને વિશ્વાસપાત્ર ફ્રેમવર્ક દ્વારા એઆઈને આગળ વધારવું.

## જવાબદાર એઆઈ અપનાવવાનો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ

ભારત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના પ્રયોગોમાં માત્ર ઈનોવેશન જ નથી કરી રહ્યું, પરંતુ જવાબદાર એઆઈ અપનાવવા માટે સંકલ્પબદ્ધ પણ છે. આ જ દિશામાં ભારતના નામે એક ગિનીસ વર્લ્ડ રેકોર્ડ નોંધાયો છે, જેમાં 24 કલાક દરમિયાન 2,50,946 લોકોએ જવાબદાર એઆઈ માટે પ્રતિજ્ઞા લીધી હતી. આ રાષ્ટ્રવ્યાપી અભિયાનમાં વિદ્યાર્થીઓ અને નાગરિકોને નૈતિક, પારદર્શક અને જવાબદાર AI ઉપયોગ માટે પ્રતિબદ્ધ થવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

**સ્ટાર્ટઅપ પુસ્તક:** ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રાલય દ્વારા 'ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026' માં 'એઆઈ ઈમ્પેક્ટ સ્ટાર્ટઅપ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક ભારતના એઆઈ અને ડીપ-ટેક સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના વધતા વૈશ્વિક પ્રભાવનો અભ્યાસ છે.

## ભવિષ્યમાં રોકાણ

આવનારા વર્ષોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં પાયાની સુવિધાઓ મૂળભૂત મોડલ, હાર્ડવેર અને અનુપ્રયોગથી સંબંધિત રોકાણમાં સેંકડો અબજ ડોલરનું રોકાણ થવાની અપેક્ષા છે.

**110**
**અબજ ડોલર: રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ આગામી 7 વર્ષમાં આ રોકાણ કરશે.**

**15**
**અબજ ડોલર: ગૂગલ દ્વારા વિશાખાપટ્ટનમમાં આ રોકાણ કરવામાં આવશે.**

**100**
**અબજ ડોલર: અદાણી એન્ટરપ્રાઈઝે વર્ષ 2035 સુધીમાં આટલું રોકાણ કરવાની વાત કહી છે.**

- 5 અબજ ડોલર: જનરલ કેટાલિસ્ટ આગામી 5 વર્ષમાં આ રોકાણ કરશે.
- 10 અબજ ડોલર: લાઈટસ્પીડ વેન્ચર પાર્ટનર્સ દ્વારા રોકાણ કરવામાં આવશે.
- 11 અબજ ડોલર: મહારાષ્ટ્રમાં ટાટા ગ્રૂપ દ્વારા રોકાણ કરવામાં આવશે.



એટલે કે, બુદ્ધિમત્તા, તર્કશીલતા અને નિર્ણય લેવાની ક્ષમતા જ વિજ્ઞાન અને ટેક્નોલોજીને સામાન્ય લોકો માટે ઉપયોગી બનાવે છે. 'ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ- 2026' નો ઉદ્દેશ્ય પણ એ જ રહ્યો છે કે, કેવી રીતે AI નો ઉપયોગ સર્વજનના હિત માટે થઈ શકે. તેથી જ આ સમિટની થીમ 'સર્વજન હિતાય, સર્વજન સુખાય' એટલે કે, સૌનું કલ્યાણ અને સૌની પ્રસન્નતા પર આધારિત હતી. એ મુદ્દે કોઈ શંકા નથી કે, એઆઈની દુનિયામાં ભારતનો પ્રભાવ સતત વધી રહ્યો છે. આ વાતનું સાક્ષી 2026નું ગ્લોબલ સમિટ બન્યું છે. આ સમિટ AI ના વૈશ્વિક પરિદ્રશ્યમાં ભારતની એક નવી ઓળખ બનીને સામે આવ્યું છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હવે ગ્લોબલ ઈકોનોમી અને રોજગાર માટે સૌથી મોટું ગેમચેન્જર છે. દુનિયા માટે AI નો એક જ અર્થ છે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, પરંતુ ભારત માટે તેના 2 અર્થ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને એસ્પિરેશનલ ઈન્ડિયા. આ સ્વપ્નને સાકાર કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એ સૌથી મોટી

## વર્ષ 2032 સુધીમાં 131 અબજ ડોલરથી વધુ હશે ભારતનું એઆઇ માર્કેટ

ભારતીય સ્પર્ધા પંચ (CCI) દ્વારા પ્રકાશિત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, એઆઇના વૈશ્વિક બજારનું કદ વર્ષ 2020 માં 103.6 અબજ અમેરિકી ડોલરથી વધીને 2024 માં 288.8 અબજ અમેરિકી ડોલર થઈ ગયું છે. આ જ સમયગાળા દરમિયાન, ભારતમાં એઆઇ માર્કેટ 2.97 અબજ અમેરિકી ડોલરથી વધીને 7.63 અબજ અમેરિકી ડોલર થયું છે. ભારતીય AI માર્કેટ વર્ષ 2032 સુધીમાં 42.2% ના કમ્પાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ (સીએજીઆર) થી વધીને 131.31 અબજ અમેરિકી ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે.

### AI સમિટમાં 118 થી વધુ દેશો સામેલ

ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટમાં 118 દેશોના 5 હજારથી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.આ સંમેલનમાં 20 થી વધુ દેશોના સરકારના પ્રમુખ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, 100 થી વધુ ગ્લોબલ એઆઇ લીડર્સ, મુખ્ય કાર્યકારી અધિકારીઓ (CEOs), CXOs અને 500 થી વધુ મોટા એઆઇ નિષ્ણાતો આ કાર્યક્રમમાં સામેલ થયા હતા.

## સ્વાસ્થ્ય ક્ષેત્રે એઆઇનો વધતો ઉપયોગ

- ઈન્ડિયા એઆઇ ઈમ્પેક્ટ સમિટ 2026 માં સ્વાસ્થ્ય ક્ષેત્રે બે નવી ડિજિટલ પહેલની શરૂઆત કરવામાં આવી: SAHI (ભારતમાં સ્વાસ્થ્ય સેવા માટે AI રણનિતી) અને BODH (સ્વાસ્થ્ય AI માટે ઓપન ડેટા પ્લેટફોર્મ)ની શરૂઆત કરવામાં આવી. આ પહેલ ભારતીય સ્વાસ્થ્ય સેવાઓમાં એઆઇના સુરક્ષિત, નૈતિક અને પ્રમાણ-આધારિત ઉપયોગને પ્રોત્સાહન આપવામાં મદદ મળશે. તેના મુખ્ય ફાયદાઓ નીચે મુજબ છે:






- AI સ્વાસ્થ્ય સેવાઓને વધુ સારી અને સુલભ બનાવી રહ્યું છે, ખાસ કરીને ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં.
- AI થી સજ્જ તપાસ સાધનો ગંભીર બીમારીઓના નિદાનમાં મદદરૂપ થાય છે.
- AI આધારિત ટેલીમેડિસિન ગ્રામીણ દર્દીઓને સીધા ડોક્ટરો સાથે જોડે છે, જેનાથી મુસાફરી અને રાહ જોવાનો સમય ઘટે છે.
- AI દ્વારા રોગચાળા કે બીમારીના ફેલાવા અંગે અગાઉથી ચેતવણી આપવામાં મદદ કરે છે.
- દવા અને સારવાર: નવી દવાઓની શોધમાં અને દરેક દર્દીની જરૂરિયાત મુજબ વ્યક્તિગત સારવાર નક્કી કરવામાં પણ AI અત્યંત સહાયક છે.

### ભારત-ફ્રાન્સનું સ્વાસ્થ્ય એઆઇ કેન્દ્ર

દિલ્હીની અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન (એમ્સ) ખાતે ફ્રાન્સના રાષ્ટ્રપતિની ઉપસ્થિતિમાં ઈન્ડો-ફ્રેન્ચ સેન્ટર ફોર એઆઇ ઈન હેલ્થ (આઇએફ-સીએઆઇએચ) ની શરૂઆત કરવામાં આવી. આ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ્ય એઆઇ આધારિત સંશોધન, તબીબી શિક્ષણ અને ઈનોવેશનને પ્રોત્સાહન આપીને જટિલ સ્વાસ્થ્ય પડકારોનો ઉકેલ લાવવાનો છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને આ પ્રસંગે જણાવ્યું હતું કે, ભારત અને ફ્રાન્સ ઉન્નત કમ્પ્યુટિંગ ક્ષમતા અને પ્રતિભાના વિકાસ માટે પ્રતિબદ્ધ છે, જેથી આપણે આપણા વિશ્વનિય એઆઇ તંત્ર સ્વયં વિકસિત કરી શકીએ. તેમણે વધુમાં કહ્યું કે, માત્ર એ ટેકનોલોજી પણ નિર્ભર ન રહી શકીએ જે અન્ય દેશો દ્વારા નિર્મિત અને સંચાલિત છે.

તક છે. AI ના ક્ષેત્રમાં ભારત દુનિયાના અગ્રેસર દેશોમાંથી એક છે અને આ સમિટ ભારતની આ જ AI ક્ષમતાનો ઉદઘોષ બની છે. કોઈપણ વિકાસશીલ દેશમાં આયોજિત આ પ્રથમ ગ્લોબલ AI સમિટ છે. આ સમિટના મહત્વનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, આ સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા ડીસિલ્વા જેવા અનેક વૈશ્વિક નેતાઓ સાથે 15 થી 20 શાસન પ્રમુખો, 50થી વધુ આંતરરાષ્ટ્રીય મંત્રીઓ સહિત 100થી વધુ દેશો સામેલ થયા હતા. આ ઉપરાંત ગૂગલના સુંદર પિચાઈ અને ઓપન એઆઈના સેમ ઓલ્ટમેન જેવા મોટા નામ પણ આ સમિટમાં સામેલ હતા. આ સમિટ દેશ માટે એક ઐતિહાસિક અવસર બની. જે AI ના ક્ષેત્રમાં પરિવર્તન અને વિકાસને નવી ગતિ આપશે. તેનાથી એકેડેમી, સ્ટાર્ટઅપ્સ અને સરકારો વચ્ચે મજબૂત સહયોગ સ્થાપિત થશે તેમજ રાજ્યો અને કેન્દ્ર સરકાર વચ્ચે વધુ સારા સમન્વયને સ્થાપવામાં મદદ મળશે. ઉપરાંત સરકારી સેવાઓમાં




## મહિલા નેતૃત્વવાળું એઆઇ


ઈન્ડિયા એઆઇ ઇમ્પેક્ટ સમિટ 2026માં જન કલ્યાણ અને ડિજિટલ સાર્વજનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે મહિલા નેતૃત્વવાળા એઆઇનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાવેશી, વિસ્તાર યોગ્ય અને 'ઇમ્પેક્ટ-ફર્સ્ટ' એઆઇ સમાધાનોને આગળ ધપાવવા માટે મહિલા નેતૃત્વવાળા 10 સ્ટાર્ટઅપ્સને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## કૃષિમાં એઆઇનો ઉપયોગ

સેટેલાઇટ (ઉપગ્રહ) દ્વારા મળતી તસવીરો, હવામાનની આગાહી, જમીનની માહિતી અને પાકની પદ્ધતિઓનું વિશ્લેષણ કરીને એઆઇ ખેડૂતોને એ સમજવામાં મદદ કરે છે કે, કયો પાક વાવવો જોઈએ, ક્યારે વાવવો જોઈએ, કેટલું ખાતર નાખવું જોઈએ અને લણણીનો સાચો સમય કયો છે. જીવાત અને રોગચાળાની સમયસર ચેતવણી આપવાથી લઈને સિંચાઈ અને ખાતરના વધુ સારા આયોજન સુધી, એઆઇ ખેતીને વધુ સચોટ, અસરકારક અને ઓછા જોખમી બનાવે છે.

- નવું ડિજિટલ સાથી "ભારત-VISTAAR" લોન્ચ કરવામાં આવ્યું છે. આ એઆઇ આધારિત પ્લેટફોર્મ ખેડૂતોને ફોન કોલ, ચેટબોટ અને આગળ જતાં એપ દ્વારા હવામાન, બજાર ભાવ, જીવાત-રોગ, જમીન, પાક વિશેની સલાહ અને સરકારી યોજનાઓની માહિતી એક જ જગ્યાએ પૂરી પાડશે. ખેડૂતો હવે હાલ 155261 નંબર ડાયલ કરીને જે પણ સવાલ પૂછશે, તેનો તુરંત ઉકેલ મળશે.





## રાષ્ટ્રીય એઆઇ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મળશે મજબૂતી

ભારત સરકારે રાષ્ટ્રીય એઆઇ માળખાને વધુ મજબૂત બનાવવા માટે હાલના 38,000 GPU ઉપરાંત વધુ 20,000 GPU ઉમેરવાનો નિર્ણય લીધો છે. ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે 'ઇન્ડિયા એઆઇ ઇમ્પેક્ટ સમિટ 2026માં આ અંગેની જાહેરાત કરી હતી. GPU (ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ) એ એક શક્તિશાળી કોમ્પ્યુટર ચિપ છે. તે મશીનોને ઝડપથી ડેટા સમજવા, તસવીરો પ્રોસેસ કરવા, AI પ્રોગ્રામ ચલાવવા અને જટિલ કાર્યોને સામાન્ય પ્રોસેસરની તુલનામાં વધુ ઝડપ અને કાર્યક્ષમતાથી કરવામાં મદદ કરે છે.

પરિવર્તન કરવા માટે પણ એઆઇનો ઉપયોગ થશે. જવાબદાર અને નૈતિક એઆઇની પ્રતિબદ્ધતા માટે નીતિગત ફ્રેમ વર્ક બનશે.

### ભારતના માનવ વિઝનથી પ્રેરિત એઆઇ

ફેબ્રુઆરીમાં આયોજિત ઈન્ડિયા-એઆઇ ઇમ્પેક્ટ સમિટ દુનિયા માટે નવી ટેકનોલોજીના લોકતાંત્રિકરણ, માનવ કલ્યાણ માટે તેનો પ્રયોગ અને સુશાસન-સુરક્ષાની જવાબદારીનો આધાર બન્યું.

પ્રધાનમંત્રી મોદીએ AI માટે ભારતના 'માનવ' (MANAV) વિઝનને દુનિયા સમક્ષ રજૂ કર્યું. આ વિઝનનો અર્થ એ છે કે, AI રોજગારનો દુશ્મન નહીં, પરંતુ સહયોગી બને, તે ગામડાઓ અને ગરીબો સુધી પહોંચે અને આરોગ્ય તેમજ શિક્ષણ ક્ષેત્રે સુધારો લાવે. નાના વ્યવસાયોને સશક્ત બનાવે, ભારતનું આ મોડેલ પશ્ચિમી દેશો કરતાં અલગ છે, જ્યાં AI ને માત્ર વ્યાપારી નફા માટે નહીં, પરંતુ સામાજિક પરિવર્તનના સાધન તરીકે જોવામાં આવી રહ્યું છે. પીએમ

## ...જેથી તકોનો લાભ લઈ શકાય

### શાળાઓમાં પાયાની એઆઇ સાક્ષરતા

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) 2020: ડિજિટલ અને એઆઇ સાક્ષરતાને આવશ્યક યોગ્યતા તરીકે પ્રાથમિકતા આપવામાં આવી છે.
- એઆઇ અને કોમ્પ્યુટેશનલ થિંકિંગ પહેલની હેઠળ ગ્રેડ 3થી જ આની શરૂઆત કરવામાં આવી છે.
- એઆઇ સાથે પ્રગતિ માટે યુવા એઆઇમાં ધોરણ 8-12 ના વિદ્યાર્થીઓને આઠ વિષય આધારિત ક્ષેત્રોમાં વ્યવહારું એઆઇ સમાધાન માટે મદદ મળે છે.
- 'સૌના માટે યુવા એઆઇ હેઠળ 11 ભાષાઓમાં એક નિઃશુલ્ક રાષ્ટ્રીય AI સાક્ષરતા અભ્યાસક્રમ તૈયાર છે, જેનો લક્ષ્યાંક 1 કરોડ નાગરિકોને AI ની પાયાની જાણકારી આપવાનો છે.

### શિક્ષણમાં એઆઇનો ઉપયોગ

એઆઇ શિક્ષણને પર્સનલાઇઝ્ડ, સર્વસમાવેશી અને સરળ બનાવી રહ્યું છે, એઆઇ આધારિત પ્લેટફોર્મ દરેક વિદ્યાર્થીની જરૂરિયાત અને શીખવાની ગતિ મુજબ અભ્યાસ સામગ્રી તૈયાર કરે છે. આનાથી ધીમી ગતિએ શીખનારા અને ઝડપી શીખનારા બંનેને સમાન મદદ મળે છે. AI ની મદદથી ભાષાંતર પણ સરળ બન્યું છે, જેના કારણે અભ્યાસ સામગ્રી પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ થઈ શકે છે. એઆઇ આધારિત ટ્યુટરિંગ સિસ્ટમ તરત જ જવાબ આપે છે અને 24 કલાક શીખવામાં મદદરૂપ થાય છે. DIKSHA જેવા પ્લેટફોર્મ પણ AI નો ઉપયોગ કરીને વિવિધ જૂથના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી અને સરળ શૈક્ષણિક સામગ્રી પૂરી પાડી રહ્યાં છે. સરકારે આઈઆઈટી મદ્રાસ ખાતે એઆઇ ફોર એજ્યુકેશન' માટે એક સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરી છે.

## વ્યાવસાયિક અને ઉદ્યોગલક્ષી તાલીમ

- કૌશલ ભારત મિશન' અને 'એસઓઆઇ પહેલમાં સ્કિલિંગ ફોર એઆઇ રેડીનેસ હેઠળ ડિસેમ્બર 2025 સુધીમાં ખાનગી ભાગીદારી દ્વારા 1.34 લાખ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રશિક્ષણ અપાયુ.
- ભારતને અત્યાધુનિક ડિજિટલ પ્રતિભા ધરાવતો દેશ બનાવવાના ઉદ્દેશ્યથી ફ્યુચર સ્કિલ્સ પ્રાઇમ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. આ કાર્યક્રમ હેઠળ એઆઇ, બિગ ડેટા એનાલિટિક્સ, સાયબર સુરક્ષા, બ્લોક ચેઈન અને ક્લાઉડ કોમ્પ્યુટિંગ જેવા અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.
- http://futureskillsprime.in પોર્ટલ પર પોતાની યોગ્યતા અને રુચિ મુજબ કૌશલ્ય પ્રમાણપત્રો મેળવી શકાય છે. અત્યાર સુધીમાં 26.2 લાખ ઉમેદવારોએ નોંધણી કરાવી છે, જેમાંથી 16.6 લાખને પ્રશિક્ષિત કરવામાં આવ્યાં છે.
- સ્કિલ ઇન્ડિયા ડિજિટલ હબ વિવિધ શિક્ષાર્થીઓની દક્ષતા અનુરૂપ શરૂઆતથી લઈને ઉચ્ચ સ્તર સુધીના એઆઇ અને મશીન લર્નિંગના પાઠ્યપુસ્તક આપે છે. જેથી પ્રત્યેક ઇચ્છુક વ્યવસાયિક એઆઇ કેન્દ્રિત કરિયર તરફ આગળ વધી શકે.




મોદીએ એઆઇ માટેના ભારતના 'માનવ' (MANAV) વિઝનને પ્રસ્તુત કર્યું છે. તેમણે 'માનવ'નો અર્થ એ રીતે સમજાવ્યો.

- એમ- મોરલ એન્ડ એથિકલ સિસ્ટમઃ આર્ટિફિશિયલ ઇંટેલિજન્સ નૈતિક દિશા-નિર્દેશ પર આધારિત હોવી જોઈએ.
- એ-અકાઉન્ટેબલ ગર્વનેંસઃ પારદર્શી નિયમ અને સશક્ત નિરિક્ષણ
- એન- નેશનલ સૉવરેન્ટીઃ ડેટા તેના હકદાર માલિકનો છે..
- એ-એક્સેસિબલ એન્ડ ઈન્ક્લુસિવઃ એઆઇ એકાધિકાર નહિ ગુણક બનવું જોઈએ.
- વી-વેલિડ એન્ડ લેજિટીમેટઃ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કાયદેસર અને ચકાસણી યોગ્ય (સત્યાપન યોગ્ય) હોવી જોઈએ.

પ્રધાનમંત્રી મોદીનું સ્પષ્ટપણે કહેવું હતું કે, ભારતનું આ 'માનવ' વિઝન 21મી સદીની AI-સંચાલિત દુનિયામાં માનવતાના કલ્યાણ

કવર સ્ટોરી

## ઉન્નત એઆઇ પ્રતિભા અને અનુસંધાન ઈકોસિસ્ટમ

- ઈન્ડિયા એઆઇ મિશન અંતર્ગત 'ઈન્ડિયા એઆઇ ફ્યુચર સ્કિલ્સ' સ્નાતક, અનુસ્નાતક અને PhDના વિદ્યાર્થીઓ માટે ફેલોશિપ અને વિશેષ કૌશલ્ય-વર્ધન અભ્યાસક્રમો દ્વારા AI ઈકોસિસ્ટમનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.
- ઈન્ડિયા એઆઇ ફ્યુચરસ્કિલ્સ હેઠળ ડિસેમ્બર 2025 સુધીમાં 500 PhD સંશોધકો, 5,000 અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને 8,000 સ્નાતક વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે. આનાથી ઈનોવેશનને વેગ મળશે.
- ટિયર-2/3 શહેરોમાં 27 ઈન્ડિયા એઆઇ ડેટા અને AI લેબ્સ સ્થાપિત કરવામાં આવી છે. જેથી એઆઇ ડેટા અને સંબંધિત ક્ષેત્રો જેવા ડેટા ઈનોવેશન ડેટા ક્યુરેશન, ડેટા ક્લીનિંગ અને ડેટા સાયન્સ જેવા ક્ષેત્રો સાથે જોડાયેલા અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવશે.
- દેશની આઈઆઈટી અને પોલિટેકનિક સંસ્થાઓમાં વધારાની 543 ઈન્ડિયા એઆઇ ડેટા અને AI લેબ્સને મંજૂરી આપવામાં આવી છે. આનાથી મહાનગરો સિવાયના વિસ્તારોમાં પણ એઆઈના જ્ઞાનનું વિસ્તરણ સુનિશ્ચિત થશે.

## ફાઈનાન્સ અને કોમર્સમાં એઆઇ

**બેંકિંગ ચેટબોટ્સ**

**બેલેન્સ ચેક અને ફંડ ટ્રાન્સફર જેવી રૂટિન સેવાઓ માટે 24/7 મદદ પૂરી પાડે છે, જેનાથી ગ્રાહકોનો રાહ જોવાનો સમય બચી જાય છે.**



- એઆઇ ફાઈનાન્શિયલ સિક્યોરિટી, ઈનક્લુઝન અને સર્વિસ અનુભવને વધુ મજબૂત બનાવી રહ્યું છે.
- એઆઈ-પાવર્ડ સિસ્ટમ રિયલ ટાઈમમાં નાણાકીય છેતરપિંડી શોધી કાઢે છે અને ડિજિટલ ટ્રાન્ઝેક્શનને સુરક્ષિત બનાવે છે.
- એઆઈ-આધારિત ક્રેડિટ સ્કોરિંગ દ્વારા જે લોકો પાસે બેંક ખાતા નથી અથવા ઓછી સુવિધાઓ છે, તેવા લોકો માટે લોન મેળવવી સરળ બને છે.
- એઆઈ-ડ્રિવન પર્સનલાઈઝેશન દ્વારા ગ્રાહકોને તેમની જરૂરિયાત મુજબના નાણાકીય ઉત્પાદનો અને સલાહ મળે છે.

## શાસન અને સાર્વજનિક સેવાઓમાં એઆઇ

- એઆઇ જાહેર સેવાઓની કાર્યક્ષમતા, સુલભતા અને પારદર્શકતામાં વધારો કરી રહ્યું છે.
- અદાલતના ચુકાદાઓનો એઆઈની મદદથી સ્થાનિક ભાષાઓમાં અનુવાદ થવાથી ન્યાય પ્રક્રિયા વધુ સરળ બને છે.
- એઆઇ સરકારી યોજનાઓ અને અરજીઓની પ્રક્રિયામાં લાગતા સમયને ઘટાડે છે. કોર્ટમાં પણ એઆઇ કેસ મેનેજમેન્ટ અને કાયદાકીય સુલભતાને વધુ બહેતર બનાવે છે.



**એઆઇ દ્વારા ટ્રાફિક, કચરાનો યોગ્ય નિકાલ અને જાહેર સુરક્ષા પ્રણાલીઓને વધુ સુલભ બનાવવામાં આવી રહી છે.**



માટે એક મહત્વની કડી બનશે. તેમણે યાદ અપાવ્યું કે દાયકાઓ પહેલા જ્યારે ઈન્ટરનેટની શરૂઆત થઈ હતી, ત્યારે કોઈએ કલ્પના પણ નહોતી કરી કે તેનાથી કેટલી મોટી સંખ્યામાં રોજગારીની તકો ઊભી થશે. એ જ સ્થિતિ AI ના સંદર્ભમાં પણ છે, કારણ કે ભવિષ્યમાં કેવા પ્રકારની રોજગારીનું તકો ઉભી થશે તેનું પૂર્વાનુમાન લગાવવું મુશ્કેલ છે. AI ના ઉપયોગથી જ તેના ભવિષ્યની દિશા નક્કી થશે અને આ સંદર્ભમાં પીએમ મોદીએ જણાવ્યું કે, AI માં કાર્યનું ભવિષ્ય પૂર્વનિર્ધારિત નથી, પરંતુ તે સામૂહિક નિર્ણયો અને કાર્યો પર નિર્ભર રહેશે. આ મંચ પરથી ભારતે સંદેશ આપ્યો કે AI નો સાચો પ્રભાવ ત્યારે જ દેખાશે, જ્યારે યોગ્ય સમયે, સાચી નિયતથી અને સાચા નિર્ણયો લેવામાં આવે.

### 'એઆઇ ફોર ઓલ'થી વિકસિત ભારતનું નિર્માણ

ભારતે 'AI ફોર ઓલ' ની ભાવનાથી પ્રેરિત થઈને સરકારના કાર્યક્રમો નક્કી કર્યા છે, જેથી AI ની ક્ષમતાનો પૂરેપૂરો લાભ ઉઠાવી શકાય. પીએમ મોદીનું વિઝન સ્પષ્ટ છે કે, AI માત્ર મોટી કંપનીઓ માટે જ

## વાવાઝોડાની ગતિ પર નજર

- ભારતીય હવામાન વિભાગ દરિયાઈ તોફાનો અને વાવાઝોડા પર નજર રાખવા માટે સેટેલાઈટ આધારિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલ્સનો ઉપયોગ કરે છે. વાવાઝોડું કેટલું શક્તિશાળી છે, તેની ચોક્કસ માહિતી મેળવવામાં એડવાન્સ્ડ ડિવોરેક ટેકનોલોજીની મદદ લે છે. આ સાથે જ આઈએમડી હવામાનની આગાહી કરનારા યુરોપિયન સેન્ટર (ECMWF) પાસેથી મળતા એ-આઈ આધારિત ગાઈડન્સનો પણ ઉપયોગ કરે છે.

**પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે 22 પેટાફ્લોપ્સની ભારે ક્ષમતા ધરાવતી હાઈ-પાવર કોમ્પ્યુટિંગ સિસ્ટમ્સ (સુપર કોમ્પ્યુટર) સ્થાપિત કરી છે. આ સિસ્ટમનો લગભગ 10 ટકા હિસ્સો ખાસ કરીને એઆઇ સંબંધિત કાર્યો માટે ઉપયોગમાં લેવાય છે.**




- આ ઉપરાંત, હવામાનની આગાહીમાં એઆઇ અને મશીન લર્નિંગ રિસર્ચ માટે અલગથી ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ્સ પણ લગાવવામાં આવ્યા છે.
- આ શક્તિશાળી સિસ્ટમ્સ હવામાનનું વધુ સચોટ અનુમાન લગાવી શકે તેવા મોડલ્સ તૈયાર કરવામાં મદદ કરે છે.





## ભૂસ્ખલન, પૂર અને ગ્લેશિયર પર નજર

- ભારતમાં વિકસિત સ્વદેશી એઆઈ-આધારિત લેન્ડસ્લાઈડ એલર્ટ સિસ્ટમ હવે પહાડ ખસવાના (લેન્ડસ્લાઈડ) ત્રણ કલાક પહેલા જ એલર્ટ આપી દે છે. તેની સચોટતા 90 ટકાથી પણ વધુ છે. હિમાચલ પ્રદેશમાં 60 થી વધુ સ્થળોએ આ સિસ્ટમ લગાવવામાં આવી છે.
- ઈસરો દ્વારા (2021-24) માં આપેલા નાણાથી કાર્યરત ઈન્ડિયન લૅન્ડ ડેટા એસિમિલેશન સિસ્ટમ (આઈડીએલડીએસ), રિમોટ સેન્સિંગ અને વિશેષ કમ્પ્યુટર મોડેલ્સની મદદથી જમીનની સ્થિતિ અને પૂરના સંભવિત વિસ્તારોનું સચોટ અનુમાન લગાવે છે.
- BrahmaSATARK, બ્રહ્મપુત્ર બેસિન માટે પૂરના પૂર્વાનુમાન આપે છે, જ્યારે GBM-CLIMPACT એક એવું ટૂલકિટ છે જે ગંગા, બ્રહ્મપુત્ર અને મેઘના બેસિનમાં જળવાયુ પરિવર્તનના પ્રભાવ અને જળ ક્ષેત્રની તૈયારીઓનું આકલન કરે છે.
- એઆઈ આધારિત સિસ્ટમો મળીને જોખમની ચેતવણી સમય પહેલાં આપે છે, જેના કારણે લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની યોજના બનાવવી સરળ બને છે.
- એઆઈની મદદથી ઈમારતો અને વીજળી-પાણી જેવા મૂળભૂત ઢાંચાને થતા નુકસાનને ઘટાડવામાં મદદ મળે છે. જળવાયુ પરિવર્તન માટે સંવેદનશીલ વિસ્તારોમાં રહેતા સમુદાયોને વધુ સુરક્ષિત રાખી શકાય છે.

નહીં, પરંતુ 'એઆઈ ફોર ઈન્ડિયા' નો અર્થ 'એઆઈ ફોર ઓલ' છે. ભારતમાં AI નું લોકતાંત્રિકરણ નવી આધારશિલા રાખી રહયું છે. હવે તે વિકસિત ભારતની યાત્રાનો મહત્વપૂર્ણ આધારસ્તંભ છે- એઆઈ ફોર ઓલ. ભારત AI ને લોકતાંત્રિક બનાવી રહ્યું છે. એટલે કે સસ્તી કમ્પ્યુટિંગ પાવર અને ઓપન ડેટા સુધી સરળ પહોંચ. AI ના લોકતાંત્રિકરણનો અર્થ છે – એઆઈ ક્ષમતા, ઉપકરણ અને લાભોનું સમાન વિતરણ. તે માત્ર મુઠ્ઠીભર ટેક નિષ્ણાતો કે, કંપનીઓ સુધી મર્યાદિત ન રહે, પરંતુ એઆઈની જેવી વિશિષ્ટ ટેકનોલોજીનો લાભ દરેક સ્ટાર્ટઅપ, દરેક સંશોધક, દરેક વિદ્યાર્થી અને દરેક રાજ્ય સુધી પહોંચે. તેથી જ ભારત આજે 'ઈન્ડિયા એઆઈ મિશન' ના માધ્યમથી એઆઈ રિસર્ચ, સ્કેલિંગ અને કમ્પ્યુટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને દેશના ખૂણે-ખૂણે પહોંચાડી રહ્યું છે. ડેટા સેન્ટર્સથી લઈને ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી, ભારત એક મજબૂત એઆઈ ઈકોસિસ્ટમ બનાવી રહ્યું છે, જેની પાયાની અસર પણ દેખાઈ રહી છે. એઆઈ દ્વારા ખેડૂતોને હવામાનની



## જળવાયુ અને હવામાનની આગાહી માટે નવા એઆઈ ટૂલ્સ

- મૌસમ જીપીટી (Mausam GPT): નામનો એક AI ચેટબોટ વિકસાવવામાં આવી રહ્યો છે જે ખેડૂતો અને અન્ય લોકોને આબોહવા તેમજ હવામાન અંગે સલાહ આપશે.
- વરસાદની પેટર્નનું પૂર્વાનુમાન અને આગાહી કરવા માટે AI સંશોધન કરવામાં આવી રહ્યું છે.
- હવે આગની ઘટનાઓ, ધુમ્મસ, વીજળી પડવી અને ગાજવીજ સાથેના તોફાનની આગાહી કરવા માટે AIનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.
- ડીપ લર્નિંગ (Deep Learning) ટેકનોલોજી હવામાનમાં વરસાદની ચોક્કસ આગાહીઓને વધુ સટીક અને ચોક્કસ કરવામાં મદદ કરે છે.

### એઆઈની સાથે બદલાતું ભારત

ઇન્ડિયા એઆઈ મિશન માટે પાંચ વર્ષ દરમિયાન 10,300 કરોડથી વધુ રકમ ફાળવવામાં આવી છે અને 38,000 ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ (જીપીયુ) સમાવેશી નવાચારને સક્ષમ બનાવી રહ્યું છે.

**60** લાખ લોકો હાલમાં ટેકનોલોજી અને AI ઇકોસિસ્ટમમાં કામ કરી રહ્યાં છે.

આ વર્ષે ભારતનું ટેકનોલોજી ક્ષેત્ર 280 બિલિયન ડોલરની આવકનો આંકડો પાર કરે તેવી ધારણા છે.

**1.7** ટ્રિલિયન ડોલર એઆઈ ભારતની અર્થવ્યવસ્થામાં 2035 સુધીમાં ઉમેરાઈ શકે છે.



## દૈનિક જીવન અને કાર્યોમાં એઆઈની ભૂમિકા

- AI ઈનોવેશનની એક નવી લહેર ચાલી રહી છે જે દૈનિક જીવનના દરેક ભાગને પ્રભાવિત કરે છે; આરોગ્ય સેવા અને કૃષિથી લઈને શિક્ષણ, શાસન અને જળવાયુ પૂર્વાનુમાન સુધી
- એઆઈ તબીબોને રોગોનું ઝડપથી નિદાન કરવામાં મદદ કરે છે, ખેડૂતોને ડેટા આધારિત નિર્ણયો લેવામાં સહાય પૂરી પાડે છે, વિદ્યાર્થીઓના જ્ઞાન પ્રાપ્તિના સ્તરમાં સુધારો કરે છે અને શાસન વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ તથા પારદર્શી બનાવે છે.
- આ પરિવર્તનના કેન્દ્રમાં સૌથી મોટું ભાષાનું મોડલ એલએલએમ છે એટલે કે લાર્જ લેંગ્વેજ મોડલ. આ એક અદ્યતન AI સિસ્ટમ છે, જે વિશાળ ડેટામાંથી શીખીને મનુષ્યની જેમ ટેક્સ્ટને સમજવા અને ઉત્પન્ન કરવા માટે સક્ષમ હોય છે.
- ભારતનો એઆઈ દ્રષ્ટિકોણ માત્ર ટેકનોલોજી પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે સમાવેશ અને સશક્તિકરણ પર કેન્દ્રિત છે. રાષ્ટ્રીય પહેલો અને વૈશ્વિક સહયોગ દ્વારા, AIનો ઉપયોગ વાસ્તવિક પડકારોને ઉકેલવા, જાહેર સેવાઓને બહેતર બનાવવા અને દરેક નાગરિક માટે તકોને વધુ સુલભ બનાવવા માટે કરવામાં આવી રહ્યો છે.

સચોટ માહિતી, વિદ્યાર્થીઓને પર્સનલ લર્નિંગ, ડોક્ટરોને સચોટ નિદાન અને સ્ટાર્ટઅપ્સને વૈશ્વિક સ્પર્ધા કરવાની તાકાત મળી રહી છે. ભારતનો સંકલ્પ છે– 'એઆઈ ફોર ઓલ, એઆઈ બાય ઇન્ડિયા, એઆઈ ફોર ધ વર્લ્ડ અને આ જ છે એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સાચું લોકતાંત્રિકરણ. આ જ છે નવા ભારતની ઓળખ, જ્યાં વિકાસના કેન્દ્રમાં માનવતાના કલ્યાણ માટે ટેકનોલોજીનો પ્રયોગ છે. ભારતની એઆઈ ક્રાંતિની વિશેષતા દુનિયાના અન્ય દેશોની સરખામણીએ અલગ છે. અહીં એઆઈને માત્ર આર્થિક લાભના દષ્ટિકોણથી નહીં, પરંતુ સામાજિક પરિવર્તનના સશક્ત ઉપકરણના રૂપમાં અપનાવવામાં આવી રહયું છે.

### માનવ કેન્દ્રિત ટેકનોલોજીની તરફ આગળ વધતું ભારત

વર્ષ 2026માં આયોજિત 'એઆઈ ઈન્ડિયા ઈમ્પેક્ટ સમિટ' માત્ર એક ટેકનોલોજીકલ આયોજન નથી, પરંતુ એ નવા ભારતની તસવીર છે, જે ટેકનોલોજીને માનવતા અને સમાજની સેવા સાથે જોડે છે.

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ... સશક્ત ભારત

## એઆઈના જોખમોને ઘટાડનારા કાયદાઓ

***સ્વયં લેવામાં આવતા નિર્ણયોમાં એઆઈનો વધતો ઉપયોગ મૂંઝવણ, પક્ષપાત, ખોટી માહિતી અને ડીપફેક જેવા જોખમો પેદા કરી રહ્યો છે. ભારતનું માનવું છે કે આ પડકારોનો સામનો કરવા માટે કાયદા બનાવવાની સાથે સાથે સરકારને નવી અને અદ્યતન ટેકનોલોજીથી સશક્ત બનાવવી જરૂરી છે, જેથી અસરકારક અને સુરક્ષિત સિસ્ટમ સુનિશ્ચિત કરી શકાય.***

### માહિતી ટેકનોલોજી અધિનિયમ, 2000

- ખોટી માહિતી, ડીપફેક મારફતે છેતરપિંડી અથવા પર્સનલ ડેટાની ચોરી, છેતરપિંડી માટે કમ્પ્યુટરનો ઉપયોગ અને કોઈ પણ વ્યક્તિની સહમતિ વિના તેના ખાનગી વિસ્તારની તસવીરો ક્લિક કરવી, તેને પ્રકાશિત કરવી અને પ્રસારિત કરવા સંબંધિત ગુનાઓના ઉકેલ માટે જોગવાઈઓ કરવામાં આવી છે.
- અશ્લીલ કન્ટેન્ટ પ્રકાશિત અથવા પ્રસારિત કરવી જે ડીપફેક ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવી શકે છે. આ સજાપાત્ર ગુનો જાહેર કરવામાં આવ્યો છે.




### ભારતીય ન્યાય સંહિતા, 2023

- બીએનએસની કલમ 111માં કોઈપણ વ્યક્તિ અથવા વ્યક્તિઓના જૂથ દ્વારા સંગઠિત ગુનાઓ સિન્ડિકેટના સભ્યના રૂપમાં અથવા આવા સિન્ડિકેટ તરફથી આર્થિક ગુનાઓ અને સાયબર ગુનાઓ સહિત કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સામેલ હોવા પર દંડ ફટકારવામાં આવશે તેવી જોગવાઈ છે.
- બીએનએસની અલગ અલગ કલમમાં પણ માનહાનિ, છેતરપિંડી અને સાયબર ગુનાઓ માટે પણ જોગવાઈઓ છે.



### ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ, 2023



- ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ, 2023 અને ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન રૂલ્સ, 2025ને 13 નવેમ્બર, 2025ના રોજ સૂચિત કરવામાં આવ્યા હતા.
- આ કાયદામાં ડિજિટલ પર્સનલ ડેટાનું રક્ષણ કરવાની જવાબદારી ડેટા ફિડ્યુશરીઝને સોંપવામાં આવી છે અને તેમને જવાબદાર બનાવવામાં આવ્યા છે.
- તે નાગરિકોને તેમના ડેટા પર નિયંત્રણ આપે છે. કોઈપણ એજન્સી સંમતિ વિના ડેટાનો ઉપયોગ કરી શકતી નથી.
- એસપીડીઆઈ નિયમોમાં જોગવાઈ છે કે ડેટાનો ઉપયોગ ફક્ત જણાવેલ હેતુ માટે જ થવો જોઈએ. કોઈપણ થર્ડ પાર્ટી સાથે ડેટા શેર કરતા પહેલા પૂર્વ સંમતિ જરૂરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે ડિજિટલ પરિવર્તનની જે યાત્રા શરૂ કરી હતી, તે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઈના મોટા વિઝનમાં બદલાઈ ચૂકી છે. સરળ શબ્દોમાં કહીએ તો એઆઈ એવી ટેકનોલોજી છે જે મશીનોને વિચારવા અને શીખવા માટે સક્ષમ બનાવે છે. જે રીતે માણસો અનુભવમાંથી શીખે છે, પેટર્ન ઓળખે છે અને નિર્ણયો લે છે, તેવી જ રીતે એઆઈ સિસ્ટમ પણ ડેટાના આધારે શીખે છે અને નિર્ણય લે છે. ઉદાહરણ તરીકે સમજીએ કે જેમ તમારા મોબાઈલનું ફેસ અનલોક, ગૂગલ મેપ્સ પર ટ્રાફિકની માહિતી, ઓનલાઈન શોપિંગ તમારા માટે સૂચનો અને ચેટબોટ્સ મારફતે જવાબ મળે છે એ તમામ એઆઈના રૂપમાં છે. મશીન લર્નિંગ, ડીપ લર્નિંગ અને નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ સિસ્ટમ્સથી કમ્પ્યુટર્સ ભાષાને સમજે છે, તસવીરોને ઓળખે છે અને આગાહીઓ કરે છે. આજે એઆઈ માત્ર સુવિધા નથી, પરંતુ વિકાસનું એન્જિન બની ચૂક્યુ છે. વિશ્વભરમાં અંદાજ છે કે આગામી વર્ષોમાં એઆઈ વૈશ્વિક અર્થતંત્રમાં

કવર સ્ટોરી

## આઈટી નિયમો, 2021

- આઈટી નિયમોમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મને સુરક્ષિત અને વિશ્વસનીય ઈન્ટરનેટ પ્રત્યે ચોક્કસ જવાબદારી સુનિશ્ચિત કરવા માટે વિશેષ કાયદાકીય જવાબદારીઓ સોંપવામાં આવી છે. આમાં ખોટી માહિતી, ખોટી સૂચના અને ડીપફેકને દૂર કરવા માટે તાત્કાલિક કાર્યવાહીનો સમાવેશ થાય છે.
- કાયદાકીય જવાબદારીઓનું પાલન કરવામાં મધ્યસ્થીઓની નિષ્ફળતાની સ્થિતિમાં વર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી અથવા ફરિયાદી પ્રત્યે જવાબદાર રહેશે.
- મધ્યસ્થીઓ દ્વારા ફરિયાદ નિવારણ તંત્રની જોગવાઈઓ છે. જેમાં અન્ય બાબતોની સાથે સાથે પીડિતને અસર કરતી વિકૃત અથવા કૃત્રિમ રીતે જનરેટ કરેલી તસવીરો સંબંધિત કોઈપણ ફરિયાદના નિરાકરણ માટે 24 કલાકની સમયમર્યાદાની જોગવાઈ કરવામાં આવી છે.

**ગૃહ મંત્રાલયે સાયબર ગુનાઓને રિપોર્ટ કરવા માટે એક સમર્પિત પોર્ટલ [cybe crime.gov.in] લોન્ચ કર્યું છે. ટોલ-ફ્રી નંબર 1930 પર પણ કૉલ કરી શકાય છે. ભારત કાનૂની સુરક્ષા ઉપાયોને ટેકનિકલ સમાધાન સાથે જોડવામાં આવી રહ્યુ છે. ડીપફેક શોધવા, પ્રાઈવસી જાળવવા અને સાયબર સુરક્ષા માટે એઆઈ ડિવાઈસ બનાવવા માટે ભારત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (આઈઆઈટી) જેવી અગ્રણી સંસ્થાઓમાં સંશોધન અને વિકાસ પ્રોજેક્ટ્સ માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી રહી છે.**



## સલામત અને વિશ્વસનીય એઆઈના ભવિષ્ય માટેના પગલાં...

- એઆઈ સુરક્ષા અને વિવિધ હિતધારકો વચ્ચે વિશ્વાસ પેદા કરવા માટે ઈન્ડિયા એઆઈ સેફ્ટી ઈન્સ્ટીટ્યૂટ કામ કરી રહ્યુ છે.
- શૈક્ષણિક સંસ્થાઓ, સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગ જગત અને સરકારી સંસ્થાઓ સહિત હિસ્સેદારો, હબ-એન્ડ-સ્પોક મોડલના માધ્યમથી પરસ્પર જોડાય છે.
- જવાબદાર એઆઈની આસપાસ સાધનો અને માળખાને વિકસાવવામાં આવી રહ્યા છે, જે 10 થીમ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- મશીન અનલર્નિંગ, એઆઈ પૂર્વગ્રહ ઘટાડા, પ્રાઈવસીને વધારવા માટે ડિવાઈસ, એઆઈ ગવર્નન્સ પરીક્ષણ વગેરેને આવરી લેતા આઠ જવાબદાર એઆઈ પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે.
- વોટરમાર્કિંગ, સૈદ્ધાંતિક એઆઈ, જોખમ મૂલ્યાંકન, તણાવ પરીક્ષણ અને ડીપફેક ડિટેક્શન ટૂલ જેવા પ્રમુખ એઆઈ વિષયો પર વધુ પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન પણ કરવામાં આવી રહ્યું છે.

## એઆઈના ચાર શ્રેષ્ઠ કેન્દ્રો

ભારતમાં એઆઈ વિકસાવવા માટે અને એઆઈના માધ્યમથી દેશ હિતમાં કામ કરવાના ઉદ્દેશ્યથી ભારત સરકારે નાણાકીય વર્ષ 2023-24ની જાહેરાત બાદ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગલુરુ, આઈઆઈટી કાનપુર અને આઈઆઈટી રોપડ ખાતે ત્રણ એઆઈ શ્રેષ્ઠતા કેન્દ્રો સ્થાપિત કર્યા છે. આ ત્રણ કેન્દ્રો માટે કુલ 990 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. ત્યારબાદ 2025-26 ના બજેટમાં જાહેરાત કરવામાં આવી હતી કે 500 કરોડ રૂપિયાના ખર્ચે આઈઆઈટી મદ્રાસમાં એઆઈનું એક શ્રેષ્ઠ કેન્દ્રની સ્થાપના પણ કરવામાં આવી છે.



ટ્રિલિયન ડોલરનું યોગદાન આપશે. પછી ભલે તે ઔદ્યોગિક ઓટોમેશન હોય, ઝડપી ઉત્પાદન હોય, ખર્ચમાં ઘટાડો હોય કે સુધારેલી સેવાઓ હોય, એઆઈ લાખો કરોડો ડેટાનું થોડી સેકન્ડોમાં વિશ્લેષણ કરે છે. તેનાથી જીવનની સરળતામાં સુધારો થાય છે. હોસ્પિટલોમાં રોગોનું નિદાન હોય, ખેડૂતોને મળનારી હવામાનની સચોટ જાણકારી હોય અથવા વિદ્યાર્થીઓ માટે શિક્ષણને સમજવાની સરળતા હોય એઆઈ આ તમામને સરળ બનાવે છે. વિશ્વભરના મોટા દેશો આ ક્ષેત્રમાં ભારે રોકાણ કરી રહ્યા છે. ટેક કંપનીઓ એઆઈના મોટા મોડલ બનાવી રહી છે. રોબોટિક્સ, ઓટોમેશન, ડેટા વિશ્લેષણમાં ઝડપ, સંરક્ષણ અને સાયબર સુરક્ષામાં એઆઈના ઉપયોગથી એ સ્પષ્ટ છે કે જે દેશ એઆઈમાં આગળ હશે તે જ ભવિષ્યમાં અર્થવ્યવસ્થાનું નેતૃત્વ કરશે. ભારત આજે જી-20 વૈશ્વિક પ્લેટફોર્મ પર ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એઆઈનો મુદ્દો ઉઠાવી રહ્યું છે. ભારતનું વિઝન સ્પષ્ટ છે કે એઆઈ એ થોડા દેશોનો વિશેષાધિકાર ક્ષેત્ર ન બનવું જોઈએ. તે

## એઆઈ-આધારિત સ્ટાર્ટઅપ્સને સહાયતા

- દેશમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે જોડાયેલા 100થી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા આપવામાં આવી છે.
- યુરોપમાં 10 ભારતીય એઆઈ સ્ટાર્ટઅપ્સને વિસ્તરણ કરવામાં મદદ કરવા માટે સ્ટેશન એફ અને એચઈસી પેરિસ સાથે ઈન્ડિયા સ્ટાર્ટઅપ ગ્લોબલ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે.
- જવાબદાર એઆઈ અને સાયબર સુરક્ષામાં એઆઈ જેવા ક્ષેત્રોમાં કામ કરતા આ સ્ટાર્ટઅપ્સ હાલમાં સ્ટેશન એફ ખાતે તાલીમ લઈ રહ્યા છે.
- તાલીમ મેળવતા કેટલાક સ્ટાર્ટઅપ્સમાં પ્રાઈવસી વધારનારા એઆઈ અને સિક્યોર બ્લિંક એઆઈ સંચાલિત સાયબર સુરક્ષા, સર્વેલન્સ, એઆઈનો ઉપયોગ કરીને પૃથ્વીનું નિરીક્ષણ અને ઔદ્યોગિક નિરીક્ષણ માટે એઆઈ પર કેન્દ્રિત છે.

## યુવા શક્તિ અને એઆઈ... શિક્ષણ અને તાલીમની ઈકોસિસ્ટમ

ભારતની 65 ટકાથી વધુ વસ્તી 35 વર્ષથી ઓછી ઉંમરની છે. આ યુવાનો ભારતની ડિજિટલ અને ઈનોવેશન વ્યૂહરચનાના કેન્દ્રમાં પણ છે. ભારત એઆઈને યુવાનોના રોજગાર અને કૌશલ્ય વધારવા માટે એક આવશ્યક સાધન માને છે. આ માટે ભારત સરકાર શાળા શિક્ષણ, વ્યાવસાયિક તાલીમ, ઉચ્ચ શિક્ષણ, સંશોધન ફેલોશિપ અને ઉદ્યોગ સાથે કામ કરી રહી છે જેથી એઆઈ શિક્ષણ અને કૌશલ્યને વેગ આપી શકાય.

## આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કૌશલ્ય અને નવી તકો

- વિશ્વ બેન્કના દક્ષિણ એશિયા વિકાસ અહેવાલ મુજબ, દક્ષિણ એશિયામાં ભારતમાં એઆઈ સંબંધિત નોકરીની સૌથી વધુ તકો છે. 2025માં 5.8 ટકા વ્હાઈટ-કોલર જોબ લિસ્ટિંગ માટે એઆઈ કુશળતાની જરૂર હતી, જેમાં બેંગલુરુ (એઆઈ નોકરીઓનો 11 ટકા હિસ્સો) અને હૈદરાબાદ (9.57 ટકા), ત્યારબાદ મહારાષ્ટ્રના પુણે (6.95 ટકા) અને ચેન્નઈ (6.62 ટકા) નો ક્રમ આવતો હતો.
- AI-સંબંધિત નોકરીઓમાં પગાર વધારો પણ વધુ મળી રહ્યો છે. વિશ્વ બેન્કના અહેવાલ મુજબ, ડિજિટલ કૌશલ્યની જરૂર હોય તેવી નોકરીઓમાં સરેરાશ 12 ટકા પગાર પ્રીમિયમ મળે છે, જ્યારે એઆઈ કેન્દ્રિત નોકરીઓમાં 28 ટકા સુધી પ્રીમિયમ આપે છે.
- જાન્યુઆરી 2023થી માર્ચ 2025 વચ્ચે દક્ષિણ એશિયામાં એઆઈ સાથે જોડાયેલી નોકરીની પોસ્ટિંગ તમામ પદો પર 2.9 ટકાથી વધીને 6.5 ટકા થઈ છે. જેમાં એઆઈ કૌશલ્યની માંગમાં નોન-એઆઈ ભૂમિકાઓની સરખામણીએ 75 ટકા વધુ છે.
- સ્ટેનફોર્ડ એઆઈ ઈન્ડેક્સ રિપોર્ટ 2025 જણાવે છે કે ભારત લગભગ 33 ટકાની વાર્ષિક ભરતી દર સાથે એઆઈ પ્રતિભા અધિગ્રહણમાં દુનિયામાં આગળ છે. એટલું જ નહીં એઆઈ કૌશલ્યની પહોંચ સમાન વ્યવસાયોમાં વૈશ્વિક સરેરાશથી 2.5 ગણા વધુ છે.



> **માનવ ઈતિહાસમાં કેટલીક સદીઓ બાદ એક ટર્નિંગ પોઈન્ટ આવે છે અને તે ટર્નિંગ પોઈન્ટ સભ્યતાની દિશા નક્કી કરે છે. ત્યાંથી વિકાસની ગતિ બદલાય છે અને વિચાર, સમજણ અને કામ કરવાના પેરાડાઈમ્સ બદલાય છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

વિકાસશીલ રાષ્ટ્રો માટે પણ એક તક પણ બને. વર્તમાન દાયકાને ભારત ટેકેડ તરીકે જોવામાં આવી રહ્યો છે. આ દાયકામાં ભારત ટેકનોલોજીમાં જે કરી રહ્યું છે તે તેની એકવીસમી સદીની ક્ષમતાઓનો આધાર બનશે. ગ્રીન એનર્જી હોય કે પછી સ્પેસ ટેકનોલોજી હોય, મેન્યુફેક્ચરિંગ ટેકનોલોજી હોય, કે પછી એઆઈ હોય, માનવતાનું ભવિષ્ય નક્કી કરનારી તમામ ટેકનોલોજીમાં ભારત આજે અભૂતપૂર્વ રોકાણ કરી રહ્યું છે.




પ્રધાનમંત્રીનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

આ વિચારનું પરિણામ છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આજે ભારતની વિકાસ યાત્રાનો મુખ્ય આધારસ્તંભ બની ગયું છે. તે સુશાસનને મજબૂત બનાવી રહી છે, જાહેર સેવાઓના વિતરણમાં સુધારો કરી રહ્યું છે. અને એવા સમાધાનોને સક્ષમ બનાવી રહ્યું છે જે વ્યાપક સ્તર પર નાગરિકો સુધી પહોંચી શકે માનવ પ્રગતિને હંમેશા ટેકનોલોજીએ આકાર આપ્યો છે. વીજળીએ રોજિંદા જીવન અને કાર્યશૈલીને બદલી નાખ્યું છે, કમ્પ્યુટર્સે માહિતીની પ્રક્રિયા (પ્રોસેસિંગ) કરવાની રીતને બદલી નાખી છે, ઈન્ટરનેટે લોકો અને સીમાઓ પારની સિસ્ટમોને સીધી રીતે જોડ્યા છે અને મોબાઈલ ફોનની ટેકનોલોજીને સીધી નાગરિકોના હાથમાં મૂકી છે. એઆઈ આ આધારે નિર્માણ પામ્યું છે અને હવે કૃષિ, આરોગ્યસંભાળ, શિક્ષણ, ઉત્પાદન, આબોહવા સંરક્ષણ અને શાસન જેવા ક્ષેત્રોમાં પરિવર્તન લાવવા માટે માનવીઓ સાથે મળીને કામ કરી રહ્યું છે. ભારત માટે, એઆઈ તમામ માટે ઉપલબ્ધ હોય તેની ખાતરી કરવા માટે જરૂરી છે કે તેના ફાયદા વ્યાપકપણે વહેંચાય. ભારત 2047 સુધીમાં વિકસિત ભારતના તેના વિઝનને અનુરૂપ આ દિશામાં આગળ વધી રહ્યું છે.

### એઆઈના યુગમાં ભારતની યુવા શક્તિ

કોઈપણ દેશનું ભવિષ્ય તેની યુવા પેઢી પર નિર્ભર હોય છે. તેથી એ જરૂરી છે કે યુવાઓને ભવિષ્ય માટે અને ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટે તૈયાર કરવા જરૂરી છે. તેમાં સૌથી મોટી ભૂમિકા દેશની શિક્ષણ પ્રણાલીની પણ હોય છે. તેથી જ 21મી સદીની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ભારતની શિક્ષણ પ્રણાલીનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે. 2020 માં રજૂ કરાયેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જેને વૈશ્વિક

## ભારતની સુપરકોમ્પ્યુટર ક્ષમતા..

## જેથી એઆઈ આપે જલદી સમાધાન

- ભારતમાં રાષ્ટ્રીય સુપરકમ્પ્યૂટિંગ મિશન હેઠળ અત્યાર સુધીમાં 39 પેટાફ્લોપ્સની સંયુક્ત ક્ષમતાવાળા 37 સુપરકોમ્પ્યુટર બનાવવામાં આવ્યા છે અને કાર્યરત કરવામાં આવ્યા છે.
- આ સુપરકોમ્પ્યુટર દેશભરમાં શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ અને સંશોધન અને વિકાસ પ્રયોગશાળાઓમાં સ્થાપિત કરવામાં આવ્યા છે.
- 10 વધુ સુપરકોમ્પ્યુટર કાર્યરત કરવા માટે કામ ચાલી રહ્યું છે, જેમાં નેશનલ ફેસિલિટી સેન્ટરનો સમાવેશ થાય છે, જેમાં 20 પેટાફ્લોપ્સની ક્ષમતા સાથે ભારતનું સૌથી મોટું એચપીસી અને એઆઈ સેટઅપ છે.
- આત્મનિર્ભરતા માટે સર્વર, હાઈસ્પીડ ઈન્ટરકનેક્ટ, સિસ્ટમ સોફ્ટવેર સ્ટેક અને ડાયરેક્ટ-ટુ-ચિપ લિક્વિડ કૂલિંગ ટેકનોલોજી સહિત વિવિધ સ્વદેશી પેટાફ્લોપ્સ વિકસિત કરવામાં આવ્યા છે.
- સ્વદેશી પરમ રુદ્ર સુપરકોમ્પ્યુટર્સ સ્વદેશી સોફ્ટવેર સ્ટેક અને દેશમાં ડિઝાઈન, વિકસિત અને નિર્મિત રુદ્ર સીરિઝના સર્વરોનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યા છે.

**6,000**

રુદ્ર સર્વર પરમ રુદ્ર સુપર કમ્પ્યૂટરમાં લગાવવામાં આવ્યા છે. સાથે જ વધુ 1,500 સર્વર બનાવવામાં આવી રહ્યા છે.








પ્રધાનમંત્રીનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.




ધોરણોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. આ માટે જે પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું છે તે એઆઈ આધારિત છે. આજે ભારત એઆઈના વિકાસ અને તેને અપનાવવામાં અગ્રણી દેશોમાં સામેલ છે. તેના વિસ્તાર માટે સરકારે ઈન્ડિયા એઆઈ મિશન લોન્ચ કર્યું છે. તેનાથી વિશ્વ-સ્તરીય માળખાગત સુવિધા, હાઈ ક્વોલિટી ડેટા સેટ્સ અને રિસર્ચ ફેસિલિટી તૈયાર કરવામાં આવી રહી છે. ભારતમાં એઆઈ સેન્ટર્સ ઓફ એક્સીલન્સની સંખ્યા પણ વધારવામાં આવી રહી છે. આ કેન્દ્રોને પ્રખ્યાત સંસ્થાઓ, ઉદ્યોગો અને સ્ટાર્ટઅપ્સ દ્વારા સમર્થન આપવામાં આવી રહ્યું છે. ભારત મેક ઈન ઈન્ડિયા વિઝનને અનુસરી રહ્યું છે, અને આ ક્ષેત્રમાં તેનું એક વિઝન પણ છેઃ મેક એઆઈ વર્ક ફોર ઈન્ડિયા. આ ટેકનોલોજીની યાત્રા સમયસર પૂર્ણ થાય અને ભવિષ્યની ટેકનોલોજીમાં ભારતને “વિશ્વમાં શ્રેષ્ઠ” દેશોમાં સ્થાન મળે તે માટે કાર્ય ચાલી રહ્યું છે. ભારત જાહેર લાભ માટે એઆઈ એપ્લિકેશનો વિકસાવી રહ્યું છે. ભારતમાં એઆઈ પ્રતિભા ઓછી નથી. પોતાની વિવિધતાને ધ્યાનમાં રાખીને ભારત પોતાના વિશાળ ભાષા મોડેલો વિકસાવી રહ્યું છે. ભારત પોતાના અનુભવ અને કુશળતાને વહેંચવા માટે તૈયાર છે જેથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું ભવિષ્ય સારા માટે અને દરેક માટે ઉપલબ્ધ બને.

### ભારતની તૈયારીઃ મજબૂત ડિજિટલ પાયો

ભારતે એઆઈ (AI) તરફ અચાનક પગલું ભર્યું નથી. છેલ્લા એક દાયકાથી વધુ સમય દરમિયાન પોતાનો ડિજિટલ આધાર તૈયાર કર્યો છે. ડિજિટલ ઈન્ડિયા મિશન દ્વારા સરકારી સેવાઓને ઓનલાઈન કરવામાં આવી, ઈન્ટરનેટને સરળ બનાવાયું અને ડિજિટલ સશક્તિકરણનો પાયો નાખવામાં આવ્યો. તેમાં આધાર અને ડિજિટલ ઓળખ દ્વારા






દરેક નાગરિકને એક ડિજિટલ ઓળખ મળી. આથી સરકારી યોજનાઓનો લાભ સીધો લોકો સુધી પહોંચ્યો. યુપીઆઈ (UPI) એ ડિજિટલ પેમેન્ટને સરળ બનાવી દીધું. આજે નાના દુકાનદારથી લઈને મોટા વેપારી સુધી તેનો ઉપયોગ કરી રહ્યા છે. કોવિન પ્લેટફોર્મે કોવિડ-19 દરમિયાન લાખો રસીકરણનું ડિજિટલી સંચાલન કર્યું. જે વિશ્વ સમક્ષ ભારતની તકનીકી ક્ષમતાઓનું ઉદાહરણ બન્યું હતું. આ બધી પહેલો ડેટા, ડિજિટલ માળખાગત સુવિધા અને તકનીકી આત્મવિશ્વાસ આપ્યો છે જે એઆઈ માટે જરૂરી હતો. સરકારે “ઈન્ડિયા એઆઈ મિશન”ના માધ્યમથી એઆઈ રિસર્ચ, સ્ટાર્ટ અપ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવા માટે મોટા રોકાણોની જાહેરાત કરી. સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપ્યું. ભારતની વિવિધ ભાષાઓને ધ્યાનમાં લેતા એઆઈ મોડલ્સ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યુ છે જેથી ખાતરી કરી શકાય છે ટેકનોલોજી ફક્ત અંગ્રેજી સુધી મર્યાદિત રહે નહીં. ભારત સરકાર જવાબદાર અને નૈતિક એઆઈ પર ભાર મુકી રહી છે. જેમાં ડેટા સુરક્ષા, પારદર્શિતા, જવાબદારી અને નાગરિકોની પ્રાઈવસીનું રક્ષણ સામેલ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીની પરિવર્તનશીલ શક્તિ મહત્વપૂર્ણ છે, અને તેથી તે નૈતિક અને સમાવિષ્ટ બનાવવું જોઈએ. આજે એઆઈનો ઉપયોગ દરેક જગ્યાએ થઈ રહ્યો છે, રિટેલથી લઈને લોજિસ્ટિક્સ સુધી, ગ્રાહક સેવાથી લઈને બાળકોના હોમવર્ક સુધી. તેથી ભારતમાં એઆઈની શક્તિનો ઉપયોગ સમાજના દરેક વર્ગ માટે થઈ રહ્યો છે.

એઆઈ ફક્ત શિક્ષણ, આરોગ્ય, સુરક્ષા અને રોજગાર માટે નવી તકો પૂરી પાડી નથી રહ્યું, પરંતુ નિર્ણય લેવાની પ્રક્રિયામાં દરેકને સમાન ભાગીદાર પણ બનાવી શકે છે. ડેટા એનાલિટિક્સ ખાતરી કરવામાં મદદ કરી શકે છે કે સરકારી યોજનાઓના લાભો છેવાડા લોકો સુધી પહોંચે છે કે નહીં. એઆઈ સંચાલિત ડેટા ચકાસણી છેતરપિંડી કરનારા લાભાર્થીઓને ઓળખી શકે છે અને ખાતરી કરી શકે છે કે લાભો દરેક જરૂરિયાતમંદ સુધી પહોંચે. 2018માં ભારતે ચોક્કસ ક્ષેત્રોમાં એઆઈના

> **એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026માં વિશ્વને ભારતની એઆઈ ક્ષેત્રમાં અદભૂત ક્ષમતાઓ જોવા મળી હતી. દરમિયાન ભારતે ત્રણ મેડ ઈન ઈન્ડિયા એઆઈ મોડલ પણ લોન્ચ કર્યા. આ સમિટ અત્યાર સુધીની સૌથી મોટી એઆઈ સમિટ રહી છેઃ**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે "નેશનલ સ્ટ્રેટેજી ફોર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ"ની શરૂઆત કરી હતી. જેનો ઉદ્દેશ્ય કેટલાક ખાસ ક્ષેત્રોમાં એઆઈના વિકાસને પ્રોત્સાહન આપવાનો હતો. વર્ષ 2021માં "રિસ્પોન્સિબલ એઆઈ" પર એક ડ્રાફ્ટ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં નૈતિકતા, પારદર્શિતા અને જવાબદારીને પ્રાથમિકતા આપવામાં આવી હતી. આ રાષ્ટ્રીય વ્યૂહરચના "એઆઈ ફોર ઓલ" ની થીમ પર વિકસાવવામાં આવી હતી. ગયા વર્ષે પ્રધાનમંત્રી મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે "મેકિંગ એઆઈ ઈન ઈન્ડિયા" અને "મેકિંગ એઆઈ વર્ક ઈન ઈન્ડિયા" ના વિઝનને અનુસરીને 10,000 કરોડ રૂપિયાથી વધુની બજેટ જોગવાઈ સાથે રાષ્ટ્રીય સ્તરે ઈન્ડિયા એઆઈ મિશનને મંજૂરી આપી હતી. આ મિશન સાર્વજનિક અને ખાનગી ક્ષેત્રોમાં વ્યૂહાત્મક કાર્યક્રમો અને ભાગીદારીના માધ્યમથી એઆઈ ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે એક વિશાળ ઈકોસિસ્ટમ સ્થાપિત કરશે. 2025માં ભારત અને ફ્રાન્સની સહ-અધ્યક્ષતામાં આયોજીત પેરિસ એઆઈ સમિટમાં પ્રધાનમંત્રી મોદીએ એઆઈને વધુ સમાવિષ્ટ અને અસરકારક બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો, જેથી તે બધા ક્ષેત્રો માટે ઉપયોગી થઈ શકે. આ સંદર્ભમાં એઆઈ મહિલાઓની સુરક્ષા અને લિંગ-આધારિત હિંસા અટકાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. એઆઈ આધારિત ઈમરજન્સી એલર્ટ સિસ્ટમ મહિલાઓને તાત્કાલિક સહાય પૂરી પાડી શકે છે. "વિકસિત ભારત 2047" ના વિઝનનો હેતુ ભારતને એક સશક્ત અને આત્મનિર્ભર રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવાનો છે. આ ટેકનોલોજી તેમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. આ ટેકનોલોજી એક સમાવિષ્ટ અને પ્રગતિશીલ સમાજના વિકાસમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

ભારતની એઆઈ યાત્રા ફક્ત કોડ અને અલ્ગોરિધમ્સની વાર્તા નથી. તે એક એવા વિચારની વાર્તા છે જે ટેકનોલોજીને માનવ ભાગીદાર તરીકે જુએ છે. આજે ભારત એઆઈના યુગમાં એક દ્રષ્ટિકોણ સાથે આગળ વધી રહ્યું છે જે માનવતાની દિશાને આકાર આપશે. કેટલાક લોકો ચિંતા કરે છે કે મશીનો બુદ્ધિમત્તામાં મનુષ્યોને પાછળ છોડી દેશે. પરંતુ સામૂહિક ભવિષ્ય અને સહિયારા ભાગ્યની ચાવી માનવ સિવાય કોઈ પાસે નથી. તેથી એઆઈ જાદુ નથી, પરંતુ એક શક્તિશાળી સાધન છે. તેનો પ્રભાવ આપણે તેનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ તેના પર નિર્ભર રહેશે. ભારતનો સંદેશ સ્પષ્ટ છેઃ "એઆઈનું ભવિષ્ય ફક્ત ત્યારે જ ઉજ્જવળ છે જો તે માનવતા સાથે ચાલે."

નિશ્ચિત રીતે એઆઈ સાથે આપણે એક નવા યુગમાં પ્રવેશી રહ્યા છીએ. એઆઈનો વિસ્તાર ટેકનોલોજીના એક સાધન કરતાં ઘણું વધારે છે. એઆઈ નવા ભવિષ્યને આકાર આપવાનો પાયો બની રહ્યું છે. એઆઈની સૌથી મોટી શક્તિઓમાંની એક લોકોને જોડવાની તેની ક્ષમતા છે. એઆઈનો યોગ્ય ઉપયોગ માત્ર દેશની આર્થિક પ્રગતિને સુનિશ્ચિત કરતું નથી પરંતુ સમાનતા અને સામાજિક ન્યાય પણ સુનિશ્ચિત કરે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે તેનો ડિજિટલ પાયો મજબૂત કર્યો છે, એઆઈ મિશન શરૂ કર્યું છે અને વિશ્વને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે એઆઈનું ભવિષ્ય માનવતા સાથે રહેલું છે, તેના વિના નહીં. ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026 આ વિશ્વાસનો ઉત્સવ બન્યો છે. ▪

સેવા તીર્થમાં કેન્દ્રીય મંત્રીમંડળની પહેલી બેઠક

# 'કેરળ' બનશે હવે 'કેરળમ'

## શ્રીનગર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર બનશે સિવિલ એન્ક્લેવ

*યુગાબ્દ 5127, વિક્રમ સંવત 2082, ફાગણ સુદ આઠમ, 24 ફેબ્રુઆરીના રોજ નવનિર્મિત સેવા તીર્થમાં કેન્દ્રીય મંત્રીમંડળની પ્રથમ બેઠક યોજાઈ. તેમાં દેશ માટે અનેક અભૂતપૂર્વ નિર્ણયો લેવાયા. આ દરમિયાન મંત્રીમંડળે એવો સંકલ્પ પણ લીધો કે સ્વદેશી વિચાર, આધુનિક સ્વરૂપ અને 140 કરોડ દેશવાસીની અનંત ક્ષમતાના પાયા પર બનેલું સેવા તીર્થ રાષ્ટ્ર સેવાના કર્તવ્ય-યજ્ઞને નિરંતર આગળ વધારશે...*



કેબિનેટના નિર્ણયોનું પ્રેસ બ્રીફિંગ જોવા માટે QR કોડ સ્કેન કરો.

**નિર્ણય: 'કેરળ' રાજ્યનું નામ બદલીને 'કેરળમ' કરવાના પ્રસ્તાવને મંજૂરી.**

**અસર:** કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા સ્વીકૃત કેરળ (નામ પરિવર્તન) વિધેયક 2026ને રાષ્ટ્રપતિ દ્વારા કેરળ રાજ્ય વિધાનસભામાં બંધારણના અનુચ્છેદ 3ની જોગવાઈ હેઠળ વિચાર-વિમર્શ માટે મોકલાશે. કેરળ રાજ્ય વિધાનસભાનો અભિપ્રાય મળ્યા પછી ભારત સરકાર આગળની કાર્યવાહી કરશે.

**નિર્ણય: શ્રીનગર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પ્રસ્તાવિત 1,677 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે સિવિલ એન્ક્લેવના વિકાસને મંજૂરી.**

**અસર:** આ કાશ્મીર ઘાટીમાં એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટીને મજબૂત કરવાની દિશામાં એક મહત્ત્વનું પગલું છે. 73.18 એકરમાં ફેલાયેલી નવી સિવિલ એન્ક્લેવ પરિયોજનામાં 71,500 ચોરસ મીટરમાં ફેલાયેલું એક અત્યાધુનિક ટર્મિનલ બિલ્ડિંગ હશે, જે પીક અવર્સ (વ્યસ્ત સમય)માં 2,900 મુસાફરોની સેવા અને દર વર્ષે 1 કરોડ મુસાફરોની વાર્ષિક ક્ષમતા માટે ડિઝાઈન કરાયું છે. તે અંતર્ગત સુરક્ષા કર્મીઓ માટે બેરેકોનું નિર્માણ પણ સામેલ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારા ઉપરાંત, આ પ્રોજેક્ટથી ડલ સરોવર, શંકરાચાર્ય મંદિર અને મુગલ ગાર્ડન જેવા પ્રસિદ્ધ પ્રવાસન સ્થળો સાથે યોગ્ય જોડાણ સ્થાપિત કરીને પ્રવાસન અને આર્થિક વિકાસને નોંધપાત્ર પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે. તેનાથી રોજગારીની તકો ઊભી થશે અને રોકાણને વેગ મળશે. શ્રીનગર એક અગ્રણી પ્રવાસન અને આર્થિક કેન્દ્ર તરીકે પોતાની સ્થિતિ મજબૂત કરશે.

**નિર્ણય: 2026-27 સિઝન માટે કાચા શણ (જૂટ) ના લઘુતમ ટેકાના ભાવ (એમએસપી) ને મંજૂરી.**

**અસર:** કાચા શણ (ટીડી-3 ગ્રેડ)ની એમએસપી રૂ. 5,925 પ્રતિ ક્વિન્ટલ નક્કી કરાઈ છે. આનાથી શણના અખિલ ભારતીય સરેરાશ ઉત્પાદન ખર્ચ પર 61.8 ટકા નફો સુનિશ્ચિત થશે. 2026-27 માટે કાચા શણના ટેકાના ભાવ પાછલી માર્કેટિંગ સિઝન 2025-26ની તુલનામાં પ્રતિ ક્વિન્ટલ રૂ. 275 વધુ છે. ભારતીય શણ નિગમ ભાવ

સમર્થન કામગીરી માટે કેન્દ્ર સરકારની નોડલ એજન્સી તરીકે કામ ચાલુ રાખશે. આ કામગીરીમાં થતા કોઈપણ નુકસાનની ભરપાઈ સંપૂર્ણપણે કેન્દ્ર સરકાર દ્વારા કરાશે.

**નિર્ણય: મહારત્ન સીપીએસઈ પર લાગુ શક્તિઓના ડેલિગેશન સંબંધિત, લોક ઉદ્યમ વિભાગના 4 ફેબ્રુઆરી, 2010ના દિશા-નિર્દેશો હેઠળ, પાવર ગ્રીડને વધુ સત્તા સોંપવાની મંજૂરી.**

**અસર:** આ મંજૂરીથી પાવરગ્રીડની પેટા કંપની દીઠ ઈક્વિટી રોકાણની મર્યાદા વર્તમાન 5,000 કરોડ રૂપિયાથી વધીને 7,500 કરોડ રૂપિયા થઈ ગઈ છે, જ્યારે કંપનીની કુલ સંપત્તિના 15 ટકાની વર્તમાન મર્યાદા જાળવી રખાઈ છે. આ મંજૂરીથી દેશના સૌથી મોટા અને સૌથી અનુભવી ટ્રાન્સમિશન સેવા પ્રદાતા, પાવર ગ્રીડને તેના મુખ્ય વ્યવસાયમાં રોકાણ વધારવા અને રિન્યુએબલ એનર્જી ક્ષમતાના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં મદદ મળશે. તેનાથી બિન-અશ્મિભૂત આધારિત સ્ત્રોતોમાંથી 500 ગીગા વૉટના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવામાં સહાયતા મળશે.

**નિર્ણય: મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, બિહાર અને ઝારખંડના 8 જિલ્લામાં રેલવે લાઈનોની સંખ્યા વધારવા સંબંધિત ત્રણ મલ્ટી ટ્રેકિંગ પ્રોજેક્ટ્સને મંજૂરી.**

**અસર:** ભારતીય રેલવેના વર્તમાન નેટવર્કમાં લગભગ 307 કિલોમીટરનો વધારો થશે. પ્રસ્તાવિત મલ્ટી ટ્રેકિંગ પ્રોજેક્ટથી લગભગ 5,407 ગામોમાં જોડાણમાં સુધારો થશે, જેની વસ્તી લગભગ 98 લાખ છે. કુલ 9,072 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચ સાથે આ પ્રોજેક્ટ્સ 2030-31 સુધીમાં પૂર્ણ થશે. આ રેલ લાઈન ક્ષમતાથી આવાગમનમાં નોંધપાત્ર સુધારો થશે અને ભારતીય રેલવેની ઓપરેશનલ કાર્યક્ષમતા અને સેવાની વિશ્વસનીયતા વધશે. આ કાર્ય પૂર્ણ થવાથી સંચાલન સુવ્યવસ્થિત બનશે અને માલ તથા મુસાફરોની ભીડ ઓછી કરવામાં મદદ મળશે.



## 'સેવા તીર્થ' માં કેન્દ્રીય મંત્રીમંડળની ઐતિહાસિક પ્રથમ બેઠક



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નવા પ્રધાનમંત્રી કાર્યાલય 'સેવા તીર્થ' માં કેન્દ્રીય મંત્રીમંડળની ઐતિહાસિક પ્રથમ બેઠકનું આયોજન કરાયું. આ બેઠકની સાથે કેન્દ્રીય મંત્રીમંડળે એ સંકલ્પ દોહરાવ્યો કે અહીં લેવાયેલો દરેક નિર્ણય 140 કરોડ દેશવાસીઓ પ્રત્યે સેવા-ભાવથી પ્રેરિત હશે અને રાષ્ટ્ર-નિર્માણના વ્યાપક લક્ષ્ય સાથે જોડાયેલો હશે. આ પરિસરમાં લેવાયેલો પ્રત્યેક નિર્ણય ‘નાગરિક દેવો ભવ’ની ભાવનાથી પ્રેરિત હશે. આ સ્થાન સત્તાના પ્રદર્શનનું નહીં પરંતુ પ્રત્યેક ભારતીયના સશક્તિકરણનું કેન્દ્ર બનશે. ‘સેવા તીર્થ’ થી સંચાલિત શાસનનો દરેક પ્રયાસ દેશના અંતિમ વ્યક્તિના જીવનને સરળ બનાવવાની ભાવના સાથે જોડાયેલો રહેશે.

**નિર્ણય: ગુજરાત મેટ્રો રેલ નિગમ લિ. અંતર્ગત ગિફ્ટ સિટીથી શાહપુર સુધીના વર્તમાન ઉત્તર-દક્ષિણ કોરિડોરના વિસ્તરણને સ્વીકૃતિ.**


**અસર:** આ કોરિડોર 3.33 કિલોમીટર લાંબો હશે અને તેમાં ત્રણ એલિવેટેડ સ્ટેશન હશે. આ પ્રોજેક્ટ લગભગ ચાર વર્ષમાં પૂર્ણ થવાની ધારણા છે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ 1,067.35 કરોડ રૂપિયા છે. આ કોરિડોરથી 2029માં લગભગ 23,702 મુસાફરો અને 2041માં લગભગ 58,059 મુસાફરોને લાભ મળવાની અપેક્ષા છે. આ કોરિડોર અમદાવાદ અને ગિફ્ટ ક્ષેત્ર વચ્ચેના સંપર્કને મજબૂત કરશે. પ્રસ્તાવિત માર્ગ પર સ્થિત મુખ્ય બહુરાષ્ટ્રીય કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યાપારી કેન્દ્રોને તેનાથી સીધો લાભ મળશે. ■

# ચિપ નિર્માણ માં ભારત બનશે આત્મનિર્ભર

*વિકસિત ભારતનું નિર્માણ ત્યારે જ શક્ય છે, જ્યારે ભારત આત્મનિર્ભર બનશે અને તે માટે 'મેડ ઈન ઈન્ડિયા' ચિપનું હોવું ખૂબ જરૂરી છે. કારણ કે ચિપ મેડ ઈન ઈન્ડિયા હશે ત્યારે આપણે આધુનિક સાધન-સામગ્રીના ઉત્પાદન માટે બીજા તરફ જોવું નહીં પડે. આ જ કારણ છે કે 21 ફેબ્રુઆરીએ ઉત્તર પ્રદેશમાં એચસીએલ-ફોક્સકોન સેમિકન્ડક્ટર યુનિટના ભૂમિપૂજન સમારંભમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતને ચિપ મેન્યુફેક્ચરિંગમાં આત્મનિર્ભર બનાવવું છે. તો 28 ફેબ્રુઆરીએ તેમણે ગુજરાતના સાણંદમાં માઈક્રોન ટેકનોલોજીના સેમિકન્ડક્ટર એસેમ્બલી, ટેસ્ટ અને પેકેજિંગ કેન્દ્રનું પણ ઉદઘાટન કર્યું...*

ભારત, આજે વિકસિત રાષ્ટ્ર બનવાના લક્ષ્ય તરફ ખૂબ ઝડપથી આગળ ધપી રહ્યું છે. આ દાયકામાં ભારત ટેકનોલોજીના ક્ષેત્રમાં જે કામ કરી રહ્યું છે, તે જ 21મી સદીમાં દેશની તાકાત અને પ્રગતિનો મજબૂત પાયો બનશે. ગ્રીન એનર્જી, સ્પેસ ટેક, ડિજિટલ અને મેન્યુફેક્ચરિંગ ટેકનોલોજીની સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, માનવતાનું ભવિષ્ય નક્કી કરનારી દરેક ટેકનોલોજીમાં ભારત અભૂતપૂર્વ રોકાણ કરી રહ્યું છે. ઉત્તર પ્રદેશમાં એચસીએલ-ફોક્સકોન સેમિકન્ડક્ટર યુનિટના શિલાન્યાસ સમારંભમાં  પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતમાં સશક્ત સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમનો વિકાસ પણ આનું એક ઉત્તમ ઉદાહરણ છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારતે પોતાની સફર ભલે મોડી શરૂ કરી હોય, પરંતુ હવે બહુ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. ભારતે પોતાના સેમિકન્ડક્ટર મિશન હેઠળ, અત્યાર સુધી 10 સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન અને પેકેજિંગ પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે, જેમાંથી ચાર યુનિટમાં બહુ ઝડપથી ઉત્પાદન શરૂ થવાનું છે.

સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમનો અર્થ માત્ર એક ફેક્ટરી નથી હોતો. આ ઈકોસિસ્ટમ, મશીન બનાવનારા, ડિઝાઈન એન્જિનિયર, રિસર્ચ ઈન્સ્ટિટ્યુશન્સ, લોજિસ્ટિક્સ નેટવર્ક અને કુશળ ટેકનિશિયન જેવા અનેક લેયર્સથી મળીને બને છે. દરેકના તાલમેલથી એક ચિપ તૈયાર થાય છે. ભારત પણ, સેમિકન્ડક્ટર ઈકો સિસ્ટમની સમગ્ર વેલ્યુચેઈન પર ફોકસ કરી રહ્યું છે. ગુજરાતના સાણંદમાં માઈક્રોન




**અત્યાર સુધી સેમિકોન ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ કુલ 10 પ્રોજેક્ટ્સને મંજૂરી અપાઈ છે. તેમાં માઈક્રોન સિવાય, બીજા ત્રણ પ્રોજેક્ટ્સ પણ બહુ જલ્દી પ્રોડક્શન શરૂ કરવાના છે. આપણે જે સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ બનાવી રહ્યા છીએ તે પેન ઈન્ડિયા છે. એટલે કે વિકસિત ભારતના નવા ટેક હબ્સ દેશના દરેક ભાગમાં વિકસિત કરાઈ રહ્યા છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

પ્રધાનમંત્રીનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો





## એચસીએલ-ફોક્સકોન સંયુક્ત સાહસ પરિયોજના-ઈન્ડિયા ચિપ પ્રાઈવેટ લિમિટેડનો શિલાન્યાસ

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના યમુના એક્સપ્રેસવે ઔદ્યોગિક વિકાસ સત્તામંડળમાં એચસીએલ-ફોક્સકોન સંયુક્ત સાહસ પરિયોજના-ઈન્ડિયા ચિપ પ્રાઈવેટ લિમિટેડનો શિલાન્યાસ કર્યો.
- એચસીએલ-ફોક્સકોન સેમિકન્ડક્ટર ફેસિલિટીની સ્થાપના ભારતની ટેકનિકલ આત્મનિર્ભરતાની યાત્રામાં એક મહત્ત્વનો પડાવ છે.
- આ પ્રોજેક્ટના માધ્યમથી ભારતને હાઈ-એન્ડ ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ માટે એક વિશ્વસનીય ગ્લોબલ ડેસ્ટિનેશન તરીકે સ્થાપિત કરવાનો લક્ષ્યાંક રખાયો છે.

પ્રધાનમંત્રીનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો

## આ પરિયોજના માટે રૂ. 3,700 કરોડથી વધુનું રોકાણ

- રૂ. 3,700 કરોડથી વધુનું રોકાણ ધરાવતી આ પરિયોજના ઘરેલુ ઉત્પાદન ક્ષમતાને મજબૂત કરવા, આયાત પર નિર્ભરતા ઘટાડવા તેમજ મજબૂત ગ્લોબલ સપ્લાય ચેઈન બનાવવામાં મદદ કરશે.
- આ મોબાઈલ ફોન, ટેબ્લેટ, લેપટોપ, ઓટોમોટિવ, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય ઉપકરણો જેવા પ્રમુખ ક્ષેત્રોને સહયોગ આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.
- આ પહેલ દ્વારા ભારતની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને ઘણું પ્રોત્સાહન મળશે, જેનાથી ઈનોવેશન, સ્કિલ ડેવલપમેન્ટ અને ટેકનોલોજી ટ્રાન્સફરને વેગ મળશે.
- એન્જિનિયર, ટેકનિશિયન અને પ્રોફેશનલ્સ માટે હજારો પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે. આ સાથે સહાયક ઉદ્યોગોના વિકાસને પણ ગતિ મળશે.
- આ પ્રોજેક્ટ એક મજબૂત અને આત્મનિર્ભર ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ બનાવવાની દિશામાં મોટું પગલું છે.

## ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશનના પહેલા એટીએમપીનું ગુજરાતમાં ઉદ્ઘાટન


- સાણંદ એટીએમપી પ્લાન્ટથી ભારતમાં બનેલા પ્રથમ સેમિકન્ડક્ટર મેમરી મોડ્યુલનું કોમર્શિયલ ઉત્પાદન અને શિપમેન્ટ શરૂ થઈ ગયું છે. જે વૈશ્વિક સેમિકન્ડક્ટર વેલ્યુ ચેઈનમાં ભારતની સ્થિતિને મજબૂત કરવાની દિશામાં એક મોટું પગલું છે.
- સાણંદના આ પ્રોજેક્ટનો શિલાન્યાસ સપ્ટેમ્બર 2023માં થયો હતો અને તે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (આઈએસએમ) હેઠળ મંજૂર થયેલી પ્રથમ દરખાસ્ત હતી.
- તેનાથી રૂ. 22,500 કરોડથી વધુના કુલ ખર્ચ સાથે, બાંધકામની મંજૂરી મળ્યાના તરત જ બાદ શરૂ કરાયો હતો. તેનાથી દેશમાં વ્યૂહાત્મક સેમિકન્ડક્ટર રોકાણને વેગ આપવા માટે સરકારની પ્રતિબદ્ધતા સ્પષ્ટ થાય છે.
- સાણંદ પ્લાન્ટ સંપૂર્ણ રીતે કાર્યરત થયા બાદ આશરે 5 લાખ ચોરસ ફૂટનો ક્લિનરૂમ એરિયા ઉપલબ્ધ થશે અને અહીં દુનિયાના સૌથી મોટા રેડ્ડ-ફ્લોર ક્લિન રૂમ્સમાંનો એક બની જશે.

સેમિકન્ડક્ટર ટેક્નોલોજી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડની સુવિધાના ઉદઘાટન પ્રસંગે પીએમ મોદીએ કહ્યું કે, આ વર્ષના બજેટમાં ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન 2.0ની જાહેરાત કરાઈ છે. તેનો હેતુ એ છે કે, જેમ-જેમ ઉત્પાદન વધશે, તેમ-તેમ ભારતમાં જ તેની સામગ્રીની માંગ વધશે. ■

**તમિલનાડુ અને પુડુચેરીને મળ્યા 7,100 કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ**

# મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર...

# જીવન બનશે વધુ સારું




*મજબૂત અને સશક્ત યુવાનો, સ્વસ્થ માનવશક્તિ, પરિવહન જોડાણ સાથે માળખાગત સુવિધાઓમાં રોકાણ એ કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનો સૌથી મહત્વપૂર્ણ સારથી હોય છે. ભારત સરકાર સતત અત્યાધુનિક માળખાગત સુવિધાઓનું નિર્માણ કરી રહી છે. નાણાંકીય વર્ષ 2026-27માં માળખાગત સુવિધાઓ પર 12 લાખ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે. માળખાગત સુવિધાઓ માટે વધુ ભંડોળ... જેનો અર્થ છે, રસ્તાઓ, પાણી પુરવઠો, દરિયાકાંઠાની માળખાગત સુવિધાઓ, શાળાઓ અને હોસ્પિટલોનું નિર્માણ જે લોકોનું જીવન સરળ બનાવે છે. આ શ્રેણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 1 માર્ચે મદુરાઈમાં 4,400 કરોડ રૂપિયા અને પુડુચેરીમાં 2,700 કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો.*

રાષ્ટ્રને વિકસિત ભારતની સંકલ્પ સિદ્ધિ માટે તૈયાર કરવા માટે પ્રતિબદ્ધ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 1 માર્ચે તમિલનાડુના મદુરાઈમાં 4,400 કરોડ રૂપિયાથી વધુના વિવિધ માળખાગત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો. પુડુચેરીમાં તેમણે માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવા, નાગરિક સુવિધાઓનો વિસ્તાર કરવા, ઔદ્યોગિક પ્રગતિને વેગ આપવા, શિક્ષણ, વિશ્વ કક્ષાની આરોગ્યસંભાળ અને ટકાઉ વિકાસના હેતુથી વિવિધ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કર્યા અને કેટલાક પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મદુરાઈ અને પુડુચેરીમાં જાહેર સભાઓને પણ સંબોધી હતી. તેમણે જણાવ્યું હતું કે મદુરાઈમાં ઈન્ફ્રાસ્ટ્રક્ટચર કાર્યોથી કનેક્ટિવિટીમાં સુધારો થશે અને તમિલનાડુના લોકોને નોંધપાત્ર રીતે લાભ મળશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મદુરાઈ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે હાઈ ક્વોલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ લોકોના સશક્તિકરણનું એક માધ્યમ છે. છેલ્લા દાયકામાં કેન્દ્ર સરકારે તમિલનાડુના હાઈવેમાં ભારે રોકાણ કર્યું છે, જેનાથી યાત્રાળુઓ માટે મુસાફરીમાં સુધારો થયો છે. કૃષિ અને દરિયાઈ ઉત્પાદનોની સપ્લાય સરળ બની છે. છેલ્લા દસ વર્ષમાં ભારતીય રેલવે એક આધુનિક, કાર્યક્ષમ અને લોકો-કેન્દ્રિત પરિવહન પ્રણાલીમાં પરિવર્તિત થઈ છે.

પ્રધાનમંત્રીનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.




## પુડુચેરીમાં ઉદ્ઘાટન અને શિલાન્યાસ થનારા મુખ્ય પ્રોજેક્ટ્સ

- પીએમ ઈ-બસ સેવા હેઠળ ઈ-બસો કામગીરીનો શુભારંભ.
- પુડુચેરી સરકારની સીવરેજ અને પાણી પુરવઠા ક્ષેત્રમાં યોજનાઓનું ઉદ્ઘાટન.
- નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, કરાઈકલ ખાતે ડૉ. એપીજે અબ્દુલ કલામ એન્જિનિયરિંગ બ્લોક અને ગંગા હોસ્ટેલ,જેઆઈપીએમઈઆર ખાતે પ્રાદેશિક કેન્સર સેન્ટરનું આધુનિકીકરણ, અને પુડુચેરી યુનિવર્સિટીમાં નવી ઈમારતો અને હોસ્ટેલનું લોકાર્પણ.
- 750 એકરમાં ફેલાયેલું કરાસુર-સેદરાપેટ ઔદ્યોગિક વિસ્તાર રાષ્ટ્રને સમર્પણ.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ 41 ગ્રામીણ રસ્તાઓના નિર્માણ, પુડુચેરીમાં હેરિટેજ ટાઉનનો વિકાસ અને મિષ્ટી યોજના હેઠળ મેન્ગ્રોવ સંરક્ષણ કાર્યો માટે શિલાન્યાસ.

## એસએસએસસીઆઈ યોજનામાં પુડુચેરી સામેલ

રાજ્યોને મૂડી રોકાણ માટે ખાસ સહાય યોજના (એસએસએસસીઆઈ-સ્પેશ્યલ આસિસ્ટન્ટ ટૂ સ્ટેટ્સ ફોર કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ) હેઠળ શહેરી રસ્તાઓ, ડ્રેનેજ નેટવર્ક, જાહેર ઈમારતો, છાત્રાલયો અને રમતગમત સુવિધાઓ જેવા મુખ્ય ક્ષેત્રો સાથે જોડાયેલા વિવિધ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરાયો હતો. ભારત સરકારે પુડુચેરીના એસએસએસસીઆઈ યોજનામાં સામેલ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જે મૂળરૂપે ફક્ત રાજ્યો સુધી મર્યાદિત હતી.

## તમિલનાડુમાં ઝડપથી થયો વિકાસ

- વર્ષ 2014થી તમિલનાડુમાં 4,000 કિલોમીટર હાઈવે બનાવવામાં આવ્યા છે.
- છેલ્લા દાયકામાં તમિલનાડુ માટે માળખાગત ભંડોળમાં ત્રણ ગણો વધારો કરાયો છે. વર્તમાન સરકારના સત્તામાં આવ્યા ત્યારથી રેલવે બજેટમાં લગભગ નવ ગણો વધારો કરાયો છે.
- 2009 થી 2014 દરમિયાન વાર્ષિક બજેટ ફાળવણી 880 કરોડ રૂપિયા હતું જ્યારે 2026-27 માટે તેને વધારીને 7,600 કરોડ રૂપિયા કરવામાં આવી છે.
- રાજ્યમાં 1,300 કિલોમીટરથી વધુ નવા રેલ્વે ટ્રેક નાખવામાં આવ્યા છે અને 97 ટકા ઈલેક્ટ્રિફિકેશનનું લક્ષ્ય હાંસલ કરી લેવામાં આવ્યું છે.
- ભારતના પ્રથમ વર્ટિકલ બ્રિજ નવો પંબન બ્રિજનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
- હાલમાં નવ વંદે ભારત અને નવ અમૃત ભારત ટ્રેનો તમિલનાડુના લોકોને સેવા આપી રહી છે, જેમાં ચેન્નઈમાં ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી ખાતે કોચ બનાવવામાં આવ્યા છે.
- અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રાજ્યના 77 રેલવે સ્ટેશનોનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે.

## તમિલનાડુમાં મુખ્ય પ્રોજેક્ટ્સ

- એનએચ-332એ ના મરક્કનમ-પુડુચેરી સેક્શન અને એનએચ-87ના પરમકુડી-રામનાથપુરમ સેક્શનના ફોર-લેન માટે શિલાન્યાસ કર્યો છે.
- અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ આઠ પુનઃવિકસિત રેલવે સ્ટેશનોનું ઉદ્ઘાટન કર્યું જેમાં મોરાપ્પુર, બોમ્મિડી, શ્રીવિલ્લીપુતુર, શોલાવંદન, મનાપરાઈ, પોલાચી જંક્શન, કરાઈકુડી જંક્શન અને તિરુવરુર જંક્શનનો સમાવેશ થાય છે.
- ચેન્નઈ બીચ-ચેન્નઈ એગ્મોર ચોથી લાઈન રાષ્ટ્રને સમર્પિત કરાઈ હતી
- કુંભકોણમ, યેરકૉડ અને વેલ્લોરમાં ત્રણ નવા ઓલ ઈન્ડિયા રેડિયો એફએમ રિલે ટ્રાન્સમિટરનું ઉદ્ઘાટન કર્યું છે.

**નાણાંકીય વર્ષ 2026-27 માટે બેંગલુરુ-ચેન્નઈ અને ચેન્નઈ-હૈદરાબાદ બુલેટ ટ્રેન કોરિડોરનો પ્રસ્તાવ છે. તમિલનાડુને રેર અર્થ કોરિડોરનો હિસ્સો બનાવવામાં આવ્યો છે જેનો ઉદ્દેશ્ય અદ્યતન ઉત્પાદન, સંશોધન અને ટેકનોલોજી વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.**

કેન્દ્રીય બજેટમાં તમિલનાડુને રેર અર્થ કોરિડોરનો ભાગ બનાવવામાં આવ્યું છે જે અદ્યતન ઉત્પાદન, સંશોધન અને ટેકનોલોજી વિકાસને પ્રોત્સાહન આપે છે. વિકસિત ભારત 2047ના નિર્માણ માટે તમિલનાડુનો વિકાસ સરકાર માટે સામૂહિક લક્ષ્ય છે. ■

# નમો ભારતનો વિસ્તાર

# સુગમ યાત્રા, સમૃદ્ધિ અપાર

*કેન્દ્ર સરકાર દેશવાસીઓને હાઈ-સ્પીડ ટ્રાન્સપોર્ટેશન પૂરું પાડવા, તેમને ટ્રાફિક જામ અને પ્રદૂષણથી મુક્ત કરવા અને તમામ પ્રકારની સુવિધાઓ પૂરી પાડવા માંગે છે. તેથી, હાલમાં દેશમાં નમો ભારત અને વંદે ભારત ટ્રેન જેવી આધુનિક સેમી-હાઈ-સ્પીડ ટ્રેનો કાર્યરત છે. છેલ્લા 11 વર્ષોમાં, મેટ્રો દેશના ડઝનબંધ શહેરોમાં પહોંચી ગઈ છે. સુવિધા પૂરી પાડવાના આ પ્રયાસમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 22 ફેબ્રુઆરીના રોજ મેરઠમાં એક જ પ્લેટફોર્મ પરથી પ્રથમ વખત નમો ભારત રેપિડ રેલ અને મેટ્રો સેવાઓનું ઉદ્ઘાટન કર્યું...*

2014 પહેલા ભારતમાં મેટ્રોનો વિસ્તાર ખૂબ જ ધીમી ગતિએ થઈ રહ્યો હતો. સ્થિતિ એવી હતી કે તે સમયે દેશમાં ફક્ત પાંચ શહેરોમાં મેટ્રો કાર્યરત હતી જ્યારે આજે દેશના 25થી વધુ શહેરોમાં મેટ્રો સેવાઓ કાર્યરત છે, જે તેને વિશ્વનું ત્રીજું સૌથી મોટું નેટવર્ક બનાવે છે. મેરઠ સહિત ઉત્તર પ્રદેશના અન્ય ઘણા શહેરોમાં મેટ્રોનું કામ ચાલી રહ્યું છે.

ઉત્તર પ્રદેશના મેરઠમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે દેશમાં આ પહેલી વાર છે જ્યારે નમો ભારત અને મેટ્રો ટ્રેનો એક જ સ્ટેશન અને એક જ ટ્રેક પર દોડશે. આનો અર્થ એ છે કે તમે એક જ પ્લેટફોર્મ પરથી શહેરની અંદર અને એક જ સ્ટેશનથી સીધા દિલ્હી મુસાફરી કરી શકો છો.

આધુનિક માળખાગત સુવિધાઓ જેટલા રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે તેનાથી લોકોના પૈસા બચે છે અને યુવાઓને રોજગારી પણ મળે છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશ આનું એક ઉત્તમ ઉદાહરણ છે. અહીં નવા એક્સપ્રેસવે અને ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર બનાવવામાં આવી રહ્યા છે. જેવરમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બનાવવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા પછી રોજગારી પણ ઉત્પન્ન કરે છે, અને પછીથી




પ્રધાનમંત્રીનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

# મેરઠ મેટ્રો અને નમો ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવાઈ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શતાબ્દી નગર નમો ભારત સ્ટેશન પર મેરઠ મેટ્રો અને નમો ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. ત્યાંથી તેઓએ મેરઠ સાઉથ સ્ટેશન સુધી મેટ્રોમાં મુસાફરી કરી હતી. દરમિયાન તેમણે શાળા અને કોલેજના અનેક વિદ્યાર્થીઓ અને અન્ય મુસાફરો સાથે વાતચીત કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ મેરઠમાં આશરે 12,930 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. આ પ્રોજેક્ટ્સ શહેરી ગતિશીલતામાં પરિવર્તન લાવશે અને નાગરિકોના જીવનને સરળ બનાવશે.



**આપણી કાર્ય સંસ્કૃતિ એ છે કે જે પણ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હોય તેને પૂર્ણ કરવા માટે દિવસ-રાત કામ કરવું. અને તેથી, પ્રોજેક્ટ્સ હવે ભૂતકાળની જેમ અટકાઈ જતા નથી.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## દિલ્હી-મેરઠ નમો ભારત કોરિડોર રાષ્ટ્રને સમર્પિત

**પીએમ મોદીએ 82**

**પીએમ મોદીએ 82 કિલોમીટર લાંબા દિલ્હી-મેરઠ નમો ભારત કોરિડોર રાષ્ટ્રને સમર્પિત કર્યો હતો**

- ભારતના પ્રથમ નમો ભારત પ્રાદેશિક રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (આરઆરટીએસ) ના બાકીના ભાગોનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આમાં દિલ્હીમાં સરાય કાલે ખાં અને ન્યૂ અશોક નગર વચ્ચેનો 5 કિલોમીટરનો ભાગ અને ઉત્તર પ્રદેશમાં મેરઠ દક્ષિણ અને મોદીપુરમ વચ્ચેનો 21 કિલોમીટરનો ભાગ શામેલ છે.
- 180 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપ સાથે નમો ભારત દેશની પ્રથમ પ્રાદેશિક ઝડપી ટ્રાન્ઝિટ સિસ્ટમ છે.
- નમો ભારત સાહિબાબાદ, ગાઝિયાબાદ, મોદીનગર અને મેરઠ જેવા મુખ્ય શહેરી કેન્દ્રો દિલ્હી સાથે ખૂબ ઝડપી ગતિએ જોડાઈ શકશે.
- દિલ્હીમાં કોરિડોરનું પ્રારંભિક સ્ટેશન સરાય કાલે ખાં, કાર્યરત થનારા ચાર નમો ભારત સ્ટેશનોમાંથી એક છે.
- તે વ્યૂહાત્મક રીતે એક મુખ્ય મલ્ટી-મોડલ હબ તરીકે સ્થિત છે, જે હઝરત નિઝામુદ્દીન રેલ્વે સ્ટેશન, દિલ્હી મેટ્રોની પિંક લાઈન, વીર હકીકત રાય આઈએસબીટી અને રિંગ રોડ સુધી સરળ પહોંચ પ્રદાન કરે છે.
- શરૂ થનારા અન્ય ત્રણ નમો ભારત સ્ટેશનો મેરઠમાં શતાબ્દી નગર, બેગમપુલ અને મોદીપુરમ છે.

## મેરઠ દક્ષિણ અને મોદીપુરમ વચ્ચે મેરઠ મેટ્રો સેવાનું ઉદ્ઘાટન

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેરઠ દક્ષિણ અને મોદીપુરમ્ વચ્ચે મેરઠ મેટ્રો સેવાનું પણ ઉદ્ઘાટન કર્યું, જે નમો ભારત જેવા જ માળખાગત સુવિધાઓ પર કાર્યરત હશે.
- દેશમાં આ પ્રકારની આ પહેલી પહેલ છે. મેરઠ મેટ્રો ભારતની સૌથી ઝડપી મેટ્રો સિસ્ટમ હશે, જેની મહત્તમ ઓપરેટિંગ ગતિ આશરે 120 કિમી/કલાક હશે.
- મેટ્રો ફક્ત 30 મિનિટમાં બધા સુનિશ્ચિત સ્ટોપ સહિત સમગ્ર અંતર કાપશે.
- નમો ભારત અને મેરઠ મેટ્રો, સમાન માળખાગત સુવિધાઓ પર કાર્યરત, હાઈ-સ્પીડ ઈન્ટર-સિટી મુસાફરી અને શહેરની અંદર સરળ અવરજવરને સરળ બનાવશે. તે શહેરી અને પ્રાદેશિક પરિવહન માટે એક ઉદાહરણ સ્થાપિત કરશે.
- રોડ પર ટ્રાફિક અને ભીડ ઓછી થશે, જેના કારણે વાહનોના કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં ઘટાડો થશે.

નવા ઉદ્યોગો સ્થાપિત થશે, જેનાથી રોજગારીનું સર્જન થાય છે. પીએમ મોદીએ કહ્યું કે ઉત્તર પ્રદેશ શ્રમ અને સર્જનાત્મકતાની ભૂમિ છે. અહીંના ખેડૂતો, પશુપાલકો, નાના અને સૂક્ષ્મ ઉદ્યોગસાહસિકો, વણકર અને કારીગરો બધા વારસા અને વિકાસના મંત્રને મૂર્તિમંત કરી રહ્યા છે. આવી સ્થિતિમાં જ્યારે ભારતની તાકાત વધે છે, ત્યારે ઉત્તર પ્રદેશના આ બધા સાથીઓને પણ ફાયદો થાય છે. ■

# બજેટ વેબિનાર

## મોટા લક્ષ્ય તરફ આગળ વધવાનું પહેલું પગલું

*દર વર્ષે બજેટ પછી યોજાતા વેબિનાર માત્ર વિચારોના આદાન-પ્રદાન પૂરતા મર્યાદિત નથી, પરંતુ એક અસરકારક વિચાર-મંથનનું મંચ છે. તે લોકોના અનુભવો અને વ્યવહારિક પડકારો પર આધારિત સૂચનો, આર્થિક વ્યૂહ રચનાઓને વધુ સારી બનાવવા અને ઉકેલો શોધવામાં મદદ કરી રહ્યા છે. 'વિકસિત ભારત માટે ટેકનોલોજી, સુધારા અને નાણાં' તથા 'સતત અને સશક્ત આર્થિક વિકાસ' વિષયો પર અનુક્રમે 27 ફેબ્રુઆરી અને 3 માર્ચના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બજેટ વેબિનાર સંબોધિત કર્યો...*



ભારતે છેલ્લા એક દાયકામાં અસામાન્ય વ્યવહારુપણું દાખવ્યું છે. એ કોઈ સંયોગ નથી, પરંતુ દ્રઢ વિશ્વાસથી પ્રેરાઈને કરવામાં આવેલા સુધારાનું પરિણામ છે. સરકારે પ્રક્રિયાઓને સરળ બનાવી છે અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં સુધારો કર્યો છે. ટેકનોલોજી આધારિત શાસનનું વિસ્તરણ કર્યું છે, સંસ્થાઓને મજબૂત બનાવી છે અને આજે દેશ 'રિફોર્મ એક્સપ્રેસ' પર સવાર છે. 'વિકસિત ભારત માટે ટેકનોલોજી, સુધારા અને નાણાં' વિષય પર આયોજિત વેબિનારમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આ ગતિ જાળવી રાખવા માટે માત્ર પોલિસી ઈન્ટેન્ટ (નીતિગત ઈરાદા) પર જ ધ્યાન નથી આપવાનું, પરંતુ ડિલિવરી એક્સલન્સ પર પણ ફોકસ કરવાનું છે. રિફોર્મનું મૂલ્યાંકન માત્ર જાહેરાતોથી નહીં, પરંતુ જમીની સ્તર પર તેની અસરથી થવું જોઈએ. AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ), બ્લોક ચેઈન અને ડેટા એનાલિટિક્સનો વ્યાપક ઉપયોગ કરીને પારદર્શકતા, ગતિ અને જવાબદારી વધારવી જ પડશે. આ સાથે ફરિયાદ નિવારણ પ્રણાલીઓ (grievance redressal systems) દ્વારા ઈમ્પેક્ટનું સતત મોનિટરિંગ પણ કરવું પડશે.

છેલ્લા એક દાયકામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ઘણું ફોકસ રહ્યું છે. સરકારે વિચારી-સમજીને નિર્ણય લીધો કે ભારતનો વિકાસ હાઈવે, રેલવે, બંદર, ડિજિટલ નેટવર્ક અને પાવર સિસ્ટમ જેવી અનેક મિલકતો (assets) તૈયાર કરવાથી જ થશે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે હું તમામ સ્ટેકહોલ્ડર્સ, ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટ્યુશન્સ, માર્કેટ્સ, ઈન્ડસ્ટ્રી, પ્રોફેશનલ્સ અને ઈનોવેટર્સને કહીશ કે આ બજેટે જે નવી તકો આપી છે તેનો લાભ ઉઠાવો અને બજેટ દ્વારા સર્જાયેલી નવી તકો સાથે ઊંડાણપૂર્વક જોડાઓ. તમારી ભાગીદારીથી આ યોજનાઓનું અમલીકરણ વધુ સારું થશે. આ સાથે તમારા



## બજેટ પછી યોજાતા વેબિનાર ખૂબ જ મહત્ત્વપૂર્ણ

અવારનવાર બજેટનું વિશ્લેષણ જુદા જુદા માપદંડોના આધારે કરાય છે. ક્યારેક શેરબજારની ચાલ પર વાત થાય છે, તો ક્યારેક આવકવેરાના પ્રસ્તાવો પર ચર્ચા કેન્દ્રિત થઈ જાય છે. હકીકત એ છે કે બજેટ કોઈ અલ્પકાલિક વ્યાપાર દસ્તાવેજ નથી હોતો, તે એક પોલિસી રોડમેપ હોય છે. તેથી બજેટના પ્રભાવનું વિશ્લેષણ ઠોસ માપદંડોના આધારે કરવું જોઈએ. એવી નીતિઓ જે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર કરે, જે ક્રેડિટના પ્રવાહને સરળ બનાવે, જે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વધારે. બજેટમાં તેની સાથે જોડાયેલા નિર્ણયો જ અર્થતંત્રને સ્થાયી મજબૂતી આપે છે. દરેક બજેટ એક મોટા લક્ષ્ય તરફ આગળ વધવાનું એક પગલું હોય છે અને દેશની સામે મોટું લક્ષ્ય છે, વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ. દરેક રિફોર્મ, દરેક ફાળવણી, દરેક ફેરફારને આ લાંબી યાત્રાના ભાગ રૂપે જ જોવો જોઈએ.

## બજેટ પછી આયોજિત વેબિનારની કેટલીક ખાસ વાતો...

- વેબિનારમાં જાહેર મૂડીગત ખર્ચને પ્રોત્સાહન આપવા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, બેન્કિંગ ક્ષેત્રમાં સુધારા, નાણાકીય ક્ષેત્રના માળખાને સુદ્રઢ કરવા પર ચર્ચા કરાઈ.
- મૂડી બજારોને મજબૂત બનાવવા તથા કર સુધારા દ્વારા નાગરિકોનું જીવન જીવવાનું વધુ સરળ અને સુગમ બનાવવા પર વ્યાપક ચર્ચા થઈ.
- વેબિનારનો ઉદ્દેશ્ય પાછલા અનુભવોમાંથી શીખવું અને તેમાં સામેલ લોકો પાસેથી સૂચનો મેળવવાનો છે, જેથી બજેટની જાહેરાતો મજબૂતીથી લાગુ કરી શકાય.
- વેબિનારમાં ઉદ્યોગો, નાણાકીય સંસ્થાઓ, બજારના સહભાગીઓ, સરકાર, ઉદ્યોગ નિયમનકારો અને શિક્ષણ જગતના હિતધારકોને એક સાથે લવાયા, જેથી મુખ્ય બજેટ જાહેરાતોના અસરકારક અમલીકરણ અંગે વિચાર-વિમર્શ કરી શકાય.

***અમે વિદેશી ઈન્વેસ્ટ ફ્રેમવર્કને વધુ સરળ બનાવી રહ્યા છીએ. અમારો પ્રયાસ સિસ્ટમને વધુ પ્રેડિક્ટેબલ અને ઈન્વેસ્ટર-ફ્રેન્ડલી બનાવવાનો છે. અમે લોન્ગ-ટર્મ ફાઈનાન્સને વધુ સારું બનાવવા માટે, બોન્ડ માર્કેટને વધુ સક્રિય બનાવવાની દિશામાં પણ પગલાં લઈ રહ્યા છીએ.।***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

***(27 ફેબ્રુઆરીના બજેટ વેબિનારમાં)***



***ભારતે ઘણાં દેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કર્યા છે. આપણા માટે તકોના ખૂબ મોટા દ્વાર ખૂલી ગયા છે. એવામાં આપણી જવાબદારી છે કે આપણે ક્વોલિટી સાથે ક્યારેય કોઈ બાંધછોડ ન કરીએ.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

***(3 માર્ચના બજેટ વેબિનારમાં)***

**પ્રધાનંત્રીનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.**

**પ્રધાનંત્રીનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.**

ફિડબેક અને સહકારથી શ્રેષ્ઠ પરિણામો આવશે. આવો, આપણે સૌ મળીને રિફોર્મ કરીએ, ગ્રો કરીએ અને એવું ભવિષ્ય બનાવીએ જેનાથી વિકસિત ભારતનું સપનું વહેલી તકે સાકાર થાય.

બીજી તરફ, 3 માર્ચના રોજ 'સતત અને સશક્ત આર્થિક વિકાસ' વિષય પર યોજાયેલા બજેટ વેબિનારમાં પીએમ મોદીએ કહ્યું કે આજે દુનિયા વિશ્વસનીય અને વ્યવહારુ મેન્યુફેક્ચરિંગ પાર્ટનરની શોધમાં છે. ભારત પાસે આ તક છે કે તે આ ભૂમિકાને મજબૂતીથી નિભાવે. ■

# ભારતની શક્તિશાળી
# સમુદ્રી ક્રાંતિ

*ભારતનો કદની દૃષ્ટિએ 95 ટકા અને મૂલ્ય પ્રમાણે 70 ટકા વેપાર સમુદ્રી માર્ગે જ થાય છે. સમુદ્ર ભારતના વેપારની પ્રાણશક્તિ છે. આ પ્રાણશક્તિને મજબૂતી આપનારા 'સમુદ્રી અમૃત કાલ વિઝન 2047' અને 'સમુદ્રી ભારત વિઝન 2030'નો મુખ્ય સ્તંભ છે, સાગરમાલા કાર્યક્રમ. સાગરમાલા 25 માર્ચે 11 વર્ષ પૂર્ણ કરી રહ્યો છે, જેમાં 280 પરિયોજના પૂર્ણ થઈ છે, જેમાં બંદરોનો વિકાસ અને મજબૂત કનેક્ટિવિટી પણ સામેલ છે.*

આત્મનિર્ભર અને વિકસિત ભારત 2047ના લક્ષ્યની સિદ્ધિ માટે વર્તમાન સરકાર અનેક કાર્યક્રમો અને પહેલ કરી રહી છે. ભવિષ્ય માટે તૈયાર ભારત તેના 7,500 કિલોમીટર લાંબા દરિયાકિનારા અને 14,500 કિલોમીટરના સંભવિત નેવિગેબલ જળમાર્ગોને તકોના કેનવાસમાં પરિવર્તિત કરી રહ્યું છે. વૈશ્વિક સમુદ્રી શક્તિ બનવા માટે એક મેરીટાઈમ ઈકોસિસ્ટમ બનાવવા પર કામ ચાલી રહ્યું છે. આ માટે 'સમુદ્રી અમૃત કાલ વિઝન 2047' અને 'સમુદ્રી ભારત વિઝન 2030' રજૂ કરાયા છે, જેથી ભારતની લોજિસ્ટિક કોસ્ટ ઓછી થાય, આર્થિક વિકાસને વેગ મળે અને રોજગાર સર્જન દ્વારા દરિયાકાંઠાના વિસ્તારોના નાગરિકોની આર્થિક સ્થિતિ મજબૂત થાય. આ મોટા લક્ષ્યોના પાયામાં 25 માર્ચ, 2015ના રોજ કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા મંજૂર કરાયેલી સાગરમાલાની પરિકલ્પના અને સંસ્થાગત માળખું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 14 એપ્રિલ 2016ના રોજ 'મેરીટાઈમ ઈન્ડિયા સમિટ 2016'માં આ ક્ષેત્રમાં વૈશ્વિક રોકાણ અંગે કહ્યું હતું કે, 'ભારત આવવાનો આ યોગ્ય સમય છે. સમુદ્રી માર્ગે આવવું વધુ સારું છે. ભારતીય જહાજો લાંબી રેસ માટે સજ્જ છે. આ તક ગુમાવશો નહીં.'

સમુદ્રી વિઝન 2030 પર આધારિત 'સમુદ્રી અમૃત કાલ વિઝન 2047' હેઠળ 4 મિલિયન GRTની જહાજ નિર્માણ ક્ષમતા અને દર વર્ષે 10 અબજ મેટ્રિક ટન બંદર ક્ષમતાનો લક્ષ્યાંક






## સડક-રેલ પરિયોજનાઓ

આમ તો નામ સાગરમાલા યોજના છે, પરંતુ તેમાં 272 રોડ અને રેલ કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સની પણ ઓળખ કરાઈ છે, જે પૈકી 74 પૂર્ણ થઈ ગઈ છે અને 67 પર કામ ચાલુ છે. આ ઉપરાંત 131 વિવિધ તબક્કામાં છે.

## 128 પરિયોજનાને નાણાકીય મદદ

સાગરમાલાના 128 પ્રોજેક્ટ્સને ફેબ્રુઆરી 2026 સુધી રૂ. 8,936 કરોડના ફંડિંગની મંજૂરી અપાઈ છે. તેમાં 78 પરિયોજના પૂરી થઈ ચૂકી છે, જ્યારે રૂ. 3,581 કરોડની 50 પરિયોજના વિવિધ સ્તરે ચાલુ છે.

રખાયો છે. તેનો ઉદ્દેશ્ય 2047 સુધીમાં ભારતને જહાજ નિર્માણ (ship-building) કરતા વિશ્વના ટોચના 5 દેશોમાં સ્થાન મેળવવાનો છે. આ સિદ્ધિ હાંસલ કરવા સાગરમાલા કાર્યક્રમ મહત્વની ભૂમિકા ભજવી રહ્યો છે.

સાગરમાલા કાર્યક્રમ અંતર્ગત લગભગ 839 પરિયોજનાઓની ઓળખ કરાઈ છે, જેનું અંદાજિત મૂલ્ય લગભગ 5.79 લાખ કરોડ રૂપિયા છે. જેમાંથી 2.42 લાખ કરોડ રૂપિયાના કુલ ખર્ચવાળી 119 પરિયોજના પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) મોડ દ્વારા અમલી કરાઈ રહી છે. સાગરમાલા કાર્યક્રમની 280 પરિયોજના પૂર્ણ થઈ ચૂકી છે, જેમાં લગભગ 1.42 લાખ કરોડ રૂપિયાનું રોકાણ થયું છે. 1.62 લાખ કરોડ રૂપિયાની 209 પરિયોજના પર કામ ચાલી રહ્યું છે, જ્યારે 2.75 લાખ કરોડ રૂપિયાની 350 પરિયોજના વિકાસના વિવિધ તબક્કે છે.

સાગરમાલાએ ભારતના બંદરોની કાર્યક્ષમતાની ગતિ વધારી છે, દરિયાકાંઠાના અર્થતંત્રને વેગ આપ્યો છે અને આંતરદેશીય જળમાર્ગોને પુનર્જીવિત કર્યા છે. વૈશ્વિક લોજિસ્ટિક્સ રેન્કિંગમાં પણ સુધારો થયો છે. ભારત સરકારના આંકડા જણાવે છે કે એક દાયકામાં તટીય જહાજ પરિવહન (coastal shipping) માં 118% નો વધારો થયો છે, અને રો-પેક્સ ફેરી (Ro-Pax ferry) એ 40 લાખથી વધુ મુસાફરોનું પરિવહન કર્યું છે. આંતરદેશીય જળમાર્ગો દ્વારા માલસામાનની હેરફેરમાં 700% વધારો થયો છે. ભારતના નવ બંદરો વિશ્વના ટોચના 100 બંદરોમાં સામેલ છે, જેમાંથી વિશાખાપટ્ટનમ ટોચના 20 કન્ટેનર બંદરોમાંનું એક છે. ભારતીય બંદરો હવે અનેક મુખ્ય માપદંડો પર અદ્યતન સમુદ્રી દેશો કરતા વધુ સારું પ્રદર્શન કરી રહ્યા છે.

### સાગરમાલા: ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણની સાથે રોજગારીનું સર્જન

સાગરમાલામાં સામેલ તમામ સ્તંભો મળીને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ, દરિયા કાંઠાના સમુદાયો માટે કૌશલ્ય વિકાસ અને રોજગાર સર્જન, તેમજ આંતરદેશીય જળ પરિવહન અને નિકાસ-આયાત વેપારમાં સ્પર્ધાત્મકતા વધારવા માટે બંદરોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરે છે. આનાથી મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સ પાર્ક, જહાજ સમારકામ ક્લસ્ટર અને ગ્રીન હાઈડ્રોજન ફ્યુઅલ હબ જેવા સહાયક ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે, જેની અર્થતંત્ર પર મજબૂત અસર પડશે. આ સાથે જ આજીવિકા, પ્રાદેશિક વિકાસ અને દરિયાઈ વિસ્તારોની સ્પર્ધાત્મકતા વધશે. આ રીતે 'સમુદ્રી અમૃત કાલ વિઝન 2047' ના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવામાં પણ મદદ મળશે. ■



રાષ્ટ્રપતિનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

# ચક્રવર્તી રાજગોપાલાચારીનું જીવન રાષ્ટ્ર પ્રત્યે અતૂટ સમર્પણનું પ્રતીક

*'આઝાદી કા અમૃત મહોત્સવ' દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી 'પંચ પ્રાણ'ની વાત કરી હતી. તેમાંથી એક છે- ગુલામીની માનસિકતામાંથી મુક્તિ. આ જ કારણ છે કે આજે દેશ ગુલામીના પ્રતીકોને છોડીને ભારતની સંસ્કૃતિ સાથે જોડાયેલી બાબતોને મહત્વ આપવા લાગ્યો છે. આ દિશામાં રાષ્ટ્રપતિ ભવને પણ એક મહત્વનું પગલું ભર્યું અને 23 ફેબ્રુઆરીએ 'રાજાજી ઉત્સવ' ઊજવ્યો. આ પ્રસંગે રાષ્ટ્રપતિ ભવનના કેન્દ્રીય પ્રાંગણમાં સ્વતંત્ર ભારતના પ્રથમ ભારતીય ગવર્નર જનરલ ચક્રવર્તી રાજગોપાલાચારીની પ્રતિમાનું અનાવરણ કરાયું...*

સ્વતંત્ર ભારતના પ્રથમ ભારતીય ગવર્નર જનરલ ચક્રવર્તી રાજગોપાલાચારી એવા લોકોમાં સામેલ હતા, જેમણે સત્તાને પદ તરીકે નહીં પણ 'સેવા' તરીકે જોઈ હતી. જાહેર જીવનમાં તેમનું આચરણ, આત્મસંયમ અને સ્વતંત્ર ચિંતન આજે પણ દેશને પ્રેરણા આપે છે. કમનસીબે, આઝાદી પછી પણ રાષ્ટ્રપતિ ભવનમાં બ્રિટિશ શાસકોની મૂર્તિઓ હતી, પરંતુ દેશના મહાન સપૂતોને ત્યાં સ્થાન ન હતું. બ્રિટિશ આર્કિટેક્ટ એડવિન લ્યુટિયન્સની પ્રતિમા પણ રાષ્ટ્રપતિ ભવનમાં હતી. હવે આ પ્રતિમાના સ્થાને 'રાજાજી' તરીકે ઓળખાતા સી. રાજગોપાલાચારીની પ્રતિમા સ્થાપિત કરાઈ છે, જેનું અનાવરણ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કર્યું હતું. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, રાજાજી 'ગવર્નમેન્ટ હાઉસ' (જે હવે રાષ્ટ્રપતિ ભવન તરીકે ઓળખાય છે) પહોંચ્યા, ત્યારે તેમણે પોતાના રૂમમાં રામકૃષ્ણ પરમહંસ અને મહાત્મા ગાંધીની તસવીરો લગાવી હતી. રાજાજીના વિચારો અને કાર્યોમાં ભારતીય ચેતના અને તમામ ભારતીયો, ખાસ કરીને નબળા વર્ગો સાથેનો તેમનો જોડાણ સ્પષ્ટપણે દેખાય છે.

રાષ્ટ્રપતિ ભવન એ 'રાષ્ટ્રનું ભવન' છે; તે દેશના નાગરિકોનું છે. રાષ્ટ્રપતિ ભવન તેમજ શિમલા, હૈદરાબાદ અને દેહરાદૂન સ્થિત અન્ય રાષ્ટ્રપતિ ભવન તે તમામ લોકોના સ્વાગત



## રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત 'રાજાજી ઉત્સવ'

- રાષ્ટ્રપતિએ રાજાજીના જીવન અને કાર્યો પર આધારિત ફોટો અને પુસ્તક પ્રદર્શનની મુલાકાત લીધી. રાજાજીના જીવન પરની એક ફિલ્મ પણ પ્રદર્શિત કરાઈ.
- રાષ્ટ્રપતિ અને અન્ય મહાનુભાવોએ કાર્યક્રમ અંતર્ગત સાંસ્કૃતિક પ્રસ્તુતિઓનો પણ આનંદ માણ્યો.

## ગુલામીની માનસિકતામાંથી મુક્તિ

મહાત્મા ગાંધીની પ્રતિમા સામે અશોક મંડપ પાસે આવેલી ભવ્ય સીડી પર સ્થાપિત સી. રાજગોપાલાચારીની પ્રતિમાએ એડવિન લ્યુટિયન્સની પ્રતિમાનું સ્થાન લીધું છે. આ પહેલ બ્રિટિશ સામ્રાજ્યવાદના પ્રતીકોને ભૂંસવા અને ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ, વારસો તેમજ શાશ્વત પરંપરાને ગૌરવ સાથે અપનાવવાની દિશામાં લેવામાં આવેલા વિવિધ પગલાંનો એક ભાગ છે.

## સરકારની 'સેવા ભાવના' દર્શાવતા ફેરફારો

રાજભવન હવે લોકભવન બની ગયા છે. પ્રધાનમંત્રી કાર્યાલય 'સેવા તીર્થ' બની ગયું છે. કેન્દ્રીય સચિવાલય 'કર્તવ્ય ભવન' માં બદલાઈ ગયું છે. બ્રિટિશકાળના ફોજદારી કાયદાઓમાં ફેરફાર કરાયા છે. ઈન્ડિયા ગેટ પાસે નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા સ્થાપિત કરાઈ છે. રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકનું નિર્માણ કરાયું છે. આ ફેરફારો માત્ર પ્રતીકાત્મક નથી, પરંતુ સરકારની 'સેવા ભાવના' ને પ્રતિબિંબિત કરે છે.

## ...જ્યારે રાજાજીએ રાષ્ટ્રપતિ ભવન પરિસરમાં ખેતી શરૂ કરી

બ્રિટિશ શાસન દરમિયાન ભારતના લોકોને દુષ્કાળ અને દુકાળ જેવી આફતોનો ઘણી વાર સામનો કરવો પડ્યો હતો. આઝાદી પછી પણ નાગરિકોએ ખાદ્ય સંકટ સામે ઝઝૂમવું પડ્યું. દેશવાસીઓ પ્રત્યે કરુણા અને ખેડૂતોને પ્રોત્સાહિત કરવા બહુમુખી પ્રતિભા ધરાવતા રાજાજીએ રાષ્ટ્રપતિ ભવન પરિસરમાં અનાજની ખેતી શરૂ કરી હતી. તેમણે પોતે ખેતર ખેડીને એક પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડ્યું. એટલું જ નહીં, કાયદો, સ્વતંત્રતા સંગ્રામ, સામાજિક અને આર્થિક સુધારા, પ્રાચીન ભારતીય ગ્રંથો, તમિળ અને અંગ્રેજી લેખન, કવિતા અને સંગીત, રાજનીતિ અને શાસનમાં પણ તેમણે યોગદાન આપીને આ ક્ષેત્રોને સમૃદ્ધ બનાવ્યા.

> ***આ પ્રયાસ દર્શાવે છે કે ભારત એવા લોકોનું સન્માન કરવા માંગે છે, જેમણે દેશનું ભવિષ્ય બનાવ્યું છે. આ કોલોનિયલ યુગની માનસિકતાની અસર ખતમ કરવાની દિશામાં એક પગલું છે. રાજાજી એક પ્રખર વિદ્વાન, સ્વાતંત્ર્ય સેનાની, વિચારક અને અમલદાર હતા. તેમનું જીવન સત્યનિષ્ઠા, બુદ્ધિમતા અને રાષ્ટ્ર પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાનું પ્રતીક હતું.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***



માટે ખુલ્લા છે, જે ભારતના લોકતંત્રની પરંપરા અને તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા વિશે જાણવા માંગે છે. રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, પહેલા રાષ્ટ્રપતિ ભવનની ગેલેરીઓમાં ભારતનું શોષણ કરનારા બ્રિટિશ સામ્રાજ્યવાદી અધિકારીઓની તસવીરો હતી. હવે 'પરમવીર દીર્ઘા' નામની ગેલેરી પરમવીર ચક્ર વિજેતાની તસવીરોથી સુશોભિત છે. ભારતની શાસ્ત્રીય ભાષાઓના ગ્રંથો અને પાંડુલિપિઓમાં સંગ્રહિત જ્ઞાનની મહાન પરંપરાને સંરક્ષિત કરવા માટે રાષ્ટ્રપતિ ભવનમાં 'ગ્રંથ કુટિર'ની સ્થાપના કરાઈ છે.

ઉપ રાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને 'રાજાજી ઉત્સવ'માં કહ્યું કે, આ ઉત્સવ ઉજવીને આપણે કોલોનિયલ વારસામાંથી મુક્તિની દિશામાં વધુ એક સીમાચિહ્ન તબક્કો હાંસલ કરી લીધો છે. ભારત હવે કોલોનિયલ પ્રભાવમાંથી મુક્ત થઈ રહ્યું છે. આ કોઈ એકલદોકલ ઘટના નથી, પરંતુ શાસન, કાયદો, શિક્ષણ, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ઓળખની દિશામાં સતત ચાલી રહેલું પરિવર્તન છે. ■



રાષ્ટ્રપતિનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

# રાજસ્થાન વિકાસના નૂતન પથ પર અગ્રેસર

*રાજસ્થાનને વિકાસના પથ પર ઝડપથી આગળ વધવા માટે રસ્તા, વીજળી, પાણી, આરોગ્ય, શિક્ષણ, દરેક ક્ષેત્રમાં મજબૂત કરવામાં આવી રહ્યું છે. કારણ કે જ્યારે રાજસ્થાન વિકસિત થશે, તો જ અહીં દરેક પરિવારનું જીવન સમૃદ્ધ થશે. રાજ્ય અને નાગરિકોના જીવનને સમૃદ્ધિના પથ પર આગળ વધારવાની દિશામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 28 ફેબ્રુઆરીના રોજ રાજસ્થાન અજમેરમાં લગભગ 17,000 કરોડ રૂપિયાની વિકાસ પરિયોજનાઓનો શુભારંભ કરાવ્યો હતો.*


સારા રસ્તાઓ, આધુનિક રેલવે અને હવાઈ સુવિધાઓથી ફક્ત મુસાફરી સરળ બનતી નથી પરંતુ તેનાથી સમગ્ર પ્રદેશનું નસીબ પણ બદલાઈ જાય છે. જ્યારે સારા રસ્તાઓ દરેક ગામ સુધી પહોંચે છે, ત્યારે ખેડૂતો તેમના પાકને વાજબી ભાવે વેચી શકે છે. વેપારીઓ સરળતાથી તેમના માલસામાનને બહાર મોકલી શકે છે. રાજસ્થાનના અજમેરમાં વિકાસ પ્રોજેક્ટ્સનો શુભારંભ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે જ્યારે પ્રવાસીઓ આવે છે, ત્યારે હોટલ અને રેસ્ટોરન્ટનો વિકાસ થાય છે અને કચોરી અને દાળ બાટી વધુ વેચાય છે તે સ્વાભાવિક છે. અહીં રાજસ્થાની કારીગરો દ્વારા બનાવેલી વસ્તુઓ વેચાય છે, ટેક્સીઓ દોડે છે, ગાઈડને કામ મળે છે. એટલે કે એક પ્રવાસી ઘણા પરિવારોની આજીવિકાનું કારણ બની જાય છે. આને ધ્યાનમાં રાખીને સરકાર રાજસ્થાનમાં આધુનિક કનેક્ટિવિટી પર ખૂબ ભાર મૂકી રહી છે.

સરકારે નદીઓને જોડવાનું જે અભિયાન શરૂ કર્યું છે તેમાં સૌથી વધુ ફાયદો રાજસ્થાનને મળશે તે નક્કી છે. સંશોધિત પાર્વતી-કાલીસિંધ-ચંબલ લિંક પ્રોજેક્ટ હોય કે યમુના-રાજસ્થાન લિંક પ્રોજેક્ટ, ડબલ-એન્જિનની સરકાર ખેડૂતોને અનેક સિંચાઈ યોજનાઓનો લાભ મળે તે સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે ઝાલાવાડ, બારા, કોટા અને બુંદી જિલ્લાઓ માટે પાણી માટેના અનેક પ્રોજેક્ટ્સ પર કામ શરૂ થઈ ગયું છે. અમારો પ્રયાસ છે કે રાજસ્થાનમાં ભૂગર્ભજળનું સ્તર વધી જાય. ■

## રાજસ્થાનને પ્રધાનમંત્રી મોદીએ આપી વિકાસ પરિયોજનાઓની અનેક ભેટ

- રાજસ્થાનના અજમેરમાં 16,680 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન.
- આ પ્રોજેક્ટ્સમાં શહેરી વિકાસ, પીવાના પાણીનો પુરવઠો, રસ્તાઓ, સિંચાઈ, ઊર્જા અને ઔદ્યોગિક માળખા સહિત મુખ્ય ક્ષેત્રો આવરી લેવાયા.
- પીએમ મોદીએ રાજસ્થાનમાં સરકારી વિભાગો અને સંગઠનોમાં નવા ભરતી થયેલા યુવાનોને 21,800 થી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કર્યું.

> *"જેમ જેમ રાજસ્થાનમાં કનેક્ટિવિટીનું વિસ્તરણ થઈ રહ્યું છે તેમ તેમ અહીં રોકાણની તકો પણ સતત વધી રહી છે. દિલ્હી-મુંબઈ ઔદ્યોગિક કોરિડોર સાથે ઉદ્યોગો માટે એક જબરદસ્ત માળખાગત સુવિધા બનાવવામાં આવી રહી છે." - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*



ભારત-કેનેડાની ભાગીદારી

# મૂડી અને સામર્થ્યની સંયુક્ત આર્થિક શક્તિ

*ભારત અને કેનેડા જીવંત લોકતંત્ર છે, વિશ્વના અગ્રણી અર્થવ્યવસ્થાઓમાં સામેલ છે. ભારત આજે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા છે. આ પરિવર્તન મજબૂત સ્થાનિક માંગ, યુવા વસ્તી, મોટા પાયે રોકાણ, ડિજિટલ ટેક્નોલોજીની શક્તિ અને ભારતના રિફોર્મ એક્સપ્રેસથી સંભવ થયું છે. મૂડી અને સામર્થ્યની સંયુક્ત શક્તિનો વિસ્તાર કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નીએ 27 ફેબ્રુઆરીથી 2 માર્ચ સુધીની ભારતની તેમની સત્તાવાર મુલાકાત દરમિયાન કર્યો હતો.*

કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નીએ ભારતની મુલાકાત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આમંત્રણ પર લીધી હતી. પ્રધાનમંત્રી બન્યા પછી કાર્નીની આ પહેલી ભારત મુલાકાત હતી અને 2018 પછી કેનેડિયન પ્રધાનમંત્રીની પણ પહેલી ભારત મુલાકાત હતી. મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે અનેક મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને અનેક જાહેરાતો કરવામાં આવી હતી. એક સંયુક્ત નિવેદનમાં બંને દેશોના નેતાઓએ રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 79મી વર્ષગાંઠની ઉજવણી કરતા કેનેડા-ભારત સંબંધોના મહત્વની પુષ્ટી કરી હતી. બંને નેતાઓએ સતત ઉચ્ચ-સ્તરીય વાતચીત જાળવી રાખવાનું સ્વાગત કર્યું અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે સંયુક્ત નિવેદનમાં જે પહેલનો ઉલ્લેખ કરાયો છે તે ભારત-કેનેડા ભાગીદારીને વધુ ગાઢ બનાવશે. પરસ્પર વિશ્વાસ મજબૂત કરશે અને બંને દેશો અને તેમના લોકોને નક્કર, લાંબા ગાળાના લાભો પહોંચાડશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત-કેનેડા સીઈઓ ફોરમને પણ સંબોધિત કર્યું હતું, જ્યાં તેમણે જણાવ્યું હતું કે આપણી ભાગીદારી રાષ્ટ્રીય રાજધાનીઓ સુધી મર્યાદિત ન રહેવી જોઈએ. આપણે તેને રાજ્યો અને પ્રાંતો સુધી વિસ્તારવી જોઈએ. ▪

> ***"ભારત અને કેનેડા લોકશાહી મૂલ્યોમાં અતૂટ વિશ્વાસ રાખે છે. આપણે વિવિધતાની ઉજવણી કરીએ છીએ. માનવતાની સુખાકારી એ આપણો સહિયારો દ્રષ્ટિકોણ છે. આ દ્રષ્ટિકોણ આપણને દરેક ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રેરણા આપે છે."***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

પ્રધાનમંત્રીનું સંયુક્ત વક્તવ્ય જોવા માટે QR કોડ સ્કેન કરો.

## કરાર

- ભારત-કેનેડા વ્યાપક આર્થિક ભાગીદારી કરાર માટે સંદર્ભની શરતો.
- ટેક્નોલોજી અને ઈનોવેશનમાં સહયોગ પર ભારત-કેનેડા-ઓસ્ટ્રેલિયા ત્રિપક્ષીય કરાર.
- પરમાણુ ઊર્જા વિભાગ અને કેનેડાના કૈમેકો વચ્ચે યુરેનિયમની સપ્લાય માટે વાણિજ્યિક કરાર
- ગ્લોબલિંક રિસર્ચ ઈન્ટર્નશિપ માટે એઆઈસીટીઈ અને કેનેડાના મિટૈક્સ વચ્ચે કરાર.
- મહત્વપૂર્ણ ખનિજો પર સહકાર માટે કરાર.
- નવીનીકરણીય ઉર્જાના ઉપયોગને પ્રોત્સાહન આપવા અંગેનો કરાર.
- સાંસ્કૃતિક સહયોગ પર કરાર.

## જાહેરાતો


- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, આરોગ્યસંભાળ, કૃષિ અને ઈનોવેશન જેવા ક્ષેત્રોમાં યુનિવર્સિટીઓ/સંસ્થાઓ વચ્ચે 24 કરાર.
- કેનેડા આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન અને ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સમાં સામેલ થવું. ભારત-કેનેડા સંસદીય મિત્રતા જૂથની સ્થાપના.
- ભારત-કેનેડા સીઈઓ ફોરમનું પુનર્ગઠન.
- ભારત-કેનેડા સંરક્ષણ સંવાદની સ્થાપના.
- યુનિવર્સિટીઝ કેનેડા દ્વારા એક નવી કેનેડા-ભારત સંયુક્ત પ્રતિભા અને નવીનતા રણનીતિનો પ્રારંભ.

# ભારત-ફ્રાન્સ સહયોગમાં એક નવો અધ્યાય

## રણનીતિક વિશ્વાસથી વૈશ્વિક નેતૃત્વ સુધી

***ભારત અને ફ્રાન્સ વચ્ચે દાયકાઓ જૂની વ્યૂહાત્મક ભાગીદારી તાજેતરના વર્ષોમાં નવી ઊંચાઈ પર પહોંચી ગઈ છે. લોકશાહીના મૂલ્યો, બહુધ્રુવીય વિશ્વ વ્યવસ્થાના સમર્થનમાં અને વૈશ્વિક શાંતિ પ્રત્યે પ્રતિબદ્ધતાએ બંને દેશોને સ્વાભાવિક ભાગીદાર બનાવ્યા છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનના ભારતના ચોથા પ્રવાસે આ વિશ્વાસ અને સહયોગને વધુ મજબૂત બનાવ્યો છે. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં સંરક્ષણ, અવકાશ, દરિયાઈ સુરક્ષા, સ્વચ્છ ઉર્જા, ટેકનોલોજી અને શિક્ષણ જેવા મુખ્ય ક્ષેત્રોમાં ઘણા મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે ભારત-ફ્રાન્સ સંબંધોને નવી દિશા અને ગતિ આપશે.***

ભારત અને ફ્રાન્સ વચ્ચે વર્ષ 2047માં રાજદ્વારી સંબંધોના 100 વર્ષ અને રણનીતિક સંબંધોના 50 વર્ષની ઉજવણી કરાશે. બંને દેશો વચ્ચે સંરક્ષણ અને સુરક્ષા સહયોગનો લાંબો અને મજબૂત ઈતિહાસ રહ્યો છે. ફ્રાન્સ ભારતના મુખ્ય સંરક્ષણ ભાગીદારોમાંનો એક છે. નાગરિક પરમાણુ ઊર્જાના ક્ષેત્રમાં પણ સહયોગ સતત મજબૂત બન્યો છે. તાજેતરની મુલાકાતમાં મોટા પરમાણુ ઊર્જા પ્લાન્ટ તેમજ નાના મોડ્યુલ રિએક્ટર અને અદ્યતન મોડ્યુલ રિએક્ટર જેવા નવા અને ઉભરતા ક્ષેત્રોમાં સંભવિત સહયોગ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ઈમેન્યુઅલ મેક્રોન 17 થી 19 ફેબ્રુઆરી દરમિયાન ભારતની મુલાકાતે આવ્યા હતા અને મુંબઈ અને દિલ્હીમાં આયોજિત અનેક મહત્વપૂર્ણ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.



પ્રધાનમંત્રીનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.



## હેલિકોપ્ટર અને જેટ એન્જિનના ક્ષેત્રમાં થયા મહત્વપૂર્ણ કરારો

ભારત અને ફ્રાન્સે રાફેલ-મરીન ફાઈટર જેટ ખરીદવા માટેના કરારનું સ્વાગત કર્યું હતું. તેઓ સંરક્ષણ ઉડ્ડયનમાં ખાસ કરીને 'મેક ઈન ઈન્ડિયા' યોજના હેઠળ ફાઈટર એરક્રાફ્ટ અને તેમના એન્જિનના નિર્માણ ક્ષેત્રમાં તેમની ભાગીદારીને વધુ મજબૂત બનાવવા સંમત થયા હતા. ભારતીય મલ્ટી-રોલ હેલિકોપ્ટર (આઈએમઆરએચ) ના વિકાસ માટે સૈફ્રાન અને એચએએલ વચ્ચે ચાલી રહેલી ભાગીદારીની પણ ચર્ચા કરવામાં આવી હતી. ભારત અને ફ્રાન્સે લીપ એન્જિન માટે જાળવણી, સમારકામ અને ઓવરહોલ (એમઆરઓ) સુવિધાના ઉદ્ઘાટન, રાફેલ વિમાનમાં લગાવવામાં આવેલા એમ-88 એન્જિનો માટે એમઆરઓ સુવિધાની સ્થાપના અને ભારતમાં હેમર મિસાઈલના ઉત્પાદન માટે ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ સાથે સંયુક્ત સાહસનું સ્વાગત કર્યું હતું.

બંને નેતાઓએ સંયુક્ત રીતે એચઆઈ-25 ફાઈનલ એસેમ્બલી લાઈનનું ઉદ્ઘાટન કર્યું. ભારતમાં આ તેના પ્રકારનો પ્રથમ ખાનગી ક્ષેત્રનો હેલિકોપ્ટર ઉત્પાદન પ્લાન્ટ છે. 'મેક ઈન ઈન્ડિયા'ના ક્ષેત્રમાં આ એક ઐતિહાસિક સિદ્ધિ છે, ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ અને એરબસની તાકાતને એક કરીને ભારતના વધતા બજારની જરૂરિયાતોને પૂર્ણ કરશે અને ત્રીજા દેશોમાં નિકાસ કરશે. પ્રધાનમંત્રી મોદીએ ભારતની પિનાકા એમબીઆરએલમાં ફ્રાન્સની વધતી રુચિની પ્રશંસા કરી હતી.

## પ્રધાનમંત્રી મોદીને આમંત્રણ

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને 2026માં ફ્રાન્સ દ્વારા આયોજિત જી-7 સમિટમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું હતુ. તેમણે ભારતને શિખર સંમેલન પહેલાની ચર્ચાઓ અને તૈયારીઓમાં સક્રીય રીતે ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું હતુ. જ્યાં મુખ્ય રીતે વૈશ્વિક આર્થિક અસંતુલનનો સામનો કરવો અને આંતરરાષ્ટ્રીય ભાગીદારી અને એકતા માટે એક નવા પ્રતિમાન પરિભાષિત કરવા જેવા પ્રમુખ મુદ્દાઓ પર ચર્ચાઓ કરાશે.

**"**

***ફ્રાન્સ ભારતના સૌથી જૂના વ્યૂહાત્મક ભાગીદારોમાંનું એક છે અને રાષ્ટ્રપતિ મેક્રોન સાથે મળીને અમે આ વ્યૂહાત્મક ભાગીદારીને અભૂતપૂર્વ ઊંડાણ અને ઊર્જા આપી છે. આ વિશ્વાસ અને સહિયારા દ્રષ્ટિકોણના આધારે આજે આપણે આપણા સંબંધોને એક ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી તરીકે સ્થાપિત કરી રહ્યા છીએ. આ ભાગીદારી ફક્ત વ્યૂહાત્મક નથી. આજના અશાંત યુગમાં તે વૈશ્વિક સ્થિરતા અને વૈશ્વિક પ્રગતિની ભાગીદારી છે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

વિશ્વના બે મોટા ઈનોવેશન કેન્દ્રો (ભારત અને ફ્રાન્સ) એકસાથે આવી રહ્યા છીએ. બંને દેશો વચ્ચેનો સંબંધ ઈનોવેશનની સાથે સાથે સહિયારા મૂલ્યોનો છે, આ વિચાર સાથે બંને પક્ષોએ 2026ને ભારત-ફ્રાન્સ યર ઓફ ઈનોવેશનના રૂપમાં ઉજવવાનો નિર્ણય કર્યો છે. આ વર્ષે ભારત અને ફ્રાન્સમાં ઈનોવેશન, વિજ્ઞાન અને ટેકનોલોજી, સાયબર સ્પેસ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સ્વાસ્થ્ય સેવા, સતત વિકાસ, સાંસ્કૃતિક, સર્જનાત્મક અર્થતંત્ર અને સંશોધન અને શિક્ષણ જેવા વિવિધ ક્ષેત્રોમાં અનેક પ્રભાવશાળી સહયોગ કાર્યક્રમોનું આયોજન કરશે. આ કાર્યક્રમોનો ઉદ્દેશ્ય સ્ટાર્ટઅપ્સ, શૈક્ષણિક સંસ્થાઓ, સંશોધન સંસ્થાઓ અને ઉદ્યોગ વચ્ચેના હાલના સહયોગને સમૃદ્ધ બનાવવાનો છે, સાથે સાથે નવી તકો પણ ઉભી કરવાનો છે.

પ્રધાનમંત્રી મોદીએ એક સંયુક્ત નિવેદનમાં કહ્યું હતું કે સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોગ્રામથી એક દાયકામાં જ ભારત દુનિયાની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બની ગયું છે. 2014માં ભારતમાં જ્યાં ફક્ત ચાર યુનિકોર્ન હતા, આજે ભારતમાં 120થી વધુ યુનિકોર્ન છે, જેનું કુલ મૂલ્ય 350 બિલિયન ડોલરથી વધુ છે. આજે વિશ્વની લગભગ દરેક મોટી ટેકનોલોજી કંપની કોઈને કોઈ રીતે ભારતીય સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન સાથે જોડાયેલી છે. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે ભારતની ગતિ અને સ્કેલ સાથે ફ્રાન્સની શક્તિ જોડાઈ જાય છે તો દુનિયા માટે નવા માર્ગો ખુલે છે. બંને દેશોના શ્રેષ્ઠ દિમાગ એક સાથે આવ્યા છે. બંને દેશો ખુલ્લા હાથે એકબીજાની પ્રતિભાનું સ્વાગત કરી રહ્યા છે. ફ્રાન્સે 2030 સુધીમાં 30,000 ભારતીય વિદ્યાર્થીઓનું સ્વાગત કરવાનું લક્ષ્ય રાખ્યું છે. યુવા ઊર્જા અને યુવા મનને જોડવાનો આ એક નોંધપાત્ર પ્રયાસ છે. ■



# રણનીતિથી ઈનોવેશન સુધી

## ભારત-ઈઝરાયલ સંબંધ બન્યા વધુ મજબૂત

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઈઝરાયલ મુલાકાત ભારતની વિદેશ નીતિના ઈતિહાસમાં એક મહત્વનો વળાંક સાબિત થઈ રહી છે. આ મુલાકાતે સ્પષ્ટ કરી દીધું છે કે ભારત પોતાની સ્વતંત્ર અને સંતુલિત કૂટનીતિ દ્વારા રાષ્ટ્રીય હિતોને સર્વોપરી રાખીને વૈશ્વિક ભાગીદારી મજબૂત કરવા માટે કટિબદ્ધ છે. સંરક્ષણ, કૃષિ, જળ વ્યવસ્થાપન, ઈનોવેશન અને ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં સહયોગને નવી ગતિ મળી છે અને ભારત-ઈઝરાયલ સંબંધો હવે એક નવા વ્યૂહાત્મક યુગમાં પ્રવેશ્યા છે.*

ભારત સરકારે ભલે વર્ષ 1950માં ઈઝરાયલને ઔપચારિક માન્યતા આપી હોય, પરંતુ બંને દેશના સંબંધો બે હજાર વર્ષથી પણ વધુ જૂના છે. 'બુક ઓફ એસ્ટર'માં ભારતનો ઉલ્લેખ 'હોદૂ' તરીકે મળે છે અને પ્રાચીન સમયમાં 'તાલમુદ'માં પણ ભારત સાથેના વેપારનું વિવરણ નોંધાયેલું છે. હવે ભારત-ઈઝરાયલ સંબંધોને છેલ્લા એક દાયકામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી ઊંચાઈએ પહોંચાડ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વર્ષ 2006માં, ત્યારબાદ પ્રધાનમંત્રી બન્યા પછી પહેલીવાર વર્ષ 2017માં અને હવે 25 તેમજ 26 ફેબ્રુઆરી 2026માં ફરી એકવાર પ્રધાનમંત્રી મોદીના ઈઝરાયલ પ્રવાસે બંને દેશના સંબંધ નવા શિખરે પહોંચાડ્યા છે. પ્રધાનમંત્રી

> **"પશ્ચિમ એશિયામાં શાંતિ અને સ્થિરતા સાથે ભારતના સુરક્ષા હિતો સીધી રીતે જોડાયેલા છે. તેથી જ અમે શરૂઆતથી જ સંવાદ અને શાંતિપૂર્ણ સમાધાનનું સમર્થન કર્યું છે. આ જ 'ગ્લોબલ સાઉથ' અને સમગ્ર માનવતાનો અવાજ છે."**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## બંને દેશ વચ્ચે મુખ્ય જાહેરાત

- સંબંધોને નવી વ્યૂહાત્મક ભાગીદારીના સ્તર પર લઈ જવા.
- વિજ્ઞાન અને ટેકનોલોજીની સંયુક્ત સમિતિ (જેસીએમ) ને મંત્રી સ્તરે અપગ્રેડ કરવી.
- રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોના નેતૃત્વમાં મહત્વની અને ઉભરતી ટેકનોલોજીમાં સહયોગની પહેલ.
- નાણાકીય સંવાદ (ફાઈનાન્સિયલ ડાયલોગ).
- ટેક-ગેટવે પહેલ.
- કૃષિ સંશોધનમાં 20 સંયુક્ત ફેલોશિપ.
- સંયુક્ત સંશોધન માટે બંને પક્ષોના યોગદાનમાં વધારો.
- આગામી 5 વર્ષોમાં 50,000 ભારતીય શ્રમિકો સુધીનો ક્વોટા.
- ભારત-ઈઝરાયલ શૈક્ષણિક સહયોગ મંચ.
- ભારત-ઈઝરાયલ સંસદીય મૈત્રી સમૂહ.



## સમજૂતી અને કરારો

- ભૂ-સર્વેક્ષણ અને સંશોધન ક્ષેત્રે સહકાર.
- રાષ્ટ્રીય દરિયાઈ વારસા પરિસરના વિકાસ માટે સહયોગ.
- વર્ષ 2026-2029ના સમયગાળા માટે સાંસ્કૃતિક આદાન-પ્રદાન કાર્યક્રમ.
- યુપીઆઈના અમલીકરણ પર એનપીસીઆઈ ઈન્ટરનેશનલ અને એમએએસવી વચ્ચે સમજૂતી.
- કૃષિ માટે ભારત-ઈઝરાયલ ઈનોવેશન સેન્ટર (IIAICE) ની સ્થાપના માટે સમજૂતી.
- હોરાઈઝન સ્કેનિંગના ક્ષેત્રમાં સહયોગ.
- મત્સ્યઉદ્યોગ અને જળચરઉછેર.
- ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર ઓથોરિટી અને ઈઝરાયલ સિક્યુરિટી ઓથોરિટી વચ્ચે સહયોગ.
- વાણિજ્ય અને સેવા ક્ષેત્રમાં લેબર મોબિલિટીના અમલીકરણ પર પ્રોટોકોલ.
- મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે લેબર મોબિલિટીના અમલીકરણ પર પ્રોટોકોલ.
- રેસ્ટોરન્ટ ક્ષેત્રમાં લેબર મોબિલિટીના અમલીકરણ પર પ્રોટોકોલ.
- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ દ્વારા શિક્ષણના પ્રોત્સાહનમાં સહયોગ.
- ઈઝરાયલી ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમર્શિયલ આર્બિટ્રેશન અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ આર્બિટ્રેશન વચ્ચે સહયોગ.
- ચોથો ભારત-ઈઝરાયલ સીઈઓ ફોરમનો રિપોર્ટ રજૂ.
- નાલંદા યુનિવર્સિટી અને જેરુસલેમની હિબ્રુ યુનિવર્સિટી (એચયુજીઆઈ) વચ્ચે સમજૂતી.
- ભારતમાં ભારત-ઈઝરાયલ સાયબર સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના.
- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં સહકાર અંગે સમજૂતી.

નરેન્દ્ર મોદી નવ વર્ષ પહેલા ઈઝરાયલની મુલાકાત લેનારા પહેલા ભારતીય પ્રધાનમંત્રી બન્યા હતા.

આ મુલાકાત દરમિયાન ઈઝરાયલની 'નેસેટ'ને સંબોધિત કરનારા પહેલા ભારતીય PM તરીકે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બન્યા. પ્રધાનમંત્રી મોદી, ભારતના સન્માનમાં નેસેટને ભારતીય રંગોથી સજાવાઈ હતી. નેસેટમાં કરાયેલું સંબોધન પ્રધાનમંત્રી મોદીની એક વાતથી ખાસ બની ગયું. તેમણે કહ્યું કે મારો જન્મ તે જ દિવસે એટલે કે 17 સપ્ટેમ્બર, 1950ના રોજ થયો હતો, જે દિવસે ભારતે ઈઝરાયલને સત્તાવાર માન્યતા આપી હતી. પ્રધાનમંત્રી મોદીએ આતંકી હુમલામાં જીવ ગુમાવનારા લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી અને કહ્યું કે ભારત તમારા દર્દને અનુભવે છે, તેથી તમારા દુઃખમાં સામેલ છે. ભારત આ સમયે અને આગળ પણ ઈઝરાયેલ સાથે મજબૂતીથી ઊભું છે.

કોઈ પણ કારણ નિર્દોષ નાગરિકોની હત્યાને યોગ્ય ઠેરવી ન શકે. આતંકવાદને ક્યારેય પણ કોઈ પણ સ્થિતિમાં ન્યાયી ગણાવી શકાય નહીં. ભારતે લાંબા સમય સુધી આતંકવાદની પીડા સહન કરી છે. 26/11 ના મુંબઈ હુમલા પણ યાદ છે, જેમાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ હુમલામાં માર્યા ગયેલા લોકોમાં ઈઝરાયના નાગરિકો પણ સામેલ હતા. ઈઝરાયેલની જેમ જ, આતંકવાદ પ્રત્યે ભારતની નીતિ પણ કોઈપણ બેવડા

## ટેક એક્ઝિબિશનની મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિવિધ ક્ષેત્રોમાં ઈઝરાયલના ઈનોવેશનને પ્રદર્શિત કરતી એક પ્રદર્શનની મુલાકાત લીધી હતી. તેમાં કૃષિ, જળ, ક્લાઈમેટ ચેન્જ, આરોગ્ય, જૈવ, સ્માર્ટ મોબિલિટી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સાયબર સુરક્ષા અને ક્વોન્ટમ ટેકનોલોજીમાં નિપુણતા ધરાવતી અગ્રણી કંપનીઓ તેમજ તેને સંલગ્ન સંસ્થાઓનો સંશોધનોનો સમાવેશ કરાયો હતો.





## 'સ્પીકર ઓફ ધ નેસેટ મેડલ'થી સન્માનિત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને 'સ્પીકર ઓફ ધ નેસેટ મેડલ'થી સન્માનિત કરાયા હતા. ઈઝરાયલની સંસદ 'નેસેટ' એ ભારત-ઈઝરાયલના વ્યૂહાત્મક સંબંધોને મજબૂત કરવામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના યોગદાનને ધ્યાનમાં રાખીને આ સન્માન આપ્યું હતું. પ્રધાનમંત્રી મોદી આ સન્માન મેળવનારા પ્રથમ ભારતીય PM છે. આ નેસેટનું સર્વોચ્ચ સન્માન ગણાય છે. પ્રધાનમંત્રી મોદીએ આ સન્માન 140 કરોડ ભારતીયો અને ભારત-ઈઝરાયલ મિત્રતાને સમર્પિત કર્યું હતું.

પ્રધાનમંત્રીના પૂરા કાર્યક્રમને જોવા માટે QR કોડ સ્કેન કરો

## બંને દેશોના સંયુક્ત નિવેદનમાં આ વિષયો પર રહ્યું ફોકસ

પ્રધાનમંત્રી મોદીની ઈઝરાયલ મુલાકાત દરમિયાન બંને દેશ વચ્ચેની બેઠક બાદ સંયુક્ત નિવેદન અપાયું હતું. તેમાં પરસ્પર વાતચીતના જે વિષયો પર મુખ્ય ધ્યાન અપાયું હતું, તેમાં શાંતિ, ઈનોવેશન અને સમૃદ્ધિ માટે વિશેષ વ્યૂહાત્મક ભાગીદારી, ભવિષ્યમાં સાથ અને સુરક્ષા, ટેકનોલોજી અને ઈનોવેશન, સાયબર સુરક્ષા, વેપાર, રોકાણ અને કનેક્ટિવિટી, ખેતી, પાણી અને પર્યાવરણની સુરક્ષા, આતંકનો સામનો, શાંતિને પ્રોત્સાહન, સંસદીય સહયોગ, લોકો વચ્ચે સહયોગ, આરોગ્ય તેમજ શિક્ષણ-ભવિષ્યને સુરક્ષિત કરવું વગેરે સામેલ હતું.

માપદંડ વગર, સતત અને આતંકવાદને જરાય સહન ન કરવાની રહી છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા મંજૂર કરાયેલી ગાઝા શાંતિ પહેલ, એક રસ્તો બતાવે છે. આ પહેલ પ્રત્યે ભારતે મક્કમ સમર્થન જાહેર કર્યું છે. વિશ્વાસ છે કે આ પહેલ પેલેસ્ટાઈન મુદ્દાના ઉકેલ સહિત ક્ષેત્રના તમામ લોકો માટે ન્યાયપૂર્ણ અને સ્થાયી શાંતિની ખાતરી આપે છે.

### દ્વિપક્ષીય વેપારમાં અનેકગણો વધારો

તાજેતરના વર્ષોમાં ભારત-ઈઝરાયલ વચ્ચે દ્વિપક્ષીય વેપારમાં અનેકગણો વધારો થયો છે. આ જ કારણ છે કે બંને દેશોની ટીમ એક મહત્વાકાંક્ષી મુક્ત વેપાર કરાર (ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટ)ની દિશામાં સખત મહેનત કરી રહી છે. ભારત-પશ્ચિમ એશિયા-યુરોપ આર્થિક કોરિડોર તથા ભારત, ઈઝરાયલ, યુએઈ અને અમેરિકા વચ્ચે I2U2 ફ્રેમવર્ક સહિત વિવિધ માળખામાં પણ નજીકથી કામ કરશે. સટીક સિંચાઈ અને જળ વ્યવસ્થાપનમાં ઈઝરાયલની ટેકનિકે ભારતની ખેતી પદ્ધતિને બદલી નાખી છે. ભારતમાં 43 ઉત્કૃષ્ટતા કેન્દ્રો (સેન્ટર્સ ફોર એક્સલન્સ) સ્થાપિત કરાયા છે, જેમાં 5 લાખથી વધુ ખેડૂતોને તાલીમ મળી છે. હવે આ કેન્દ્રોની સંખ્યા 100 સુધી વધારવાનું લક્ષ્ય છે જેથી લાખો ખેડૂતો અને માછીમારોને લાભ મળી શકે. ▪

X



PMO India
@PMOIndia

पिछले एक दशक में infrastructure पर हमारा बहुत focus रहा है।
हमने सोच-समझकर ये फैसला किया कि भारत का विकास... Highways, Railways, Ports, Digital Network, Power Systems जैसे ठोस Assets को तैयार करके ही होगा।
ये आने वाले कई दशकों तक Productivity पैदा करेंगे।
इसी वजह से Public Capital Expenditure लगातार बढ़ाया जा रहा है: PM @narendramodi



Rajnath Singh
@rajnathsingh

प्रधानमंत्री श्री @narendramodi की अध्यक्षता में हुई केंद्रीय कैबिनेट की बैठक में कच्चे जूट की MSP को ढ़ाई गुना बढ़ाकर ₹5,925 प्रति क्विंटल करने का निर्णय लिया गया है। यह निर्णय जूट किसानों की आमदनी में वृद्धि करेगा और किसानों के आर्थिक सशक्तिकरण को बढ़ावा देगा।



Amit Shah
@AmitShah

अतिक्रमण से, घुसपैठ से होने वाला डेमोग्राफी बदलाव किसी भी देश की संस्कृति, इतिहास और भूगोल, तीनों के लिए बहुत खतरनाक होता है। मोदी सरकार इसका स्थायी समाधान करेगी।



Nitin Gadkari @nitin_gadkari

Union Cabinet Committee on Economic Affairs, chaired by Prime Minister Shri @narendramodi Ji, has approved the Minimum Support Price (MSP) for Raw Jute for the Marketing Season 2026-27.



Ashwini Vaishnaw
@AshwiniVaishnaw

Global AI leaders uniting at the AI Impact Summit, to discuss and bring out AI's real impact on society.

Shaping AI for humanity: responsibly, inclusively, and at scale.



Kiren Rijiju
@KirenRijiju

हमारी कार्य-संस्कृति है कि जिस काम का शिलान्यास किया जाए, उसे पूरा करने के लिए दिन-रात एक कर दिया जाए।
इसलिए, अब परियोजनाएं पहले की तरह लटकती, भटकती नहीं हैं।
नमो भारत या मेट्रो सेवा, दोनों का शिलान्यास करने का अवसर आप सब ने मुझे दिया था, और आज मुझे ही इनके लोकार्पण का भी सौभाग्य मिला है: माननीय प्रधानमंत्री श्री @narendramodi जी



दिल्ली से मेरठ अब 55 मिनट में

सर्वाइकल कैंसर से जंग का आगाज

प्रधानमंत्री मोदी ने शुरू किया देशव्यापी एचपीवी टीकाकरण अभियान

कांग्रेस को कभी माफ नहीं करेगा देश : मोदी

'पीएम सूर्य घर' से 30 लाख घर हुए रोशन, ऊर्जा क्रांति की ओर बढ़ता भारत

भारत के पास अद्भुत क्षमताएं...एआई के इस्तेमाल पर दुनिया को दिखाई दिशा : मोदी

प्रधानमंत्री ने साणंद में सेमीकंडक्टर संयंत्र का उद्घाटन किया, कहा

भारत अब सक्षम है, प्रतिस्पर्धी और प्रतिबद्ध है

भारत और इस्राइल विशेष रणनीतिक साझेदार, मुक्त व्यापार समझौता जल्द

पीएम मोदी ने 2 राज्यों को दी करोड़ों की सौगात, परियोजनाओं का किया उद्घाटन-शिलान्यास

कनेक्टिविटी में आएगी क्रांति, अर्थव्यवस्था को बढ़ावा मिलेगा, रोजगार बढ़ेंगे और लोगों का जीवन बदलेगा

नेतन्याहू संग टेक, मिडिल ईस्ट के ताजा हालात पर चर्चा की: मोदी

**શહીદ દિવસ : 23 માર્ચ**



**ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને કૃતજ્ઞ રાષ્ટ્રનું નમન**

# ‘રાષ્ટ્રહિત સર્વોપરી’

# ના અખંડ પ્રેરણાસ્ત્રોત

માતૃભૂમિ માટે પોતાનું સર્વોચ્ચ બલિદાન આપનાર શહીદ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવે પોતાના જીવનથી સાબિત કર્યું કે રાષ્ટ્રપ્રેમ કરતાં મહાન કોઈ કર્તવ્ય નથી. 23 માર્ચ 1931ના રોજ અંગ્રેજોએ આ ત્રણ બહાદુર સ્વાતંત્ર્ય સેનાનીઓને ફાંસી આપી હતી. તેમના અવિસ્મરણીય બલિદાનને નમન કરવા માટે દર વર્ષે 23 માર્ચે શહીદ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. તેમના શૌર્ય અને તેજસ્વી વિચારો દ્વારા યુવાઓમાં દેશભક્તિનો સંચાર થયો અને રાષ્ટ્રવ્યાપી સ્વાતંત્ર્ય આંદોલનની જ્યોત પ્રગટાઈ. ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુનું બલિદાન યુગો સુધી દેશવાસીઓને ‘રાષ્ટ્રહિત સર્વોપરી’ની પ્રેરણા આપતું રહેશે.

> **દેશ - ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવના સર્વોચ્ચ બલિદાનને નમન કરે છે. સ્વાતંત્ર્ય અને ન્યાય માટે તેમનો નિડર પ્રયાસ આપણા સૌને પ્રેરિત કરે છે. - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



ન્યૂ ઈન્ડિયા
**સમાચાર**
પાક્ષિક

**આર.એન.આઈ. DELHIN/2020/78812, 16-31 માર્ચ, 2026**

આરએનઆઈ DELHIN/2020/78812 (પ્રકાશન તારીખ- 19 ફેબ્રુઆરી 2026, કુલ પૃષ્ઠ-60)

મુખ્ય સંપાદક
ધિરેન્દ્ર ઓઝા, મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

પ્રકાશક
કંચન પ્રસાદ
મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યુરો

રૂમ નંબર-278, કેન્દ્રીય સંચાર બ્યુરો,
સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-
110003 થી પ્રકાશિત